દ્રષ્ટિકોણ જનવાણી

PRIGI.NO. GJGUJ/26/A2124

DRASTIKONE JANVANI (GUJARATI DAILY)

શુક્રવાર

તા.૨૭/૧૧/૨૦૨૬

Year- 01 | Issue-238 | Editor - Gajera Divya | Date: 27 November-2026 Friday | Page- 8 | Rs. 2-00 | E-mail : drashtikonjanvani09@gmail.com | Mo. 96876 77873



ઇજિપ્તમાં ઓઇલ ટેન્કર પલટાતાં ભીષણ આગ, ૩૧ લોકોનાં મોત

કૈરો, તા.૨૬

મિસ્રની રાજધાની કૈરો (કાહિરા)માં બુધવારે મુખ્ય હાઈવે પર ઓઈલ ટેન્કર પલટી જતાં ભીષણ આગ લાગવાની ઘટના બની છે. આ આગના કારણે આસપાસનાં ઘણાં વાહનો તેની ચપેટમાં આવી ગયાં અને ભારે તબાહીનાં દૃશ્યો સર્જાયાં હતાં. આ દુર્ઘટનામાં ૩૧ લોકોનાં મોત થયાં હોવાના અહેવાલ છે, જ્યારે ૨૧ જેટલા લોકો ઈજાગ્રસ્ત થયા છે.સ્વાસ્થ્ય મંત્રાલયના અધિકારીઓના જણાવ્યા પ્રમાણે, રાજધાની કૈરોને ચારે તરફથી જોડતા મુખ્ય રિંગરોડ પર લાગેલી આ આગમાં ૨૪થી વધુ કાર અને ટુ-વ્હીલર બળીને ખાક થઈ ગયાં હતાં. આ દુર્ઘટના ગ્રેટર કૈરોના ગીઝા પ્રાંતના ગીચ વસ્તી ધરાવતા વર્રાક વિસ્તારના હાઈવે પર સર્જાઈ હતી.

કૈરોના ગીચ વસ્તીવાળા હાઈવે પર ટેન્કરમાં આગ લાગતાં ૨૪થી વધુ વાહનો બળીને ખાક, ઘટનાસ્થળે બચાવ કાર્યમાં જોડાયેલા કર્મીઓએ કારમાંથી લોકોને સુરક્ષિત રીતે બહાર કાઢ્યા

ઘટનાસ્થળે બચાવ અને રાહતકાર્યમાં જોડાયેલા કર્મીઓએ કારમાંથી લોકોને સુરક્ષિત રીતે બહાર કાઢ્યા હતા. ભારે જહેમત બાદ સ્થાનિક ફાયર વિભાગે આગ પર કાબૂ મેળવ્યો હતો. મિસ્રના પ્રમુખે આ દુર્ઘટના અંગે શોક વ્યક્ત કરી પીડિત પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે.સ્વાસ્થ્ય મંત્રીએ જણાવ્યું કે, ઈજાગ્રસ્તોને સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. દુર્ઘટનામાં મૃત્યુ પામેલા લોકોની ઓળખ માટે DNA ટેસ્ટ સહિતની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આ દુર્ઘટના એટલી ભયાનક હતી કે મૃત્યુઆંક હજુ વધવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

નોંધનીય છે કે, મિસ્રમાં દર વર્ષે માર્ગ દુર્ઘટનાઓમાં હજારો લોકોનાં મૃત્યુ થાય છે અને દેશનો માર્ગ સલામતીનો રેકોર્ડ ઘણો નબળો છે. આ દુર્ઘટનાઓ વધવા પાછળ પૂરઝડપે વાહન ચલાવવું, ખરાબ રસ્તાઓ અને ટ્રાફિકના નિયમોનો કડક અમલ ન થવો જેવાં કારણો જવાબદાર છે.આ જ વર્ષે જાન્યુઆરીમાં મિસ્રના બેની સુએફ નજીક થયેલા એક માર્ગ અકસ્માતમાં ઘણાં વાહનો વચ્ચેની ટક્કરમાં ૨૧ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો હતો.ઈજિપ્તે તેની જૂની, સાંકડી શેરીઓમાં આવી અનેક જીવલેણ આગની ઘટનાઓ જોઈ છે.

ફાયર એસ્કેપ, સ્મોક ડિટેક્ટર અને ફાયર એલાર્મ જેવા સલામતી માળખાનો ગંભીર અભાવ છે. ઘણા વિસ્તારોમાં, શેરીઓ સાંકડી હોવાથી ફાયર એન્જિનો માટે ઘટનાસ્થળે પહોંચવું ખૂબ મુશ્કેલ બને છે. અહીં માર્ગઅકસ્માતો પણ ખૂબ સામાન્ય છે; ઈજિપ્તની એક સરકારી એજન્સી અનુસાર, ગયા વર્ષે દેશભરમાં માર્ગ અકસ્માતોમાં આશરે ૬,૦૦૦ લોકો મૃત્યુ પામ્યા હતા.

ભારત અને અમેરિકા વચ્ચે વેપાર ટેરિફને લઈને તણાવ

અમેરિકાએ ભારતીય ઉત્પાદનો પર ૨૫ ટકા સુધી આયાત શુલ્ક લાદવાનો પ્રસ્તાવ મૂક્યા બાદ ભારતીય વેપારીઓમાં ચિંતા વધી છે

નવી દિલ્હી,તા.૨૬

ભારત અને અમેરિકા વચ્ચે વેપાર ટેરિફને લઈને તણાવ વધતો જોવા મળી રહ્યો છે. અમેરિકાએ ભારતીય ઉત્પાદનો પર ૨૫ ટકા સુધી આયાત શુલ્ક લાદવાનો પ્રસ્તાવ મૂક્યા બાદ ભારતીય વેપારીઓમાં ચિંતા વધી છે. આ સ્થિતિમાં વેપારીઓના સંગઠન ચેમ્બર ઓફ ટ્રેડિંગ ઈન્ડસ્ટ્રી (CTI)એ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને અમેરિકન ઉત્પાદનો પર પણ ૨૫ ટકા જવાબી ટેરિફ લગાવવાની અપીલ કરી છે.

અમેરિકાના પ્રસ્તાવિત ટેરિફની અસર ભારતના આશરે ૪૮ અબજ અમેરિકન ડૉલરના નિકાસ વેપાર પર પડી શકે છે. એટલું જ નહીં, અંદાજે ૫ લાખ નોકરીઓ જોખમમાં મુકાઈ શકે છે.

ચેરમેને જણાવ્યું કે ટેરિફ વધવાથી ભારતીય ઉત્પાદનો અમેરિકાના બજારમાં મોંઘા થઈ જશે. પરિણામે અમેરિકન ખરીદદારો ભારતના બદલે અન્ય દેશોમાંથી માલ ખરીદવાનું પસંદ કરી શકે છે.

વેપારીઓના મતે ફાર્માસ્યુટિકલ્સ, ઇલેક્ટ્રોનિક્સ, સીફૂડ, જેમ્સ એન્ડ જ્વેલરી, ચામડાં, ધાતુઓ અને ઓટો કમ્પોનન્ટ્સ જેવા ક્ષેત્રો પર અસર થવાની શક્યતા છે. ખાસ કરીને અમેરિકામાં નિકાસ કરતા નાના અને મધ્યમ ઉદ્યોગો માટે મુશ્કેલી વધી શકે છે.

અમેરિકાએ ભારત સાથે વેપાર કરાર નહીં થાય તો ભારતીય ઉત્પાદનો પર ૨૫ ટકા ટેરિફ લાદવાનો પ્રસ્તાવ મૂક્યો છે. અમેરિકાના વેપાર પ્રતિનિધિ કાર્યાલય (USTR)એ ભારતીય બજારમાં પ્રવેશના અવરોધો અને ઔદ્યોગિક નીતિઓ અંગે ચિંતા વ્યક્ત કરી છે.

અમેરિકાની આ નીતિ માત્ર નિકાસકારો માટે જ નહીં, પરંતુ રોજગાર અને ભારતીય ઉદ્યોગો માટે પણ મહત્વપૂર્ણ બની શકે છે. હવે વેપારીઓની ૨૫ ટકા જવાબી ટેરિફની માંગ પર કેન્દ્ર સરકાર શું નિર્ણય લે છે તેના પર સૌની નજર છે.

ભારત-અમેરિકા વચ્ચેની વેપાર મંત્રણા આગામી સમયમાં બંને દેશોના આર્થિક સંબંધોની દિશા નક્કી કરી શકે છે.

ચિલ્ડ્રન્સ કેમ્પ પર પ્રતિબંધને લઈને ઉત્તર કોરિયાએ કાર્યવાહીને 'ખુલ્લી દુશ્મની' ગણાવી

પ્યોંગયાંગ,તા.૨૬

ઉત્તર કોરિયા અને સ્વિટ્ઝર્લેન્ડ વચ્ચેના રાજદ્વારી સંબંધોમાં અચાનક તણાવ ઊભો થયો છે. ઉત્તર કોરિયાએ પ્યોંગયાંગ સ્થિત સ્વિટ્ઝર્લેન્ડની સહયોગ કચેરી બંધ કરવાનો આદેશ આપ્યો છે અને તેના રાજદ્વારી પ્રતિનિધિને ૪૮ કલાકની અંદર દેશ છોડવા જણાવ્યું છે. ઉત્તર કોરિયાના આ નિર્ણયનું મુખ્ય કારણ સ્વિટ્ઝર્લેન્ડ દ્વારા ઉત્તર કોરિયાના એક ચિલ્ડ્રન્સ કેમ્પ પર લગાવવામાં આવેલા પ્રતિબંધને માનવામાં આવે છે.

સ્વિટ્ઝર્લેન્ડે વોન્સનમાં આવેલા 'સોંગડોવોન ઇન્ટરનેશનલ ચિલ્ડ્રન્સ કેમ્પ'ને પ્રતિબંધોની યાદીમાં સામેલ કર્યો છે. સ્વિસ અધિકારીઓનો આરોપ છે કે રશિયાના કબજા હેઠળના યુક્રેનિયન વિસ્તારોમાંથી બાળકોને ઉત્તર કોરિયા લાવવા માટે આ કેમ્પનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

બંને દેશોએ ૧૯૭૪માં રાજદ્વારી સંબંધો સ્થાપ્યા હતા સ્વિટ્ઝર્લેન્ડે ઉત્તર કોરિયા સાથે માનવીય અને સહયોગ સંબંધિત સંપર્ક જાળવી રાખ્યો છે

રશિયા-યુક્રેન યુદ્ધ સાથે જોડાયેલા આ મુદ્દે યુરોપિયન યુનિયન અને બ્રિટન પણ અગાઉ પ્રતિબંધાત્મક પગલાં લઈ ચૂક્યા છે. જોકે, ઉત્તર કોરિયાએ આ આરોપોને નકારી કાઢ્યા છે.

ઉત્તર કોરિયાના વિદેશ મંત્રાલયે પ્યોંગયાંગમાં સ્વિસ કચેરીના પ્રમુખ સિલ્વેન એસ્ટિયરને બોલાવીને સત્તાવાર મેમો સોંપ્યો હતો. તેમાં કચેરી બંધ કરવા અને ૪૮ કલાકમાં દેશ છોડવાનો આદેશ આપવામાં આવ્યો હતો.ઉત્તર કોરિયાએ સ્વિસ પ્રતિનિધિને 'પર્સોના નોન ગ્રાટા' જાહેર કર્યા છે. તેનો અર્થ છે કે યજમાન દેશ હવે સંબંધિત રાજદ્વારીને પોતાના દેશમાં સ્વીકારવા તૈયાર નથી. ઉત્તર કોરિયાની સરકારી સમાચાર એજન્સીએ સ્વિટ્ઝર્લેન્ડના નિર્ણયને પોતાની સાર્વભૌમત્વ અને નાગરિકોના હિતો વિરુદ્ધનું પગલું ગણાવ્યું છે.

મોદીની તસવીર રાખી વગાડી મોદી ચાલીસા, ચૂંટણીમાં ગેરરીતિના આરોપ

નવી દિલ્હી, તા.૨૬

કોકરોચ જનતા પાર્ટી (CJP) ગુરુવારે નાગપુરમાં સેવ ડેમોક્રસી, સેવ કોન્સ્ટિટ્યુશન કાર્યક્રમ યોજશે. આ પ્રદર્શન અને જનસભા સાંજે ૪ વાગ્યે બંધારણ ચોક ખાતે યોજાશે.આ પહેલાં CJPના સ્થાપક અભિજીત દીપકેએ પ્રેસ કોન્ફરન્સમાં ચૂંટણીમાં ગોટાળાનો આરોપ લગાવ્યો. સાથે જ તેમણે કહ્યું કે સોશિયલ મીડિયા પર પીએમ મોદીને લગતી સામગ્રીને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે, જ્યારે અન્ય રાજકીય પોસ્ટને દબાવવામાં આવી રહી છે.

દીપકેએ દાવો કર્યો કે જાન્યુઆરીથી જૂન વચ્ચે ઇન્સ્ટાગ્રામ પરથી ૫૦ લાખથી વધુ પોસ્ટ દૂર કરવામાં આવી. વિરોધ નોંધાવવા માટે તેમણે પ્રેસ કોન્ફરન્સમાં પીએમ મોદીની તસવીર લગાવી અને મોદી ચાલીસા પણ વગાડ્યા.CJPના સ્થાપક અભિજિત દીપકેએ ચૂંટણી પ્રક્રિયા અને ચૂંટણી પંચની ભૂમિકા પર સવાલો ઉઠાવ્યા. તેમણે આરોપ લગાવ્યો કે ચૂંટણીઓમાં ગેરરીતિઓ થઈ રહી છે અને ચૂંટણીઓ માત્ર ઔપચારિકતા બનીને રહી ગઈ છે.તેમણે કહ્યું કે દેશ બંધારણ અને ડૉ. ભીમરાવ આંબેડકરના વિચારો અનુસાર ચાલવો જોઈએ. દીપકેના જણાવ્યા અનુસાર, CJP કોઈ રાજકીય પક્ષનું સમર્થન કરતી નથી અને ન તો પક્ષ બનાવવાની યોજના ધરાવે છે. સંગઠન રોજગાર, શિક્ષણ, આરોગ્ય અને પાયાની સુવિધાઓ મુદ્દાઓને પ્રાથમિકતા આપવા માંગે છે.

CJPના સ્થાપક અભિજીત દીપકેએ ચૂંટણી પંચની ભૂમિકા પર ઉઠાવ્યા સવાલ, વિદર્ભ અને મરાઠવાડામાં જનસંપર્ક અભિયાન ચલાવશે સંગઠન

અમરનાથ યાત્રા માર્ગ પહોળો કરવાના મુદ્દે વિવાદ

જમ્મુ,તા.૨૬

જમ્મુ-કાશ્મીરમાં અમરનાથ યાત્રાના પરંપરાગત માર્ગને પહોળો કરવાના કામને લઈને રાજકીય અને પર્યાવરણીય વિવાદ ઊભો થયો છે. પહલગામથી અમરનાથ ગુફા તરફ જતા માર્ગ પર આવેલા શેષનાગ તળાવ નજીક JCB મશીનથી ખોદકામ થતો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં આ મુદ્દો ચર્ચામાં આવ્યો છે. PDPએ આ કામગીરી સામે વિરોધ નોંધાવ્યો છે, જ્યારે ભાજપે યાત્રાળુઓની સુવિધા માટે પ્રોજેક્ટનું સમર્થન કર્યું છે.

PDPનાં પ્રમુખ અને જમ્મુ-કાશ્મીરનાં પૂર્વ મુખ્યમંત્રી મહબૂબા મુફ્તીએ આક્ષેપ કર્યો છે કે શેષનાગ સુધીના માર્ગના નિર્માણને ૨૩ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ ઉમર અબ્દુલ્લાની કેબિનેટે મંજૂરી આપી હતી. તેમના મતે, ગ્લેશિયર તળાવ નજીક બાંધકામથી પર્યાવરણ અને યાત્રા બંનેને જોખમ થઈ શકે છે. ૨૪ જાન્યુઆરીએ તેઓ પક્ષના નેતાઓ સાથે સ્થળ પર જવા નીકળ્યાં હતાં, પરંતુ પોલીસે ચંદનવાડી પાસે તેમને અટકાવ્યાં હતાં.



ફાઈલ તસવીર

મીરવાઈઝ ઉમર ફારૂકે પણ સોશિયલ મીડિયા પર આ કામગીરી તાત્કાલિક બંધ કરવાની માંગ કરી છે. તેમણે ગ્લેશિયર અને કુદરતી જળસ્રોતોની સુરક્ષાને પ્રાથમિકતા આપવાની વાત કરી છે.

ભાજપના પ્રવક્તા અલ્તાફ ઠાકુરે વિરોધ સામે સવાલ ઉઠાવતાં કહ્યું કે અમરનાથ યાત્રાળુઓને ધાર્મિક સ્થળ સુધી પહોંચવા માટે સારી સુવિધા મળવી જોઈએ. તેમણે PDPના અગાઉના શાસન દરમિયાન મુઘલ રોડ પર વૃક્ષો કપાયાના મુદ્દાનો ઉલ્લેખ કરીને મહબૂબા મુફ્તીની ટીકા કરી હતી.

બોર્ડર રોડ્સ ઓર્ગેનાઇઝેશન (BRO)ના જણાવ્યા અનુસાર, અહીં કોઈ નવો રસ્તો બનાવવામાં આવતો નથી, પરંતુ હાલના ટ્રેકને પહોળો કરવામાં આવી રહ્યો છે.

ડોકલામ નજીક ચીનની નવી હિલચાલથી ભારતની ચિંતા વધી

પશ્ચિમ ભૂટાન,તા.૨૬

ભારતના વ્યૂહાત્મક હિતો સાથે જોડાયેલા ડોકલામ વિસ્તારમાં ચીનની ગતિવિધિઓને લઈને નવી ચિંતા ઊભી થઈ છે.

જમીન સાફ કરવામાં આવી હોવાના સેટેલાઇટ દૃશ્યો સામે આવ્યા છે. ૧૯ નવેમ્બર, ૨૦૨૬ની સેટેલાઇટ તસવીરોમાં ત્રણ અલગ-અલગ સ્થળોએ જમીન સાફ કરાયેલી જોવા મળી છે. આ ગતિવિધિઓ પાછળ ચીનનો શું હેતુ છે તે હજુ સ્પષ્ટ થયું નથી, પરંતુ સંભવિત બાંધકામની આશંકા વ્યક્ત થઈ રહી છે.પ્રારંભિક અનુમાન મુજબ આ પ્રવૃત્તિ ડોકલામની પશ્ચિમ તરફ હોવાની આશંકા હતી, પરંતુ નવી સેટેલાઇટ તસવીરોમાં તેનું સ્થાન ડોકલામની પૂર્વમાં હોવાનું સૂચવાયું છે. આ વિસ્તાર ભૂટાનના પશ્ચિમ ભાગમાં આવેલો છે અને ભારત, ભૂટાન તથા ચીનની વ્યૂહાત્મક સરહદોની દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ છે.સેટેલાઇટ તસવીરોમાં ત્રણ સ્થળોએ જમીન સાફ કરવામાં આવી હોવાનું જણાય છે. જોકે, અહીં રસ્તા, લશ્કરી મથક કે અન્ય કોઈ બાંધકામ થવાનું છે કે નહીં તેની સત્તાવાર પુષ્ટિ થઈ નથી.

છેલ્લાં કેટલાંક વર્ષોથી ચીન પર ભૂટાનના વિવાદિત વિસ્તારોમાં ગામડાં અને વસાહતો વિકસાવવાનો આરોપ લાગતો રહ્યો છે. ડિસેમ્બર ૨૦૨૪ના એક અહેવાલ મુજબ, ભૂટાનના વિવાદિત વિસ્તારોમાં ચીન દ્વારા આશરે ૨૨ ગામડાં અને વસાહતો વિકસાવવામાં આવી હોવાનો દાવો કરવામાં આવ્યો હતો.

નોકરીથી પેન્શન સુધી, અખિલેશના વાયદાઓનો પટારો ખુલ્યો

લખનૌ,તા.૨૬

ઉત્તર પ્રદેશમાં આગામી વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને સમાજવાદી પાર્ટી (SP)એ પોતાનો ચૂંટણી ઢંઢેરો જાહેર કર્યો છે. પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવે બંધારણ દિવસના અવસરે PDA સંકલ્પ પત્ર રજૂ કરીને યુવાનો, ખેડૂતો, મહિલાઓ, સરકારી કર્મચારીઓ અને પછાત વર્ગો માટે અનેક મોટી જાહેરાતો કરી છે. આ મેનિફેસ્ટોમાં ૧૦ લાખ સરકારી નોકરીઓ, બેરોજગાર યુવાનોને દર મહિને ૫,૦૦૦નું ભથ્થું અને જૂની પેન્શન યોજના (OPS) ફરી શરૂ કરવા જેવા વાયદાઓનો સમાવેશ થાય છે.

શિક્ષણ ક્ષેત્રે પણ સમાજવાદી પાર્ટીએ મહત્વપૂર્ણ જાહેરાતો કરી છે. બંધ થયેલી તમામ સરકારી પ્રાથમિક શાળાઓ ફરી શરૂ કરવાનું વચન આપવામાં આવ્યું છે. શિક્ષામિત્રો, પ્રશિક્ષકો અને શિક્ષકોને સન્માનજનક પગાર તથા કાયમી રોજગાર આપવાની દિશામાં કામ કરવાની વાત પણ કરવામાં આવી છે.

પરીક્ષા વ્યવસ્થામાં પારદર્શિતા લાવવા અને પેપર લીક જેવી ઘટનાઓ અટકાવવા કડક પગલાં લેવાની ખાતરી આપવામાં આવી છે.



E-mail : drashtikonjanvani09@gmail.com
દ્રષ્ટિકોણ જનવાણી દૈનિક સુરત/તાપી
DRASTIKONE JANVANI (GUJARATI DAILY)
Friday, 27 November-2026
શુક્રવાર, તા.૨૭/૧૧/૨૦૨૬

હાઈવે પરની હોટેલોમાં ગંદકી અને અનહાઈજીનિક ખોરાક સામે આરોગ્ય વિભાગની કાર્યવાહી

રાજ્યમાં 'ઓપરેશન હેલ્થ'નું હંટર: ૧૭૫ હાઈવે હોટેલોને નોટિસ, ૧૪માંથી શંકાસ્પદ ખોરાકનો નાશ

આઈસ્ક્રીમના નામે ફ્રોઝન ડેઝર્ટ વેચનારાઓ સામે પણ કડક નજર, ફૂડ પોઈઝનિંગ થાય તો સંચાલક જવાબદાર

દ્રષ્ટિકોણ-અમદાવાદ : ગુજરાત રાજ્યના નાગરિકોને શુદ્ધ, ગુણવત્તાયુક્ત અને આરોગ્યપ્રદ ખોરાક મળી રહે તે માટે આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાના માર્ગદર્શન હેઠળ ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા 'ઓપરેશન હેલ્થ' અંતર્ગત રાજ્યવ્યાપી તપાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આ અભિયાન હેઠળ આઈસ્ક્રીમ અને ફ્રોઝન ડેઝર્ટના એકમો તેમજ મુખ્ય હાઈવે પર આવેલી હોટેલોમાં મળીને કુલ ૧,૪૭૭ સ્થળોએ સઘન તપાસ કરવામાં આવી છે.

તપાસ દરમિયાન ગંદકી અને બિનઆરોગ્યપ્રદ રીતે ખોરાક પીરસતા ૧૭૫ હાઈવે હોટેલોને નોટિસ ફટકારવામાં આવી છે. આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, રાજ્યમાં આઈસ્ક્રીમ અને ફ્રોઝન ડેઝર્ટના કુલ ૭૮૬ એકમોની તપાસ કરવામાં આવી હતી. જેમાં ૫૯૦ એકમોમાં માત્ર આઈસ્ક્રીમ, ૩૨ એકમોમાં ફક્ત ફ્રોઝન ડેઝર્ટ અને ૧૬૪ એકમોમાં બંને પ્રકારની વસ્તુઓનું વેચાણ થતું હોવાનું સામે આવ્યું હતું. ગ્રાહકોને આઈસ્ક્રીમ અને ફ્રોઝન ડેઝર્ટ વચ્ચેનો સ્પષ્ટ ભેદ જાણવા મળે તેમજ આઈસ્ક્રીમના નામે ફ્રોઝન ડેઝર્ટ વેચીને ગ્રાહકોને ગેરમાર્ગે દોરવામાં ન આવે તે માટે સંબંધિત વેચાણ એકમોમાં ફરજિયાત માહિતી બોર્ડ લગાવવાની કામગીરી શરૂ કરવામાં આવી છે.

રાજ્યના મુખ્ય હાઈવે પર આવેલી કુલ ૬૯૧ હોટેલોમાં તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન ૧૭૫ હોટેલોમાં રસોડાની અસ્વચ્છતા, ગંદકી અને બિનઆરોગ્યપ્રદ રીતે ખોરાક પીરસવામાં આવતો હોવાનું જણાયું હતું. આ તમામ હોટેલોને નોટિસ આપવામાં આવી હતી. ત્યારબાદ સંચાલકોએ સ્વયંભૂ હોટેલ બંધ રાખીને સફાઈ અને ફૂડ સેફ્ટીના નિયમો મુજબ જરૂરી સુધારા કર્યા હતા. જ્યારે સંતોષકારક સ્થિતિ ધરાવતી અન્ય ૫૧૬ હોટેલોને પણ સ્વચ્છતા અને ખાદ્ય સુરક્ષાના નિયમોનું વધુ ચુસ્ત પાલન કરવા સૂચનાઓ આપવામાં આવી હતી.

તપાસ દરમિયાન ૧૪ હોટેલોમાંથી શંકાસ્પદ અને બિનઆરોગ્યપ્રદ ખાદ્ય જથ્થો મળી આવતા તેનો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો. આ ખાદ્યપદાર્થોના નમૂના લઈ લેબોરેટરીમાં પૃથક્કરણ માટે મોકલવામાં આવ્યા છે. જો લેબોરેટરીના રિપોર્ટમાં નમૂનાઓ નિષ્ફળ જણાશે અથવા ગંભીર ખામી સામે આવશે તો સંબંધિત હોટેલ સંચાલકો સામે કોર્ટમાં કેસ દાખલ કરવા તેમજ એકમને કાયમી ધોરણે સીલ કરવા સુધીની કડક કાર્યવાહી કરવામાં આવશે તેવી સ્પષ્ટ સૂચનાઓ આરોગ્ય મંત્રીએ અધિકારીઓને આપી છે.



ફૂડ પોઈઝનિંગની ઘટના બનશે તો સંચાલક જવાબદાર

આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ હોટેલ, રેસ્ટોરન્ટ અને વિદ્યાર્થીઓની હોસ્ટેલના રસોડામાં સ્વચ્છતા જાળવવા કડક સૂચના આપી છે. ખાણીપીણીના એકમોમાં કામ કરતા સ્ટાફ અને વેઈટર્સે ફરજિયાત હેન્ડ ગ્લોવ્ઝ તેમજ માથા પર કેપ પહેરવી અને સ્વચ્છતા અંગેની તમામ જોગવાઈઓનું ચુસ્ત પાલન કરવું પડશે. મંત્રીએ ચેતવણી આપતાં જણાવ્યું હતું કે, રાજ્યમાં હવે કોઈ હોટેલ કે ખાણીપીણીના એકમમાં બિનઆરોગ્યપ્રદ ખોરાક પીરસવામાં આવશે અથવા ફૂડ પોઈઝનિંગ જેવી ઘટના બનશે તો તેની સંપૂર્ણ જવાબદારી સંબંધિત સંચાલકની રહેશે. 'ઓપરેશન હેલ્થ' અભિયાન આગામી સમયમાં પણ સતત ચાલુ રહેશે. નાગરિકોને પણ જાગૃત રહેવા અપીલ કરવામાં આવી છે. હોટેલના રસોડાની સ્વચ્છતા, ખોરાકની ગુણવત્તા અને ખુલ્લા ખોરાક અંગે ગ્રાહકો સવાલ ઉઠાવે તેમજ ક્યાંય ગંદકી કે બેદરકારી જણાય તો ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની જિલ્લા કચેરીમાં ફરિયાદ કરે. ફરિયાદ મળતાં તંત્ર દ્વારા તાત્કાલિક અને કડક કાર્યવાહી કરવામાં આવશે તેમ આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું.

પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી દર્શન નાયકે કલેક્ટર, ચૂંટણી અધિકારી સમક્ષ વાંધા અરજી રજૂ કરી

સુરત જિલ્લાના ૯ તાલુકામાં ગ્રામ પંચાયતની અનામત ફાળવણી સામે કોંગ્રેસ મેદાનમાં

દ્રષ્ટિકોણ-સુરત, સુરત જિલ્લાના નવ તાલુકાઓમાં યોજાનારી ગ્રામ પંચાયતની સામાન્ય ચૂંટણીઓ પહેલાં સરપંચ અને વોર્ડની બેઠકોની અનામત તથા રોટેશન ફાળવણીને લઈને રાજકીય વિવાદ ઊભો થયો છે. અનામત બેઠકોની ફાળવણીમાં બંધારણીય જોગવાઈઓ અને ચૂંટણીના નિયમોનું ઉલ્લંઘન થયું હોવાનો આક્ષેપ કરી પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી દર્શન નાયકે જિલ્લા કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારી સમક્ષ વાંધા અરજી રજૂ કરી છે. કોંગ્રેસે પ્રસિદ્ધ થયેલા જાહેરનામાઓ રદ કરી કાયદાકીય જોગવાઈઓ મુજબ નવેસરથી અનામત ફાળવણી કરવાની માંગ કરી છે.

પ્રદેશ કોંગ્રેસના મહામંત્રી દર્શન નાયકે જિલ્લા કલેક્ટરને પાઠવેલા આવેદનપત્રમાં જણાવ્યું છે કે સુરત જિલ્લાના ઓલપાડ, ચોર્યાસી, કામરેજ, પલસાણા, બારડોલી, મહુવા, માંડવી, માંગરોળ અને ઉમરપાડા સહિત નવ તાલુકાઓની ગ્રામ પંચાયતોમાં સરપંચ તથા વોર્ડની બેઠકોની અનામત ફાળવણી અંગે તાલુકાવાર જાહેરનામા પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે. આ જાહેરનામાઓનો અભ્યાસ કરતાં રોટેશનની પ્રક્રિયામાં ગેરરીતિ અને અનામત બેઠકોની ફાળવણી નિર્ધારિત રોટેશન પદ્ધતિ મુજબ થવી જોઈએ. તેનો હેતુ દરેક ગામ અને વર્ગને સમાન રાજકીય પ્રતિનિધિત્વની તક આપવાનો છે. જોકે, કેટલાક ગામોમાં અગાઉની ચૂંટણીના રોટેશન ક્રમને અવગણીને અન્ય કેટેગરીની બેઠકો ફાળવવામાં આવી હોવાની શંકા વ્યક્ત કરવામાં આવી છે. ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ની કલમ ૫૧ તથા ગુજરાત ગ્રામ પંચાયત સરપંચની ચૂંટણી (રોટેશન દ્વારા સરપંચના અને વોર્ડના સભ્યના અનામત હોદ્દાઓની ફાળવણીની રીત) નિયમો, ૧૯૯૪ના નિયમ ૩થી ૧૦નો પણ ભંગ થયો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

ગામોને ક્રમ નંબર આપવાની પદ્ધતિ, વિવિધ અનામત વર્ગોની ફાળવણી, મહિલા અનામત અને અગાઉની ચૂંટણીમાં જ્યાં રોટેશન પૂર્ણ થયું હતું ત્યાંથી આગળ પ્રક્રિયા ચાલુ રાખવા સહિતની જોગવાઈઓનું પાલન થયું છે કે નહીં તેની તપાસ કરવાની માંગ કરવામાં આવી છે. કોંગ્રેસે અનામત ફાળવણીની સમગ્ર પ્રક્રિયામાં પારદર્શિતાના અભાવનો મુદ્દો ઉઠાવ્યો છે. દરેક તાલુકાના વર્ષ ૧૯૯૪થી અત્યાર સુધીના તમામ ચૂંટણી રોસ્ટર રજિસ્ટર જાહેર જનતા અને રાજકીય પક્ષો સમક્ષ મૂકવામાં આવે, જેથી અગાઉની બેઠકોની ફાળવણી અને વર્તમાન રોટેશનની તુલના કરી શકાય તેવી માંગ કરવામાં આવી છે.આવેદનપત્રમાં ચાર મુખ્ય માંગણીઓ રજૂ કરી છે. જેમાં નવેસર રાજકીય દબાણની શક્યતા જણાતી હોવાની રજૂઆતો ગ્રામ્ય વિસ્તારોમાંથી મળી રહી હોવાનું કોંગ્રેસે જણાવ્યું છે.

કોંગ્રેસે આવેદનપત્રમાં ભારતીય બંધારણના અનુચ્છેદ 243-D અને ૭૩મા બંધારણીય સુધારાની જોગવાઈઓનો ઉલ્લેખ કરીને જણાવ્યું છે કે પંચાયતોમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને મહિલાઓ માટે તાલુકાઓમાં સરપંચ અને વોર્ડની અનામત ફાળવણી સંપૂર્ણ પારદર્શક રીતે કરવામાં આવી હોવાનું જાહેર કરવું જોઈએ.

૧૯૯૪થી અત્યાર સુધીના ચૂંટણી રોસ્ટર જાહેર કરવા અને વિવાદાસ્પદ જાહેરનામું રદ કરી નવેસરથી ફાળવણી કરવાની માંગ

પોશ વેસુના હળપતિવાસ અને આસપાસના વિસ્તારોને નરક બનાવનાર

જેલી-લક્ષ્મી-ગીતા સામે ૫૦થી વધુ કેસ, છતાં ધંધો ધમધોકાર

૧૫ વર્ષ કરતાં વધુ સમયથી દેશી દારુનો ધંધો કરતી ત્રણેય મહિલા બૂટલગરો સામે પોલીસનું ભેદી મૌન: પહેલા પોલીસ સ્ટેશન ઉમરા લાગતું, હવે વેસુ લાગે છે, પરંતુ ત્રણેય બૂટલેગરને કોઈ ફરક પડતો નથી

દ્રષ્ટિકોણ-સુરત, તા. ૨૬

ધમધમાટ ચાલતા દારુના અડ્ડાઓ મુદ્દે પોશ વેસુનો હળપતિવાસ વિસ્તાર ફરી ચર્ચાની એરણે ચઢ્યો છે. એવી ચોંકાવારી વિગતો જાણવા મળી છે કે સમગ્ર વિસ્તારના નર્કાગાર બનાવનારા ત્રણેય બૂટલેગરો પંદરેક વર્ષથી દેશી દારુનો ધંધો બેફામ કરે છે. તેમના પર અત્યાર સુધી ૫૦ કરતાં વધુ કેસ થઈ ગયા છે. પોલીસ સ્ટેશન પણ બદલાયા છે અને અધિકારીઓ, કર્મચારીઓ પણ કેટલાય આવ્યા અને ગયા, દારુના અડ્ડાઓને ઉની આંચ સુદ્ધાં આવતી નથી.

વેસુ વિસ્તાર આમ તો પોશ ગણાય છે, પંરતુ તેના કેટલાક પોકેટ એવા છે કે જાણે સ્વર્ગના એક ખૂણે નરક વિકસતું હોય. આસપાસમાં સુડાની કચેરીઓ, લક્ઝુરિયસ બંગ્લોઝ, રો-હાઉસીસ, કરોડોની કિંમતના આલિશાન ફ્લેટ ધરાવતી ગગનચુંબી હાઈરાઈઝ બિલ્ડિંગો, નેશનલ-ઈન્ટરનેશનલ બ્રાન્ડ્સના વૈભવી શોરુમ્સ, મોલ્સ, મોટા વેપારીઓ, ઉદ્યોગપતિઓ કે પછી સનદી અધિકારીઓનો રહેણાંક વિસ્તાર ઝાકઝમાળ થાય, આંખોને આંજી નાંખે એવો આ વિસ્તારનો ઠાઠ. પરંતુ લાખ્ખો-કરોડોની ગાડીઓ જે માર્ગ પર ફરતી હોય, ત્યાં ગંદા-ગોબરા દારુડીયાઓ, લથડીયા ખાતા, લવારા કરતા કે ગાળો આપતા નીકળે, એટલે પોશ વેસુને કાળું કલંક લાગી જાય.

હળપતિવાસમાં જેલી, લક્ષ્મી અને ગીતાના અડ્ડા પર રોજના સેંકડો કે હજારો દારુડીયાઓ દારુ ઢીંચીને પોશ વેસુના માર્ગો પર નીકળે છે. લબ્ધ પ્રતિષ્ઠિત લોકો, મહિલાઓ, સ્કૂલ-કોલેજોમાં ભણતાં વિદ્યાર્થીઓ, આવા ચિક્કાર ઢીંચીને લથડીયા ખાતા દારુડીયાઓને જોઈને ચોંકી જાય છે.

એવું નથી કે પોલીસને આ અડ્ડાઓની જાણ જ નથી. કેમ કે આ ત્રણેય બૂટલેગરો જેલી, લક્ષ્મી અને ગીતા છેલ્લા પંદરેક વર્ષથી દેશી દારુના અડ્ડા ચલાવે છે. અંદાજ મુજબ આ ત્રણેય મળીને ૫૦થી વધુ પ્રોહિબીશનના કેસો પોલીસે કર્યા છે. અગાઉ આ વિસ્તાર ઉમરા પોલીસ સ્ટેશનની હદમાં હતો, જો કે વેસુ પોલીસ સ્ટેશન બન્યા બાદ હવે તે વેસુ પોલીસ સ્ટેશનમાં સમાવિષ્ટ છે. બંને પોલીસમાં આ ત્રણેય બૂટલેગરો વિરુદ્ધ સંખ્યાબંધ કેસો થયા હોવા છતાં હજુ પણ આ ત્રણેયના અડ્ડાઓ ધમધોકાર ચાલે છે.

એવું કહી શકાય કે પોલીસ સ્ટેશન કોઈ પણ હોય, અધિકારીઓ અને કર્મચારીઓ આવે ને જાય, પરંતુ જેલી, લક્ષ્મી અને ગીતાના અડ્ડા ધમધોકાર ચાલ્યા જ કરે, કોઈ ફરક પડતો નથી.

જેલીનો પાવર, પોલીસવાળાઓને પણ ફફડાવી નાંખે છે

એવું જાણવા મળ્યું છે કે હળપતિવાસની જેલી ફાટીને ધુમાડે ગઈ છે. કહેવાય છે કે કોઈ પોલીસવાળો ત્યાંથી પેટ્રોલિંગ કરતો નીકળે કે તપાસ માટે પહોંચે તો જેલી તેને રીતસર ખખડાવી નાંખે છે. પોતે જાણે પોલીસના મોટા અધિકારીઓને હપ્તા પહોંચાડતી હોય, પોલીસ કર્મચારીઓને પોષતી હોય, એવો ફાંકો જેલી રાખે છે. તમામ પોલીસવાળાને જેલી એકસમાન દૃષ્ટિએ જોય છે અને લાગ મળે તો અપમાનિત સુદ્ધાં કરી નાંખે છે. ત્યારે હવે વેસુ પોલીસ આ જેલીનો ફાંકો ઉતારે અને કાયદાનું ભાન કરાવે તે જરુરી લાગી રહ્યું છે.

દોઢ લાખ વ્યાજે આપી ૧૧.૭૦ લાખની સોનાની ચેઈન પચાવી પાડી

દ્રષ્ટિકોણ-સુરત, તા. ૨૬

ગોડાદરામાં રહેતા મધ્યમવર્ગીય રાજસ્થાની દંપતીને વ્યાજખોરનો કડવો અનુભવ થયો છે.

પૈસાની જરુર પડતા બજરંગ નામના વ્યક્તિ પાસેથી સોનાની બે ચેઈન ગીરવે મૂકી રુ. ૧.૫૦ લાખ વ્યાજે લીધા હતાં. જો કે વ્યાજ સહિત મુદ્દલ ચૂકવી દીધા હોવા છતાં બજરંગે ચેઈન પરત નહીં કરતાં મામલો પોલીસમાં પહોંચ્યો છે.

બનાવની પ્રાપ્ત વિગતો મુજબ મૂળ રાજસ્થાનના બીકાનેરના વતની ઓમપ્રકાશ હિરાલાલ પ્રજાપતિ, હાલ ગોડાદરાની માનસરોવર સોસાયટીમાં રહે છે. ઓમપ્રકાશ નોકરી કરતા હોવાથી નાણાંની સતત ખેંચ રહેતી હતી. જેથી ફેબ્રુઆરી ૨૦૨૫માં તેમની નાણાંભીડ વધતાં તેમણે વ્યાજે પૈસા લેવાનું નક્કી કર્યું હતું. હિરાલાલની પત્ની જ્યોતિરાનીનો સંપર્ક ખટોદરા સોમાકાનજીની વાડી ખાતે દુકાન ધરાવતા બજરંગ નામના વ્યક્તિ સાથે થયો હતો.

બજરંગે સોના સામે નાણાં ધીરવાની વાત કરી હતી. જેથી જ્યોતિરાનીએ પોતાની પાસેની ૯૦ ગ્રામ વજનની બે સોનાની ચેઈન બજરંગને સોંપી હતી અને રુ. ૧.૫૦ લાખ વ્યાજ સાથે પરત કરવાની શરત સાથે લીધા હતાં. ત્યારબાદ ઓમપ્રકાશની નાણાંભીડ દૂર થતાં તેમણે રુ. ૧.૫૦ લાખ અને તેનું વ્યાજ મળીને કુલ રકમ બજરંગને આપી દીધી હતી. બજરંગે તે વખતે સોનાની બંને ચેઈન પરત કરવાનો વાયદો પણ કર્યો હતો.

જો કે ત્યારબાદ બજરંગે ગલ્લાતલ્લાં કરી દંપતીને ધક્કા ખવડાવવા શરુ કર્યા હતાં. બજરંગનો ચેઈન પચાવી પાડવાનો ઈરાદો પારખી જતાં દંપતીએ પોલીસનું શરણું લીધું છે.

ખટોદરા પોલીસે બંને ચેઈનની કિંમત આશરે રુ. ૧૧.૭૦ લાખ ગણી, બજરંગ વિરુદ્ધ વિશ્વાસઘાતનો ગુનો નોંધી સંલગ્ન કાર્યવાહી હાથ ધરી છે.

રાજસ્થાની દંપતીને વ્યાજખોર છેતરી ગયો, વ્યાજ સાથે પૈસા પરત ચૂકવ્યા છતાં ચેઈન પરત આપી નહીં

લિંબાયતમાં પડોશીએ નજીવા ઝઘડામાં વૃદ્ધાની આંખ ફોડી નાંખી

દ્રષ્ટિકોણ-સુરત, તા. ૨૬

લિંબાયતમાં સફાઈ વેળા પાણી ઉડવા મુદ્દેની ટકોરમાં હિંસક હુમલો થયો હતો. દંપતીએ સફાઈ મુદ્દે ટોકનારા માતા-પુત્રને માર માર્યો હતો, જેમાં વૃદ્ધાની એક આંખની દૃષ્ટિ કાયમી ધોરણે જતી રહી હોવાનું જાણવા મળ્યું છે.

બનાવ અંગે પોલીસ સૂત્રો પાસેથી પ્રાપ્ત માહિતી મુજબ લિંબાયત મદનપુરાના અંબિકાનગરમાં રહેતાં ૬૧ વર્ષીય ભીકુબેન યોગરાજ પવાર, તા. ૨૪મીની સાંજે ૩.૩૦ વાગ્યાના અરસામાં પોતાના ઘરમાં બેઠા હતા. તે વેળા તેમના પડોશી અંજુબેન સફાઈ કરતાં હતાં, જેનું પાણી ઉડીને ભીકુબેનના આંગણામાં પડતાં, ભીકુબેનના પુત્ર અનિલે પાણી ઉડે નહીં તેનું ધ્યાન રાખવા ટકોર કરી હતી.

જો કે આ ટકોરથી અંજુબેન છંછેડાયા હતાં અને બોલાચાલી કરવા લાગ્યા હતાં. એટલું જ નહીં, અંજુબેનના પતિ પ્રશાંત માળી પણ બહાર દોડી આવ્યા હતાં અને ઝઘડો શરુ કર્યો હતો. માળી દંપતીએ ભીકુબેન અને તેમના પુત્ર અનિલ પર હુમલો કરી માર માર્યો હતો. આ હુમલા દરમિયાન અંજુબેને ઉશ્કેરાટમાં ભીકુબેન સાથે ઝપાઝપી કરી હતી અને મોઢાના ભાગે મુક્કા માર્યા હતાં. જેમાં ભીકુબેનની આંખમાંથી લોહી નીકળવા લાગ્યું હતું. સારવાર દરમિયાન એવું જણાયું કે આ હુમલાને કારણે ભીકુબેનની એક આંખની દૃષ્ટિ કાયમી ધોરણે જતી રહી છે. બનાવ અંગે ભીકુબેનની ફરિયાદને આધારે લિંબાયત પોલીસે અંજુબેન તેમજ તેમના પતિ પ્રશાંત માળી વિરુદ્ધ ગુનો નોંધી સંલગ્ન કાર્યવાહી હાથ ધરી છે.

પડતર માંગણીઓ મુદ્દે સુરત આવકવેરા કર્મચારીઓ-અધિકારીઓનું વિરોધ પ્રદર્શન

કેડર રિવ્યૂ અને પુનર્ગઠનની પ્રક્રિયા ઝડપી પૂર્ણ કરવા તેમજ બિનરાજપત્રિત કર્મચારીઓની બઢતીની તકો વધારવાની માંગ સાથે આવકવેરા ભવન ખાતે રજૂઆત

દ્રષ્ટિકોણ-સુરત, તા. ૨૬

દેશના મહેસૂલ સંગ્રહમાં મહત્ત્વની ભૂમિકા ભજવતા આવકવેરા વિભાગના કર્મચારીઓ અને અધિકારીઓએ પોતાની લાંબા સમયથી પડતર રહેલી વિવિધ માંગણીઓના ઉકેલ માટે સુરત આવકવેરા ભવન ખાતે એકત્ર થઈ વિરોધ નોંધાવ્યો હતો. સુરત આવકવેરા કર્મચારી ફેડરેશન અને ગેઝેટેડ ઓફિસર્સ એસોસિએશન દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવેલા આ વિરોધમાં કેડર રિવ્યૂ અને પુનર્ગઠનની પ્રક્રિયા ઝડપી પૂર્ણ કરવા તેમજ બિનરાજપત્રિત સંવર્ગના કર્મચારીઓ માટે બઢતીની વધુ તકો ઊભી કરવાની માંગ કરવામાં આવી હતી.

વિરોધ કરી રહેલા કર્મચારીઓએ જણાવ્યું હતું કે છેલ્લા એક દાયકામાં આવકવેરા વિભાગના કાર્યક્ષેત્ર અને જવાબદારીઓમાં નોંધપાત્ર વધારો થયો છે. વર્ષ ૨૦૧૩-૧૪માં આવકવેરા રિટર્ન ભરનારાઓની સંખ્યા આશરે ૩.૮૦ કરોડ હતી, જે વર્ષ ૨૦૨૨-૨૩માં વધીને ૭.૭૮ કરોડ થઈ હતી. તેવી જ રીતે પ્રત્યક્ષ કરની ચોખ્ખી આવક વર્ષ ૨૦૧૩-૧૪માં આશરે રૂ. ૬.૩૯ લાખ કરોડ હતી, જે વર્ષ ૨૦૨૩-૨૪માં વધીને રૂ. ૧૯.૬૦ લાખ કરોડ સુધી પહોંચી હતી.

કરદાતાઓની સંખ્યામાં વધારો, ડિજિટલ વ્યવસ્થાનો વ્યાપ અને મહેસૂલ સંગ્રહના વધતા લક્ષ્યાંકોને કારણે વિભાગના કર્મચારીઓ અને અધિકારીઓ પર કામનું ભારણ પણ વધ્યું છે. તેમ છતાં કર્મચારીઓની સેવાકીય સમસ્યાઓ, બઢતી અને પદોની યોગ્ય ફાળવણી જેવા પ્રશ્નોનું નિરાકરણ હજુ સુધી આવ્યું ન હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો.રજૂઆતમાં જણાવાયું હતું કે વર્ષ ૨૦૧૩માં આવકવેરા વિભાગના કેડર પુનર્ગઠન અંતર્ગત ૨૦,૭૫૧ વધારાના પદોને મંજૂરી આપવામાં આવી હતી. આ પુનર્ગઠનનો હેતુ વિભાગની વધતી જરૂરિયાતો મુજબ માનવ સંસાધન અને વહીવટી ક્ષમતાને મજબૂત બનાવવાનો હતો. તેમ છતાં ભરતી, કેડર પુનર્ગઠન, પદોની ફાળવણી, વરિષ્ઠતા અને કામગીરીની જવાબદારીઓની સોંપણીને લગતા પ્રશ્નો યથાવત્ હોવાની રજૂઆત કરવામાં આવી હતી.

કર્મચારી સંગઠનો દ્વારા આવકવેરા વિભાગના કેડર રિવ્યૂ અને પુનર્ગઠનના પ્રસ્તાવને વહેલી તકે અંતિમ સ્વરૂપ આપવાની તેમજ બિનરાજપત્રિત સંવર્ગના ભરતી નિયમોમાં જરૂરી સુધારા કરીને લાયક કર્મચારીઓ માટે બઢતીની તકો વધારવાની માંગ કરવામાં આવી હતી. રજૂઆત કરનારાઓએ ભારપૂર્વક જણાવ્યું હતું કે દેશના વિકાસ અને જનકલ્યાણ માટે મહેસૂલ એકત્રિત કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવતા આવકવેરા વિભાગના કર્મચારીઓને પણ યોગ્ય સેવાકીય માળખું, બઢતીની તકો અને ન્યાયસંગત વ્યવસ્થા મળવી જોઈએ. સરકાર વહેલી તકે આ પડતર પ્રશ્નોનો ઉકેલ લાવે તેવી માંગ સાથે કર્મચારીઓ અને અધિકારીઓએ વિરોધ નોંધાવ્યો હતો.



તસવીરઃ હનિફ મલિક, સુરત

લીંબાયતમાં પત્નીથી અલગ રહેતા બનેવીએ સાળી પર ચપ્પુથી જીવલેણ હુમલો કર્યો

પોલીસે ટેકનિકલ સર્વેલન્સ અને બાતમીના આધારે ૪૬ વર્ષીય આરોપીને ઝડપી પાડ્યો

દ્રષ્ટિકોણ-સુરત, તા. ૨૬

સુરતના લીંબાયત વિસ્તારમાં પારિવારિક ઝઘડાએ હિંસક સ્વરૂપ ધારણ કર્યું હોવાની ઘટના સામે આવી છે. પત્નીથી છેલ્લા પાંચેક વર્ષથી અલગ રહેતા જીજાજીએ સાળી પર ચપ્પુ જેવા તીક્ષ્ણ હથિયારથી જીવલેણ હુમલો કર્યો હતો. બહેન સાથેની બોલાચાલી દરમિયાન વચ્ચે પડેલી સાળીના ગળાના ભાગે ચપ્પુનો ઘા મારી આરોપી ફરાર થઈ ગયો હતો. આ મામલે લીંબાયત પોલીસે હત્યાની કોશિશનો ગુનો નોંધી ગણતરીના સમયમાં આરોપીને ઝડપી પાડ્યો છે.

પોલીસમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, મૂળ મહારાષ્ટ્રના ધુળે જિલ્લાના ફાગણે ગામની રહેવાસી કમલાબાઈ ઉર્ફે પૂજા વાલ્મીક સુર્યવંશી (ઉ.વ. ૩૨) પોતાની બહેન પ્રતિભા સાથે ગાંધીનગર જવા માટે સામાન પેક કરી રહી હતી. દરમિયાન તા. ૨૪ નવેમ્બરની રાત્રે આશરે પોણા અગિયાર વાગ્યે પ્રતિભા રૂમની બહાર ગેલેરીમાં કપડાં સૂકવી રહી હતી. તે વખતે તેના પતિ ગુલાબ ચુડામન પાટીલ (ઉ.વ. ૪૬, રહે. પ્લોટ નં. ૧૫, સંજયનગર, લીંબાયત) ત્યાં આવી પહોંચ્યા હતા. ગુલાબ અને પ્રતિભા છેલ્લા પાંચેક વર્ષથી અલગ રહેતા હોવાથી બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી શરૂ થઈ હતી.

આ દરમિયાન કમલાબાઈએ બહાર આવી ઝઘડો કરવાની ના પાડતાં ગુલાબે તેમની બહેન સાથે ગાળાગાળી કરી ઝઘડો ઉગ્ર બનાવ્યો હતો. ત્યારબાદ ગુલાબે પોતાના પેન્ટના ખિસ્સામાંથી ચપ્પુ જેવું તીક્ષ્ણ હથિયાર કાઢી પ્રતિભાને જાનથી મારી નાખવાના ઈરાદે તેના ગળાના ભાગે જીવલેણ ઘા ઝીંક્યો હતો અને ત્યાંથી ફરાર થઈ ગયો હતો. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને લીંબાયત પોલીસે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૦૯(૧), ૨૯૬(બી) અને ગુજરાત પોલીસ એક્ટની કલમ ૧૩૫ હેઠળ ગુનો નોંધી આરોપીને ઝડપી પાડવા તપાસ હાથ ધરી હતી.

પોલીસ ઈન્સ્પેક્ટર ડી.ડી. ચૌહાણના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્ટાફે અલગ-અલગ ટીમો બનાવી તપાસ શરૂ કરી હતી. પો.સ.ઈ. કે.પી. જાડેજા સહિતની ટીમે ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે મળેલી બાતમીને આધારે આરોપી ગુલાબ ચુડામન પાટીલને ઝડપી પાડ્યો હતો.

ત્યારબાદ તેને ગુનાની તપાસ કરી રહેલા સેકન્ડ પોલીસ ઈન્સ્પેક્ટર ડી.બી. ચાવડને સોંપવામાં આવ્યો હતો. આ કામગીરીમાં પોલીસ ઈન્સ્પેક્ટર ડી.ડી. ચૌહાણ, સેકન્ડ પોલીસ ઈન્સ્પેક્ટર ડી.બી. ચાવડ, પો.સ.ઈ. કે.પી. જાડેજા, એ.એસ.આઈ. અંકિતભાઈ દાનાભાઈ, હેડ કોન્સ્ટેબલ રાજુભાઈ હાલુભાઈ અને કોન્સ્ટેબલ યુવરાજસિંહ રાજુભાઈ જોડાયા હતા.



દ્રષ્ટિકોણ જનવાણી દૈનિક
DRASTIKONE JANVANI (GUJARATI DAILY)
E-mail : drashtikonjanvani09@gmail.com

વાપીના ડુંગરા ખાતે રૂ. ૩૧.૧૫ કરોડના ખર્ચે નવનિર્મિત વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટનું લોકાર્પણ

૪૫ એમ.એલ.ડી. વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટથી લોકોને શુદ્ધ પીવાનું પાણી મળશે - મંત્રી કનુ દેસાઈ





દ્રષ્ટિકોણ-વલસાડ: વાપીના ડુંગરા ખાતે નાણાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ મંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે ૪૫ એમ.એલ.ડી. (MLD) ક્ષમતાવાળા વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્લાન્ટનું નિર્માણ વાપી મહાનગરપાલિકા દ્વારા અમૃત-૨.૦ યોજના અંતર્ગત તૈયાર કરવામાં આવેલી પાણી પુરવઠા યોજના હેઠળ કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે મંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝન મુજબ નાગરિકોના ઉત્તમ સ્વાસ્થ્ય માટે શુદ્ધ સરફેસ વોટર પૂરું પાડવામાં આવી રહ્યું છે. આ ૪૫ એમ.એલ.ડી.ના પ્લાન્ટથી પૂર્વ વિસ્તાર અને ચલાને પાણી મળશે, જ્યારે મંજૂર થયેલા વધુ એક ૪૫ એમ.એલ.ડી.ના પ્લાન્ટથી આગામી ૨૫ વર્ષ સુધી પાણીની કોઈ અછત નહીં રહે. ચલા અને જીઆઈડીસીમાં નવા વીજ સબસ્ટેશન તેમજ નવા જોડાયેલા વિસ્તારોમાં એસટીપી, ડ્રેનેજ અને સ્ટ્રીટ લાઇટની સુવિધાઓનો ઉલ્લેખ કરતાં તેમણે ઉમેર્યું હતું કે, આગામી ત્રણ વર્ષ સુધી કોઈ ટેક્સ વધારો કરવામાં આવશે નહીં. વધુમાં, વિકાસ કાર્યો માટે સરકાર પાંચ વર્ષ સુધી વિનામૂલ્યે જમીન ફાળવશે અને હાઈવે પર વાપી મહાનગરપાલિકાના નવા ભવનનું ટૂંક સમયમાં ખાતમુહૂર્ત કરવામાં આવશે.મંત્રી કનુભાઈ દેસાઈએ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટની પ્રત્યક્ષ મુલાકાત લીધી હતી અને પ્લાન્ટની કાર્યપદ્ધતિ તેમજ ઉપલબ્ધ સુવિધાઓનું ઝીણવટભર્યું નિરીક્ષણ કર્યું હતું. નવનિર્મિત પ્લાન્ટ રૂ. ૩૧.૧૫ કરોડના ખર્ચે નવનિર્મિત પ્લાન્ટ કાર્યરત કરવામાં આવ્યો છે. આ યોજના અંતર્ગત દમણગંગા નદી પર ઈન્ટેક વેલ, ડુંગરા હેડવર્ક્સ ખાતે ૪૫ એમ.એલ.ડી. (MLD) ક્ષમતાનો વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, ૨ કરોડ ૧૦ લાખ લિટર ક્ષમતાનો ભૂગર્ભ સંપ તથા ૨૦ લાખ લિટર ક્ષમતાની પાણીની ઊંચી ટાંકીનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ પ્લાન્ટ કાર્યરત થવાથી ડુંગરા, ચણોદ, સુલપડ અને કરવડ વિસ્તારોના રહેવાસીઓને પૂરતા પ્રમાણમાં શુદ્ધ પીવાનું પાણી નિયમિતપણે મળી રહેશે.

વાપી મહાનગરપાલિકાના કમિશનર એન. એફ. ચૌધરીએ સ્વાગત પ્રવચન કર્યું હતું. જીઆઈડીસી એન્જિનિયર કે.ડી.પટેલે કાર્યક્રમની રૂપરેખા આપી હતી. લોકાર્પણ પ્રસંગે વાપી મહાનગરપાલિકાના મેયર દક્ષાબેન પટેલ, ડેપ્યુટી મેયર મિતેષભાઈ દેસાઈ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સતીષભાઈ પટેલ, પાણી પુરવઠા સમિતિના ચેરમેન કૌશિકભાઈ પટેલ, સંગઠનના શીલ્પેશ દેસાઈ, સંગઠન શહેર પ્રમુખ મનીષ દેસાઈ, પૂર્વ નગરપાલિકા પ્રમુખો સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

કપરાડામાં ₹.૨૪ કરોડના વિકાસકામોનું ખાતમુહૂર્ત, પણ રસ્તાઓની ગુણવત્તા સામે શંકા



ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીએ વિકાસની અવિરત યાત્રાની વાત કરી, પરંતુ હલકી ગુણવત્તાનાં કામો અને કોન્ટ્રાક્ટરોની કામગીરી પર દેખરેખ કોણ રાખશે?: કરોડોની ગ્રાન્ટ છતાં ગ્રામ્ય રસ્તાઓની હાલત સુધરશે કે ફરી થોડા સમયમાં ખાડાઓનું સામ્રાજ્ય સર્જાશે?

દ્રષ્ટિકોણ-નાનાપોંઢા, કપરાડા વિધાનસભા વિસ્તારમાં દેવદિવાળીના પાવન પર્વે ₹.૬.૨૪ કરોડના ખર્ચે હાથ ધરાનારા વિવિધ વિકાસકામોનું ખાતમુહૂર્ત પૂર્વ મંત્રી અને કપરાડાના ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધારાસભ્યએ ગુજરાતમાં વર્ષ ૨૦૦૧થી વિકાસની અવિરત યાત્રા ચાલી રહી હોવાનું જણાવી કેન્દ્ર અને રાજ્ય સરકારના સંકલન તેમજ નાણામંત્રી કનુભાઈ દેસાઈના સહયોગથી આદિવાસી વિસ્તાર સહિત છેવાડાનાં ગામોમાં વિકાસકામોને વેગ મળ્યો હોવાની વાત રજૂ કરી હતી.

ધારાસભ્યએ ગામના વડીલો સાથે મળીને વિકાસકામો કરવાની અને હવે યુવા પેઢીને સાથે રાખીને વિકાસની કામગીરી આગળ વધારવાની વાત પણ કરી હતી. રાણખડી, સામરપાડા, અરનાળા, ઘડગમાળ, ડહેલી, ચીવલ અને પાનસ સહિતનાં ગામોને જોડતા વિવિધ રસ્તાઓનાં કામોનો પણ આ વિકાસકાર્યોમાં સમાવેશ થાય છે.

જોકે, વિકાસકામોના ખાતમુહૂર્ત અને શિલાન્યાસના કાર્યક્રમો વચ્ચે સૌથી મોટો સવાલ એ છે કે કરોડો રૂપિયાના ખર્ચે બનનારા રસ્તાઓ ખરેખર કેટલો સમય ટકશે? ખાતમુહૂર્તના પથ્થરો તો લાગી જાય છે, પરંતુ ત્યારબાદ કામની ગુણવત્તા તપાસવાની અને કોન્ટ્રાક્ટરોને જવાબદાર બનાવવાની વ્યવસ્થા કેટલી અસરકારક છે તે અંગે સ્થાનિક સ્તરે સવાલો ઊઠી રહ્યા છે.

કપરાડા અને નાનાપોંઢા તાલુકાના અંતરિયાળ ગામોમાં રસ્તાઓ ગ્રામજનો માટે માત્ર અવરજવરનું સાધન નથી, પરંતુ શિક્ષણ, આરોગ્ય, રોજગાર અને રોજિંદા જીવનની આવશ્યક કડી છે. વરસાદની મોસમમાં રસ્તાઓની ખરાબ હાલતને કારણે ગ્રામજનોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. કેટલાક વિસ્તારોમાં રસ્તાની કામગીરી પૂર્ણ થયા બાદ થોડા જ સમયમાં રસ્તાની સપાટી બગડતી હોવાની ફરિયાદો પણ સામે આવતી રહી છે.

આવી સ્થિતિમાં ₹.૬.૨૪ કરોડનાં નવાં વિકાસકામો જાહેર થતાં ગ્રામજનોમાં આશા તો જાગી છે, પરંતુ અગાઉના અનુભવોને કારણે ગુણવત્તા અંગેની ચિંતા પણ એટલી જ છે. સરકારી નાણાંનો ઉપયોગ કરીને બનતા રસ્તાઓ જો ટૂંકા ગાળામાં જ તૂટી જાય તો અંતે નુકસાન સરકારી તિજોરીને અને મુશ્કેલી સામાન્ય નાગરિકોને ભોગવવી પડે છે.

વિકાસની વાતો અને સ્થળ પરની વાસ્તવિકતા વચ્ચે અંતર ન રહે તે માટે માત્ર ખાતમુહૂર્ત કરીને જવાબદારી પૂર્ણ થઈ જતી નથી. કામ શરૂ થાય ત્યારથી લઈને પૂર્ણ થાય ત્યાં સુધી અધિકારીઓની નિયમિત હાજરી, મટિરિયલની ગુણવત્તાની ચકાસણી, કામના માપદંડોનું પાલન અને સમયાંતરે નિરીક્ષણ અનિવાર્ય છે. જો કામમાં બેદરકારી જણાય તો જવાબદાર કોન્ટ્રાક્ટર સામે કડક કાર્યવાહી થવી જોઈએ.

ધારાસભ્યએ વિકાસની યાત્રામાં યુવા પેઢીને જોડવાની વાત કરી છે, ત્યારે આ યુવા પેઢીને ગુણવત્તાયુક્ત રસ્તા, સારી આરોગ્યસુવિધા અને સુવિધાસભર ગામો મળે તે પણ એટલું જ જરૂરી છે. વિકાસના આંકડા અને ખર્ચની રકમ કરતાં વિકાસની ગુણવત્તા અને તેની ટકાઉપણું વધુ મહત્ત્વ ધરાવે છે. હવે જોવાનું એ રહેશે કે આ ખાતમુહૂર્ત બાદ વિકાસકામો સમયમર્યાદામાં અને ગુણવત્તાના માપદંડો મુજબ પૂર્ણ થાય છે કે પછી અગાઉની જેમ રસ્તાઓની નબળી કામગીરી અંગે ગ્રામજનોને ફરી રજૂઆતો કરવાની નોબત આવે છે. કપરાડાના લોકો માટે વિકાસના પથ્થરો નહીં, પરંતુ વર્ષો સુધી ટકી રહે તેવા રસ્તાઓ જ સાચી વિકાસગાથા સાબિત થશે.

વિકાસનાં કામોની ગુણવત્તા સામે લોકોની ફરિયાદો ગ્રાન્ટ કરોડોની, પણ રસ્તા કેટલા ટકાઉ?

કપરાડા અને નાનાપોંઢા તાલુકામાં રસ્તા સહિતનાં વિકાસકામો માટે સરકાર દ્વારા દર વર્ષે કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. તેમ છતાં રસ્તાઓની કામગીરીની ગુણવત્તા અંગે સ્થાનિક સ્તરે અસંતોષ અને સવાલો ઊઠતા રહ્યા છે. કેટલાક કિસ્સાઓમાં સરકારી તંત્રના જવાબદાર અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરોની કામગીરી વચ્ચે સાંઠગાંઠ હોવાની આશંકા પણ લોકો દ્વારા વ્યક્ત કરવામાં આવે છે. જોકે, આવી ફરિયાદોની નિષ્પક્ષ તપાસ થવી જરૂરી છે. મહત્ત્વના રસ્તાઓ ગુણવત્તાવિહોણા બને અને થોડા જ સમયમાં તૂટી જાય તો તેની સીધી અસર વાહનચાલકો, વિદ્યાર્થીઓ, દર્દીઓ અને ગ્રામજનો પર પડે છે. કોન્ટ્રાક્ટરો પાસેથી સારું કામ કરાવવાની જવાબદારી માત્ર કાગળ પર નહીં, પરંતુ સ્થળ પર પણ નિભાવવી જોઈએ. કામ દરમિયાન અચાનક તપાસ, વપરાતા મટિરિયલના નમૂનાની ચકાસણી અને ગુણવત્તાના અહેવાલ જાહેર કરવાની વ્યવસ્થા ઊભી કરવી જોઈએ. ₹.૬.૨૪ કરોડનાં વિકાસકામોમાં પણ ગુણવત્તા સાથે કોઈ બાંધછોડ ન થાય, કામ પૂર્ણ થયા બાદ તેની જવાબદારી નક્કી થાય અને રસ્તાઓ લાંબા સમય સુધી ટકે તે માટે સંબંધિત વિભાગ દ્વારા કડક દેખરેખ રાખવામાં આવે તેવી લોકમાંગ ઊઠી છે. કરોડોની ગ્રાન્ટ ફાળવવી એ વિકાસની શરૂઆત છે, પરંતુ એ નાણાંનો યોગ્ય ઉપયોગ કરીને ટકાઉ કામ કરાવવું જ વહીવટી તંત્રની ખરી કસોટી છે.

ધરમપુર જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર ખાતે બંધારણ દિવસની ઉજવણી

બંધારણની પ્રસ્તાવનાનું સામૂહિક વાંચન કરાયું, હિન્દી સહિત ૨૨ ભાષામાં ફ્લિપબુક વાંચનની વ્યવસ્થા



દ્રષ્ટિકોણ-ધરમપુર, ભારતીય બંધારણના મહત્ત્વ અને તેમાં સમાવિષ્ટ લોકશાહી મૂલ્યો અંગે નાગરિકોમાં જાગૃતિ ફેલાવવાના હેતુથી વલસાડ જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર, ધરમપુર ખાતે ૨૬ નવેમ્બરના રોજ બંધારણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

કાર્યક્રમની શરૂઆતમાં કેન્દ્રના સ્ટાફ સભ્યો દ્વારા ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. ત્યારબાદ ઉપસ્થિત સૌએ ભારતીય બંધારણની પ્રસ્તાવનાનું સામૂહિક વાંચન કર્યું હતું.

આ પ્રસંગે બંધારણના ઇતિહાસ, રચના અને મહત્ત્વ અંગેની વિશેષ દસ્તાવેજી ફિલ્મ દર્શાવવામાં આવી હતી. ઉપરાંત મુલાકાતીઓ માટે બંધારણ આધારિત પ્રશ્નોત્તરી સ્પર્ધાનું આયોજન કરાયું હતું, જેમાં વિજેતાઓને ઇનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

ઉજવણીનું વિશેષ આકર્ષણ કિઓસ્ક પર હિન્દી સહિત ૨૨ ભાષામાં ઉપલબ્ધ બંધારણ આધારિત ફ્લિપબુક રહી હતી. જેના માધ્યમથી મુલાકાતીઓ બંધારણની પ્રસ્તાવના અને તેમાં સમાવિષ્ટ આદર્શો વિશે જાણકારી મેળવી શક્યા હતા. સાથે જ બંધારણની કલા અને સુલેખન આધારિત વિશેષ પ્રદર્શન પણ યોજાયું હતું.ધર્મેન્દ્રસિંહ પરિહાર (ધર્મુદાદા), આંગણવાડીની મહિલાઓ સહિત અન્ય મુલાકાતીઓએ પ્રસ્તાવનાના વાંચનમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ નાગરિકોમાં બંધારણીય જાગૃતિ કેળવવા, લોકશાહી મૂલ્યોનું મહત્ત્વ સમજાવવા અને બંધારણીય ફરજો પ્રત્યે સભાનતા લાવવાનો હતો. આ કાર્યક્રમમાં ICDS ધરમપુરના સ્ટાફ સભ્યો, કેન્દ્રના કર્મચારીઓ તથા મોટી સંખ્યામાં મુલાકાતીઓ જોડાયા હતા.

ગણદેવીમાં ટ્રેનની અડફેટે અજાણ્યા પુરુષનું મોત, કોથામાં યુવકે જીવન ટૂંકાવ્યું

દ્રષ્ટિકોણ-બીલીમોરા, તા.૨૬

ગણદેવી તાલુકાના ભાઠા ગામના વાંગરી ફળિયા પાસેથી પસાર થતા રેલવે ટ્રેકના કિલોમીટર નંબર ૨૧૯/૨ ડાઉન લાઈન પાસે કોઈ અજાણી ટ્રેનની અડફેટે આવી જતાં આશરે ૩૫ થી ૪૦ વર્ષીય એક અજાણ્યા પુરુષનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. તારીખ ૨૫/૧૧/૨૦૨૬ બુધવારે સાંજે આ ઘટનામાં મૃતકને માથાના પાછળના ભાગે, જમણા હાથે અને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. આ બનાવ અંગે બીલીમોરા પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. એસ.ડી. કારેણાએ અકસ્માત મોતનો ગુનો નોંધી મૃતકની ઓળખ મેળવવા સહિતની તપાસ હાથ ધરી છે.

જ્યારે બીજા એક કિસ્સામાં ગણદેવીના કોથા ગામે યુવકનો આપઘાત ગણદેવી તાલુકાના કોથા ગામના તળાવ ફળિયામાં સાગર મુકેશભાઈ હળપતિ (૨૫)એ જંતુનાશક દવા પી આપઘાત કરી લીધો હોવાનો બનાવ સામે આવ્યો છે. ગત તારીખ ૨૩/૧૧/૨૦૨૬ના રોજ સવારે ૯:૩૦ વાગ્યે સાગરને તેની મહિલા મિત્ર એ દારૂ છોડવા કહેતા જેનું માઠું લાગી આવતા સાગર એ પોતાના ઘર પાસે ઝેરી દવા ગટગટાવી લીધી હતી. ગંભીર હાલતમાં તેને સારવાર અર્થે નવસારી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું. આ અંગે મૃતકના પિતા એ ગણદેવી પોલીસ મથકે જાણ કરતાં અમલસાડ ઓપીના એ.હે.કો. પ્રશાંત રામસુંદરે અકસ્માત મોતની નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

ચીખલીના કણભાઈ ગામે ત્રાટકેલા દીપડાનો યુવાન પર હુમલો



દ્રષ્ટિકોણ-ચીખલી,તા.૨૬

ચીખલી તાલુકાના કણભાઈ ગામે ગુરુવાર સવારે ૬:૪૫ કલાકે યુવાન ઉપર દીપડો ત્રાટક્યો હતો. દીપડા એ યુવાન નાં ડાબા પગે ન્હોર મારતા ઈજા ને પગલે પ્રથમ રૂમલા બાદ ચીખલી રેફરલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાયો હતો. વન વિભાગ એ ત્વરીત પાંજરૂ ગોઠવ્યું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર ગોડથલ ગામ ના ઝાડી ફળીયા માં રહેતા અજય ભાઈ વસન ભાઈ પટેલ ગુરુવાર વહેલી સવારે ૬:૪૫ નાં અરસામાં નજીકના કણભાઈ ગામે કણભાઈ થી ચીખલી તરફ જતા હતા. તે વેળા માર્ગ ઉપર એકાએક વન્ય પ્રાણી દિપડા દ્વારા હૂમલો કરતા ડાબા પગે ઈજા થઈ હતી. છે.જેને સારવાર અર્થે રુમલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર બાદ ચીખલી રેફરલ હોસ્પિટલ ખાતે સારવાર માટે લઈ જવાયો હતો. બીજી તરફ વન વિભાગ એ સ્ફૂર્તિ દાખવી ગણતરી ની મિનિટો માં ઘટના સ્થળે પાંજરું ગોઠવ્યું હતું.

ખેરગામના મામલતદાર વિજયભાઈ પટેલની ઉચ્છલ બદલી, દિપીકા રોઝની નિમણૂક

રાજ્યભરમાં ૮૬ મામલતદારોની સાગમટે બદલીઓના હુકમ : ખેરગામને ૧૩ વર્ષમાં મળશે ૧૯મા મામલતદાર

દ્રષ્ટિકોણ-ખેરગામ, ગુજરાત સરકારના મહેસૂલ વિભાગ દ્વારા રાજ્યભરમાં વહીવટી ફેરબદલના ભાગરૂપે ૮૬ જેટલા મામલતદારોની સામૂહિક બદલીના હુકમો કરવામાં આવ્યા છે. મહેસૂલ વિભાગના સંયુક્ત સચિવ સચિન પટવર્ધન દ્વારા રાજ્યપાલશ્રીના નામે બહાર પાડવામાં આવેલી તા. ૨૫-૧૧-૨૦૨૬ની અધિસૂચના અંતર્ગત આ બદલીઓ કરવામાં આવી છે.

આ બદલીના હુકમમાં ખેરગામ તાલુકા સેવા સદન ખાતે ૧૮મા મામલતદાર તરીકે ફરજ બજાવતા વિજયકુમાર છગનભાઈ પટેલની તાપી જિલ્લાના ઉચ્છલ તાલુકા મથકે બદલી કરવામાં આવી છે. પેલાડી ભૈરવીના વતની વિજયભાઈ પટેલે ખેરગામમાં માત્ર નવ મહિનાની સેવા આપી હતી. હવે તેઓ ઉચ્છલ ખાતે નવી જવાબદારી સંભાળવા જશે.બીજી તરફ, ખેરગામના નવા મામલતદાર તરીકે ગણદેવી ખાતે ફરજ બજાવતાં દિપીકા શ્યામજી રોઝની નિમણૂક કરવામાં આવી છે. તેઓ ખેરગામ ખાતે હાજર થઈ મામલતદારનો હવાલો સંભાળશે. આ ઉપરાંત હરદીપસિંહ સોલંકીની પારડી, હકુભાઈ કાકલોતરની ઉમરગામ અને હિતેન્દ્ર પુરોહિતની વડનગરથી ગણદેવી મામલતદાર તરીકે બદલી કરવામાં આવી છે. જ્યારે ફાલ્ગુની પટેલની નવસારીથી નાનાપોંઢા મામલતદાર તરીકે નિમણૂક કરાઈ છે.

૧૩ વર્ષમાં ૧૯મા મામલતદારની નિમણૂક

ખેરગામ તાલુકાની સ્થાપના બાદ તાલુકા સેવા સદન ખાતે મામલતદાર તરીકે ૧૩ વર્ષના સમયગાળામાં હવે ૧૯મી નિમણૂક થવા જઈ રહી છે. અગાઉ મામલતદારોની વારંવાર થતી બદલીઓ વચ્ચે સને ૨૦૨૫માં એક જ વર્ષમાં પાંચ પાંચ મામલતદારોની નિમણૂક થઈ હતી. હવે દિપીકાબેન રોઝ ખેરગામના ૧૯મા મામલતદાર તરીકે જવાબદારી સંભાળશે.હાલમાં ગ્રામ પંચાયતની ચૂંટણીઓનો માહોલ ચાલી રહ્યો છે ત્યારે મામલતદારની આ બદલી અને નવી નિમણૂકને પગલે વહીવટી તંત્રમાં પણ નવી જવાબદારીની શરૂઆત થશે. બીજી તરફ, વિજયભાઈ પટેલ ઉચ્છલ ખાતે ફરજ સંભાળવા રવાના થશે.

સેગવામાં એક જ રાતે ૪ સંસ્થાઓનાં તાળાં તૂટ્યાં, ડેરીમાંથી રૂ.૪૨ હજારની ચોરી



દ્રષ્ટિકોણ-વલસાડ: વલસાડ જિલ્લાના સેગવા ગામમાં તસ્કરોએ એક જ રાતે ચાર સંસ્થાઓને નિશાન બનાવી ચોરીની ઘટનાને અંજામ આપતાં ગામમાં ચકચાર મચી ગઈ છે. તસ્કરોએ ગ્રામ પંચાયત કચેરી, દૂધ ડેરી, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને આંગણવાડી કેન્દ્રનાં તાળાં તોડી અંદર પ્રવેશ કર્યો હતો. દૂધ ડેરીમાંથી રૂ.૪૨ હજારની રોકડ રકમ ચોરી કરી હતી, જ્યારે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાંથી વજનકાંટો સહિત મેડિકલ સામાન ઉઠાવી ગયા હતા.ચોરીની ઘટનામાં તસ્કરોએ ગ્રામ પંચાયત કચેરી અને આંગણવાડી કેન્દ્રમાં પણ પ્રવેશ કરી સામાન વેરવિખેર કરી નાખ્યો હતો. એક જ રાતમાં ચાર સ્થળે તાળાં તોડીને ચોરી થતાં ગ્રામજનો અને સ્થાનિક સંસ્થાઓના કર્મચારીઓમાં ચિંતાનો માહોલ ફેલાયો છે. વહેલી સવારે ગ્રામજનો અને સંસ્થાના કર્મચારીઓ સ્થળ પર પહોંચ્યા ત્યારે તાળાં તૂટેલાં અને અંદરનો સામાન વેરવિખેર જોવા મળ્યો હતો. ચોરીની ઘટનાની જાણ પોલીસને કરવામાં આવતાં પોલીસ ટીમ સ્થળ પર પહોંચી હતી અને તપાસ શરૂ કરી હતી.

ઉમરગામની ટોકરખાડીમાં હજારો માછલીઓનાં મોત, ઔદ્યોગિક પ્રદૂષણ સામે ગ્રામજનોમાં રોષ



દ્રષ્ટિકોણ-ઉમરગામ: વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના ખતલવાડા ગામની ટોકરખાડીમાં મોટી સંખ્યામાં માછલીઓ મૃત હાલતમાં મળી આવતાં ચકચાર મચી ગઈ છે. ખાડીના પાણીની સપાટી તેમજ કિનારે મૃત માછલીઓ જોવા મળતાં સ્થાનિકોમાં ચિંતા અને રોષ ફેલાયો છે. આસપાસ આવેલી ઔદ્યોગિક કંપનીઓ દ્વારા કેમિકલયુક્ત અથવા પ્રદૂષિત પાણી ખાડીમાં છોડવામાં આવતું હોવાની આશંકા ગ્રામ પંચાયત દ્વારા વ્યક્ત કરવામાં આવી છે.

આ ગંભીર મામલે ખતલવાડા ગ્રામ પંચાયતે ૨૬ નવેમ્બર, ૨૦૨૬ના રોજ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB), વલસાડના પ્રાદેશિક અધિકારીને લેખિત રજૂઆત કરી છે. રજૂઆતમાં જણાવાયું છે કે ઔદ્યોગિક એકમોમાંથી નીકળતું પ્રદૂષિત પાણી ટોકરખાડીમાં છોડાતું હોવાને કારણે ખાડીનું પાણી દૂષિત થયું હોઈ શકે છે અને તેના કારણે મોટી સંખ્યામાં માછલીઓનાં મોત થયાં હોવાની શક્યતા છે.

ગ્રામ પંચાયતે GPCB સમક્ષ ખાડીના પાણીના નમૂના લઈને લેબોરેટરીમાં તપાસ કરાવવા તેમજ આસપાસની ઔદ્યોગિક કંપનીઓ દ્વારા કરવામાં આવતા પાણીના નિકાલની સઘન ચકાસણી કરવાની માગ કરી છે. પ્રદૂષિત પાણી છોડતી કંપનીઓની ઓળખ કરી સ્થળ તપાસ કરવા અને જવાબદાર એકમો સામે પર્યાવરણના કાયદા હેઠળ કડક કાર્યવાહી કરવાની પણ રજૂઆત કરવામાં આવી છે.

ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ગણદેવી તાલુકાના દિવાળી સ્નેહમિલનમાં યોગ સાધકોનું સન્માન



દ્રષ્ટિકોણ-બીલીમોરા,તા.૨૬

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા ગણદેવી તાલુકાનો દિવાળી સ્નેહમિલન સમારોહ બુધવારે બીલીમોરા વી. એસ. પટેલ કોલેજ ઓફ આર્ટ્સ એન્ડ સાયન્સના મેદાનમાં યોજાયો હતો. યોગ સાથે જોડાયેલા સાધકો, ટ્રેનરો, કોચ અને કાર્યકરોની ઉપસ્થિતિમાં યોગના પ્રચાર-પ્રસાર સાથે સાધકોના ઉત્સાહ અને સેવાભાવને બિરદાવવામાં આવ્યા હતા.

આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે બી.વી.કે. મંડળના ચેરમેન નરેશભાઈ નેમાણી, મંત્રી ઉદયભાઈ પટેલ, ગુજરાત રાજ્ય યોગ બોર્ડનાં ઝોન સંયોજક પ્રીતિબેન પાંડે, એ.વી. પટેલ કોમર્સ કોલેજનાં ઈન્ચાર્જ આચાર્ય ડૉ. સોનલબેન વસાવા, બી.એસ. પટેલ સ્કૂલનાં આચાર્ય રશ્મિબેન અરોરા, ડીએસડીઓ અલ્પેશભાઈ પટેલ તથા વી.એસ. પટેલ કોલેજ ઓફ આર્ટ્સ એન્ડ સાયન્સના ઉપાચાર્ય મેજર ડૉ. ભાવેશભાઈ દેવતા ઉપસ્થિત રહ્યા હતા.

નવસારી જિલ્લા સંયોજક ગાયત્રીબેન તલાટીના માર્ગદર્શન હેઠળ યોગ કોચ મનીષાબેન દેવતાએ કર્યું હતું. સહઆયોજક તરીકે હંસાબેન સોલંકી, લોપાબેન દેસાઈ અને પૂર્વીબેન પટેલે જવાબદારી સંભાળી હતી. હરીશભાઈ ટંડેલે પણ આયોજનમાં સહયોગ આપ્યો હતો. દરમિયાન વિવિધ યોગ વર્ગોમાં શ્રેષ્ઠ આસનોનું પ્રદર્શન કરનાર સાધકો તેમજ નિયમિતપણે યોગ વર્ગોમાં હાજરી આપનાર સાધકોને મહાનુભાવોના હસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત યોગના પ્રચાર-પ્રસાર અને તાલીમ ક્ષેત્રે નિષ્ઠાપૂર્વક સેવા આપનાર યોગ ટ્રેનરો અને કોચનું પણ સન્માન કરી તેમની સેવાઓને બિરદાવવામાં આવી હતી.

આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોએ યોગના શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય માટેના મહત્વ પર પ્રકાશ પાડતાં દરેક વ્યક્તિએ સ્વસ્થ અને નિરોગી જીવન માટે યોગને દૈનિક જીવનનો અભિન્ન ભાગ બનાવવો જોઈએ એવો અનુરોધ કર્યો હતો.

આજનું રાશિફળ

મેષ

આવતીકાલનો દિવસ તમારા માટે ઉત્સાહ અને આત્મવિશ્વાસથી ભરેલો રહી શકે છે. નોકરીમાં નવી જવાબદારી મળી શકે છે.

વૃષભ

આવતીકાલે કામકાજમાં ધીરજ રાખવી જરૂરી રહેશે. કોઈ જૂની સમસ્યાનો ઉકેલ મળી શકે છે. નાણાકીય વ્યવહારમાં સાવચેતી રાખશો.

મિથુન

આવતીકાલે તમારા વિચારો અને કાર્યક્ષમતાની પ્રશંસા થઈ શકે છે. વેપાર અને નોકરીમાં નવી તક મળવાના સંકેતો છે.

કર્ક

આવતીકાલે ભાવનાઓ પર નિયંત્રણ રાખવું તમારા માટે મહત્વપૂર્ણ રહેશે. કાર્યક્ષેત્રમાં ધીમે ધીમે પ્રગતિ થશે.

સિંહ

આવતીકાલે આત્મવિશ્વાસ અને કાર્યક્ષમતામાં વધારો થશે. નોકરીમાં અધિકારીઓ તમારી કામગીરીથી પ્રભાવિત થઈ શકે છે.

કન્યા

આવતીકાલે આયોજનબદ્ધ રીતે કામ કરવાથી સફળતા મળી શકે છે. અટકેલાં કામ આગળ વધશે. નોકરીમાં જવાબદારી વધી શકે છે.

તુલા

આવતીકાલે સંતુલન અને સમજદારીથી કામ લેવું જરૂરી રહેશે. કાર્યક્ષેત્રમાં કોઈ પડકાર સામે આવી શકે છે, પરંતુ ધીરજથી ઉકેલ મેળવી શકશો. નાણાકીય વ્યવહારમાં સાવચેતી રાખવી.

વૃશ્ચિક

આવતીકાલે કોઈ મહત્વપૂર્ણ કામમાં સાવચેતી અને ધીરજ રાખવી પડશે. કાર્યક્ષેત્રમાં વિલંબ થઈ શકે છે, પરંતુ સતત મહેનતથી પરિણામ મેળવી શકશો. નાણાકીય બાબતોમાં જોખમ લેવાનું ટાળવું.

ધન

આવતીકાલે નવી તક અને નવા સંપર્કો તમારા માટે લાભદાયક બની શકે છે. વેપાર અને નોકરીમાં પ્રગતિના સંકેતો છે. કોઈ જૂની યોજનાને ફરીથી શરૂ કરવાની તક મળી શકે છે. પરિવાર તરફથી સહયોગ મળશે.

મકર

આવતીકાલે મહેનત અને શિસ્ત તમારા માટે સફળતાનો માર્ગ બની શકે છે. નોકરીમાં જવાબદારી વધશે.

કુંભ

આવતીકાલે નવા વિચારો અને યોજનાઓ પર કામ કરવાની તક મળી શકે છે. કાર્યક્ષેત્રમાં સહકર્મીઓનો સહયોગ મળશે.

મીન

આવતીકાલે ધીરજ અને સકારાત્મક વિચારોથી કામમાં સફળતા મળી શકે છે. નોકરીમાં કોઈ નવી તક મળી શકે છે.

આજનો મજેદાર જોક્સ

- અમેરિકન : અમારે ત્યાં વરસાદ પછી તરતજ રોડ પરથી પાણી ગાયબ.
- ભારતીય : અમારે ત્યાં વરસાદ પછી પાણી માંથી રોડ જ ગાયબ

આજનું પંચાંગ

શુક્રવાર, ૨૭ નવેમ્બર ૨૦૨૬ । સુરત

વિક્રમ સંવત	૨૦૮૩ । કારતક માસ । કૃષ્ણ પક્ષ
તિથિ	કૃષ્ણ ત્રીજ
	સવારે ૯:૪૮ સુધી, ત્યારબાદ ચોથ
વાર	શુક્રવાર
નક્ષત્ર	આર્દ્રા
	બપોરે ૩:૦૮ સુધી, ત્યારબાદ પુનર્વસુ
યોગ	શુભ યોગ
	રાત્રે ૧૧:૫૧ સુધી
પંચાંગની વિગતો	
પંચાંગ	વિગતો
તિથિ	કૃષ્ણ ત્રીજ સવારે ૯:૪૮ સુધી, ત્યારબાદ ચોથ
નક્ષત્ર	આર્દ્રા બપોરે ૩:૦૮ સુધી, ત્યારબાદ પુનર્વસુ
યોગ	શુભ યોગ રાત્રે ૧૧:૫૧ સુધી
કરણ	વિષ્ટિ સવારે ૯:૪૮ સુધી, ત્યારબાદ બવ
પક્ષ	કૃષ્ણ પક્ષ
માસ	કારતક માસ
વિક્રમ સંવત	૨૦૮૩
શક સંવત	૧૯૪૮
શુભ સમય	
- બ્રહ્મ મુહૂર્ત:	સવારે ૫:૧૨ થી ૬:૦૪
- અભિજિત મુહૂર્ત:	બપોરે ૧૨:૦૪ થી ૧૨:૪૮
- વિજય મુહૂર્ત:	બપોરે ૨:૧૫ થી ૨:૫૯
- ગોધૂલી મુહૂર્ત:	સાંજે ૫:૫૫ થી ૬:૨૧
અશુભ સમય	
- રાહુકાળ:	સવારે ૧૧:૦૩ થી બપોરે ૧૨:૨૬
- યમગંડ:	બપોરે ૩:૧૦ થી ૪:૩૩
- ગુળિક કાળ:	સવારે ૮:૧૯ થી ૯:૪૧
- દુર્મુહૂર્ત:	સવારે ૯:૦૮ થી ૯:૫૨
સૂર્ય અને ચંદ્ર	
- સૂર્યોદય:	સવારે ૬:૫૬
- સૂર્યાસ્ત:	સાંજે ૫:૫૫
- ચંદ્રોદય:	રાત્રે ૮:૪૯
- ચંદ્રાસ્ત:	સવારે ૯:૪૬

આજનો સુવિચાર

"વિશ્વાસ એક એવું રબર છે, જે દરેક ભૂલ પછી નાનું થતું જાય છે."

પ્રેસનોટ/જાહેરાત માટે સંપર્ક કરો

96876 77873

90160 19491

બજારમાં એનર્જી ડ્રિંક

એ વિટંબણા જ કહી શકાય કે દેશમાં નિયામક કાયદા નહિ હોવાને કારણે અનેક રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કંપનીઓ બાળકોનું સ્વાસ્થ્ય સુધારવાના દાવા સાથે ઢગલાબંધ નફો ઉસેટી રહી છે. જેમાં બોર્નવિટા અને એના જેવી જ બહુરાષ્ટ્રીય કંપનીઓનાં પીણાં સામેલ છે. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે ઇકોમર્સ પ્લેટફોર્મોને હાલમાં જ નિર્દેશ આપ્યા છે કે બોર્નવિટા અને આ પ્રકારનાં પીણાંને સ્વાસ્થ્યવર્ધક પીણાંની શ્રેણીમાંથી હટાવી દેવામાં આવે. નિશ્ચિતપણે આ પગલાથી આવાં ઉત્પાદનોને લઈને પારદર્શિતા નક્કી કરવા અને ગ્રાહકોની જાગૃતિ વધારવાની દિશામાં એક સાર્થક પહેલ થઈ છે.

અસલમાં રાષ્ટ્રીય બાલ અધિકાર સંરક્ષણ આયોગની તપાસ બાદ સામે આવ્યું હતું કે ખાદ્ય સુરક્ષા અને માનક અધિનિયમ, ૨૦૦૬ અંતર્ગત સ્વાસ્થ્ય પીણાંની કોઈ સત્તાવાર પરિભાષા જ ન હતી. જેનો ફાયદો કારોબારી કંપનીઓ પોતાના ઉત્પાદનોને 'હેલ્થ ડ્રિંક' ગણાવીને ઉઠાવતી રહી છે. વક્તા કહો કે જે ઉત્પાદનને કંપનીઓ સ્વાસ્થ્યવર્ધક ગણાવીને વર્ષો સુધી નફો ઉસેટતી રહી, તે જ ઉત્પાદન બાળકો માટે ખરેખર તો સ્વાસ્થ્ય સંબંધી મુશ્કેલીઓ પેદા કરે છે.

હેલ્થ ડ્રિંક કહીને વેચાતું બોર્નવિટા ત્યારે વિવાદોમાં ઘેરાઈ ગયું હતું જ્યારે તેના પોષણ સંબંધી દાવા, ખાસ કરીને તેમાં રહેલ ખાંડની માત્રા બાબતે સવાલો પૂછવામાં આવ્યા હતા. આ વિવાદે જ સમયાંતરે આવા એનર્જી ડ્રિંક્સની હકીકતનું પુનઃમૂલ્યાંકન કરવાની જરૂર ઊભી કરી. સવાલ ઉઠ્યા કે કેવી રીતે આવા ઉત્પાદનોના વેચાણ અને લેબલિંગ કરવામાં આવે છે

જ્યારે બીજી તરફ આ જ મહિનાની શરૂઆતમાં, ભારતીય ખાદ્ય સુરક્ષા અને માનક પ્રાધિકરણે (એફએસએસએઆઈ) પણ ખુલાસો કર્યો હતો કે ડેરી, અનાજ કે મોલ્ટ આધારિત પીણાંને સ્વાસ્થ્ય ઊર્જા વધારનારા પીણાં તરીકે ન દર્શાવવાં જોઈએ. અસલમાં સ્વાસ્થ્યવર્ધક અને ઊર્જા વધારનારા પીણાંના નામે મોટો ગોરખધંધો ચાલી રહ્યો છે. એની સામે આંખ આડા કાન થઈ રહ્યા છે. વળી સ્વાસ્થ્યવર્ધક પીણાંના નામે વધારે કિંમત પણ વસૂલવામાં આવી રહી છે. વિશ્વાસ રાખીએ કે એફએસએસએઆઈની સાર્થક પહેલનાં સકારાત્મક પરિણામ સામે આવશે અને ગ્રાહકોને છેતરવાની પ્રવૃત્તિ પર અંકુશ લાગશે. નિશ્ચિતપણે તંત્રની બેજવાદારી અને નિરીક્ષણ કરનારા વિભાગોની મિલીભગતથી આ ખેલ દાયકાઓથી ચાલ્યો આવે છે. મોડે મોડે પણ તંત્રએ ગ્રાહકોના હિતોની રક્ષા માટે પહેલ કરી અને આશા રાખીએ કે અન્ય બાબતોમાં પણ ગ્રાહકોના હિતોને જ અગ્રીમ સ્થાન આપવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે હેલ્થ ડ્રિંક કહીને વેચાતું બોર્નવિટા ત્યારે વિવાદોમાં ઘેરાઈ ગયું હતું જ્યારે તેના પોષણ સંબંધી દાવા, ખાસ કરીને તેમાં રહેલ ખાંડની માત્રા બાબતે સવાલો પૂછવામાં આવ્યા હતા. આ વિવાદે જ સમયાંતરે આવા એનર્જી ડ્રિંક્સની હકીકતનું પુનઃમૂલ્યાંકન કરવાની જરૂર ઊભી કરી. સવાલ ઉઠ્યા કે કેવી રીતે આવા ઉત્પાદનોના વેચાણ અને લેબલિંગ કરવામાં આવે છે. જોકે બોર્નવિટાએ આ પ્રતિક્રિયા અને વિવાદ બાદ પોતાના ઉત્પાદનમાં ખાંડની માત્રા થોડી ઘટાડી હતી. પરંતુ ભ્રામક આધાર પર સ્વાસ્થ્યવર્ધક લેબલિંગના મુદ્દાએ આખા ઉદ્યોગ જગતને પોતાના નિશાના પર લઈ લીધું.

ઉલ્લેખનીય છે કે બજારમાં એનર્જી ડ્રિંક વિશેષ રૂપે કાર્બોનેટેડ અને બિનકાર્બોનેટેડ બંને પ્રકારના સ્વાદવાળા પાણી આધારિત પીણાંને સંદર્ભિત કરે છે. મુશ્કેલી એ છે કે આ પીણાંને મોટાભાગે હેલ્થ ડ્રિંકના નામે બજારમાં ઉતારવામાં આવે છે અને સામાન્ય પીણાંની તુલનામાં તેની કિંમત વધારે રાખવામાં આવે છે. જ્યારે આ પીણાંમાં ખાંડની વધુ માત્રા સ્વાસ્થ્ય માટે કેટલાય ગંભીર પડકારો પેદા કરે છે.

ખાસ કરીને બાળકોના સ્વાસ્થ્ય માટે. જેમાં નાની ઉંમરે સ્થૂળતા, ડાયાબિટીસ અને દાંતોના કેટલાય રોગ પેદા થઈ શકે છે. અસલમાં દેશમાં આ ઉત્પાદનોને લઈને નિયામક દિશાનિર્દેશના અભાવે આ સમસ્યા વકરી છે. જેને કારણે ગ્રાહકો ભ્રામક જાહેરાતોની જાળમાં ફસાઈ જાય છે. નિશ્ચિતપણે આ નવા સ્પષ્ટીકરણ નિર્દેશોથી ગ્રાહકોને પોતાના ઉત્પાદનો પસંદ કરવા માટે નવા વિકલ્પ મળશે. ભવિષ્યમાં સરકાર અને અન્ય હિતધારકોએ ખાદ્ય ઉત્પાદનોના લેબલિંગ અને વર્ગીકરણ માટે વ્યાપક માપદંડો સ્થાપિત કરવા પડશે. નિશ્ચિતપણે નિયામક સંસ્થાઓ લેબલિંગ માટે નિર્માતાઓ, વિક્રેતાઓ અને ઈ-કોમર્સ પ્લેટફોર્મોને જવાબદાર ઠેરવીને નાગરિકોના સ્વાસ્થ્યની રક્ષાની દિશામાં સાર્થક પહેલ કરી શકે છે. આ પહેલ જનહિતમાં જેટલી વહેલી સંભવ હોય તેટલી કરવી જોઈએ.

અંતરિક્ષમાં કચરાના કારણે ચિંતા

અંતરિક્ષમાં કચરાના કારણે ચિંતા સતત વધી રહી છે. અંતરિક્ષમાં કોઈ પણ દેશ દ્વારા ઉપગ્રહ અથવા તો યાન પર કરવામાં આવેલા વિધ્વંશક પ્રયોગના કારણે સેંકડો ટુકડા અંતરિક્ષમાં ફેલાઈ જાય છે. જે પૈકી મોટા ભાગના ટુંકડા પૃથ્વી તરફ પડીને ભસ્મ થઈ જાય છે. પરંતુ કેટલાક ટુકડા પૃથ્વીની નજીકની સપાટીમાં પ્રવેશ કરી જાય છે. જ્યાં આ ટુકડા વર્ષો સુધી રહે છે. જાણકાર ભારતીય નિષ્ણાંતો કહે છે કે અંતરિક્ષ કચરાના નિકાલ માટે કામ કરવાની જરૂર દેખાઈ રહી છે.

વર્ષ ૧૯૮૩માં અંતરિક્ષમાં નાસાના સ્પેસ શટલની વિન્ડ શિલ્ડના પેન્ટથી એક કણ ટકરાઈ જવાના કારણે સમસ્યા સર્જાઈ હતી. જેના કારણે તેમાં એક નાનકડા ખાડા જેવી સ્થિતી સર્જાઈ ગઈ હતી. આ બાબત ખુબ જ ચિંતાજનક રહી હતી. કારણ કે આના કારણે અંતરિક્ષ યાત્રીઓની જાનને ખતરો હોઈ શકે છે. જો કે પૃથ્વીની નજીકની સપાટીમાં આવા સંઘર્ષની સમસ્યા ઓછી જોવા મળે છે. આંકડા પર નજર કરવામાં આવે તો આ વર્ષના આરંભમાં એકથી ૧૦ સેન્ટીમીટર આકારના ટુંકડાની સંખ્યા ૧૦ લાખ હતી. જ્યારે એક સેન્ટીમીટરથી ઓછા આકારવાળા આમાંખુબ વધારે હશે. જ્યારે ૧૦ સેન્ટીમીટરથી વધારે મોટા ટુકડાની સંખ્યા ૩૪૦૦૦ કરતા વધારે છે. ઈતિહાસમાં ચોથી ઓક્ટોબર ૧૯૫૭નો દિવસ કોઈ સામાન્ય દિવસ ન હતો. આ દિવસે પ્રથમ વખત માનવી દ્વારા અંતરિક્ષમાં એક અભૂતપૂર્વ ઉડાણ ભરી હતી. એ વખતે સોવિયત સંઘદ્વારા સ્પુતનિક-૧ નામના કૃત્રિમ ઉપગ્રહને પૃથ્વીની કક્ષામાં સ્થાપિત કરવામાં સફળતા મેળવી હતી. આ ૫૮ સેન્ટીમીટરનમા આકારના એક ઘાતુના કદમાં સાધન હતુ.

કેટલાક ટુકડા પૃથ્વીની નજીકની સપાટીમાં પ્રવેશ કરી જાય છે. જ્યાં આ ટુકડા વર્ષો સુધી રહે છે. જાણકાર ભારતીય નિષ્ણાંતો કહે છે કે અંતરિક્ષ કચરાના નિકાલ માટે કામ કરવાની જરૂર દેખાઈ રહી છે

જેમાં ચાર બહારના એન્ટિના લાગેલા હતા. આ કારનામાના કારણે અંતરિક્ષને જાણે એકાધિકારમાં લેવા માટે એક પ્રકારની સ્પર્ધા શરૂ કરવામાં આવી હતી. જે હજુ સુધી જારી છે. આ સ્પર્ધાનો હવે અંત આવે તેમ લાગતુ નથી. આનાથી અલગ એક ટેકનોલોજીમાં ક્રાન્તિની શરૂઆત હતી. જેમાં એવા મોટા ભાગના દેશો સામેલ થઈ ગયા હતા જે અંતરિક્ષમાં મોટી સફળતા હાંસલ કરવા માટે ઈચ્છુક હતા. હવે તો અનેક દેશોના ભુ ઉપગ્રહો સંચાર વ્યવસ્થા રિમોટ સેન્સિંગ, મિલેટરીને સમર્પિત અને વૈજ્ઞાનિકોના અભ્યાસ માટે અંતરિક્ષમાં સ્થાપિત કરવામાં આવી રહ્યા છે. આ તમામ ઉપગ્રહો સ્થાપિત કરવામાં આવ્યા બાદ અંતરિક્ષમાં કચરાને લઈને પણ સમસ્યા ઉભી થઈ રહી છે. કેટલાક દેશો તો હાલમાં માનવ સહિત અંતરિક્ષ યાત્રાની તૈયારીમાં લાગેલા છે. સામાન્ય રીતે પ્રશ્ન કરવામાં આવે છે કે અંતરિક્ષ ક્યાં છે. આનો સરળ જવાબ જાણીતા વૈજ્ઞાનિક પ્રેડ હોએલે આપ્યો છે. તેમનુ કહેવુ છે કે માત્ર ૧૦૦ કિલોમીટરની ડ્રાઈવ જેટલુ દુર છે. આના માટે આકાશની તરફ જવાની જરૂર છે આ ઉંચાઈ પર પૃથ્વીનુ વાતાવરણ લગભગ નહીની સ્થિતીમાં છે. આ ઉંચાઈ પર પરત ફરતા ફરતા અંતરિક્ષ યાન અથવા તો ઉપગ્રહોના વિઘટનની પ્રક્રિયા શરૂ કરવામાં આવે છે. કોઈ પણ વસ્તુ માટે રિ એન્ટ્રી અથવા તો બાહરના અંતરિક્ષથી વાતાવરણમાં પ્રવેશ કરવાની બાબત અથવા તો માનવી સહિત અંતરિક્ષ યાન માટે ઘર વાપસી પણ આ ઉંચાઈથી થાય છે. મોટા ભાગના ભુ ઉપગ્રહો પૃથ્વીની નજીકની સપાટીમાં સ્થાપિત કરવામાં આવે છે. જે ૪૦૦થી ૧૦૦૦ કિલોમીટરની ઉંચાઈ પર હોય છે. આ તમામ સપાટી ધ્રુવોથી ૨૦થી ૩૦ ડિગ્રીના કોણની અંદર રહે છે. તેમને ધ્રુવીય ઉપગ્રહ કહેવામાં આવે છે. તેમના પરિભ્રમણ કાળની અવધિ ૯૦ મિનિટ સમાન હોય છે. જાણકાર નિષ્ણાંતો કહે છે કે સૌથી ઉપર ભુ સ્થિર સપાટી છે. ભુ ઉપગ્રહો મોટા ભાગે પૃથ્વીની નજીકની સપાટીમાં સ્થાપિત કરવામાં આવે છે આ જ સપાટીમાં અંતરિક્ષ યાનના વિસર્જિત હિસ્સા પણ જુદી જુદી સપાટીમાં બેસે છે. અનેક ઉપગ્રહો લોંચના કારણે સ્થિતી એ થઈ છે કે આની સંખ્યા હવે લાખોમાં થઈ ગઈ છે. આ લાંબા સમય સુધી પૃથ્વીની નજીકની સપાટીમાં પરિભ્રમણ કરે છે. અંતરિક્ષમાં કચરાને અનેક રૂપમાં જોઈ શકાય છે.

જેમાં રોકેટના બુસ્ટર, મૃત ઉપગ્રહો, હાર્ડવેયરના ટુકડા, અને આંતરરાષ્ટ્રીય સ્પેશન સ્ટેશનની બહાર આના યાત્રીઓ દ્વારા છુટી ગયેલી ચીજો સામેલ છે. અહીં એવા ઉપગ્રહો પણ છે જે અંતરિક્ષમાં કોઈ કારણસર નિષ્ક્રિય થઈ ગયા છે અથવા તો ટુટી ગયા છે.

સચિનમાંથી બે દિવસથી ગુમ ૧૭ વર્ષીય તરુણીનો મૃતદેહ કોયલી ખાડીમાંથી મળ્યો

દ્રષ્ટિકોણ-સુરત, તા.૨૬

સુરત શહેરના સચિન વિસ્તારમાંથી બે દિવસ પહેલાં ગુમ થયેલી ૧૭ વર્ષીય તરુણીનો મૃતદેહ કનસાડ ગામ નજીક આવેલી કોયલી ખાડીમાંથી મળી આવતાં સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. ખાડીના પાણીમાં મૃતદેહ તરતો હોવાની જાણ થતાં ફાયર બ્રિગેડની ટીમે સ્થળ પર પહોંચી મૃતદેહ બહાર કાઢ્યો હતો. મૃતકના ગળાના ભાગે ઈજાના નિશાન હોવાની પ્રાથમિક ચર્ચાને પગલે પોલીસે હત્યા કે આત્મહત્યા સહિતના તમામ પાસાઓ પર તપાસ શરૂ કરી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, સચિનના લાજપોર વિસ્તારમાં આવેલા મદીના પાર્કમાં રહેતા મોહમ્મદ ઝાકિર અન્સારીની ૧૭ વર્ષીય પુત્રી ઈરફત બે દિવસ પહેલાં ગુમ થઈ ગઈ હતી. પુત્રીનો પત્તો નહીં લાગતાં પરિવારજનોએ તેની શોધખોળ શરૂ કરી હતી, ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને ભારે જહેમત બાદ મૃતદેહને પાણીમાંથી બહાર કાઢ્યો હતો. ત્યારબાદ પોલીસને જાણ કરવામાં આવતાં પોલીસ

ગળાના ભાગે ઈજાના નિશાન હોવાની ચર્ચા વચ્ચે હત્યા કે આત્મહત્યા શંકા-કુશંકા

પરંતુ કોઈ સફળતા મળી નહોતી. દરમિયાન આજે કનસાડ ગામ નજીકથી પસાર થતી કોયલી ખાડીના પાણીમાં એક મૃતદેહ તરતો હોવાની જાણ રાહદારીને થતાં ફાયર વિભાગને જાણ કરવામાં આવી હતી. કાફલો પણ સ્થળ પર પહોંચ્યો હતો. તપાસ દરમિયાન મૃતદેહ બે દિવસથી ગુમ થયેલી ઈરફતનો હોવાનું સામે આવ્યું હતું. મૃતકના ગળાના ભાગે ઈજાના નિશાન હોવાની ચર્ચાને કારણે બનાવ વધુ રહસ્યમય બન્યો છે. તરુણીની હત્યા કરી મૃતદેહ ખાડીમાં ફેંકવામાં આવ્યો છે કે અન્ય કોઈ કારણસર તેનું મોત થયું છે તે અંગે અનેક સવાલો ઊભા થયા છે. જોકે, હાલ મોતનું કારણ સ્પષ્ટ થયું નથી.

પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો છે અને રિપોર્ટના આધારે આગળની કાર્યવાહી કરવામાં આવશે. મૃતકના પિતા મોહમ્મદ ઝાકિર અન્સારી દુબઈ ખાતે નોકરી કરે છે. પરિવારમાં અન્ય ત્રણ ભાઈ-બહેન પણ છે. કિશોરીનો મૃતદેહ મળી આવતાં પરિવારજનો પર આભ તૂટી પડ્યું છે અને સમગ્ર વિસ્તારમાં શોકનો માહોલ છવાઈ ગયો છે.

નિઝરના રાયગઢ પાસે ટ્રાવેલ્સ બસની ટક્કરે અલ્ટો કારનો કચ્ચરઘાણ, બે યુવકોનાં મોત



દ્રષ્ટિકોણ-નિઝર: તાપી જિલ્લાના નિઝર તાલુકામાં ઉચ્છલ-નિઝર સ્ટેટ હાઈવે પર રાયગઢ ગામની સીમમાં ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાયો હતો. પૂરઝડપે આવતી ટ્રાવેલ્સ બસે અલ્ટો કારને જોરદાર ટક્કર મારતાં કારમાં સવાર બે યુવકોનાં ઘટનાસ્થળે જ મોત નીપજ્યાં હતાં, જ્યારે અન્ય એક યુવક ઘાયલ થયો હતો. સુરત ખાતે લગ્ન પ્રસંગમાં હાજરી આપીને મહારાષ્ટ્ર પરત ફરી રહેલા યુવકો અકસ્માતનો ભોગ બનતાં પરિવારમાં શોકની લાગણી ફેલાઈ છે. મહારાષ્ટ્રના નંદુરબાર જિલ્લાના શાહદા તાલુકાના કળંબૂ ગામના રહેવાસી પંડિત દેવરે, કૃષ્ણા શિરસાઠ અને ઋષિકેશ બોરસે અલ્ટો કારમાં સુરતથી લગ્ન પ્રસંગ પતાવી પોતાના વતન પરત ફરી રહ્યા હતા. દરમિયાન રાત્રે આશરે ૧૨:૩૦ વાગ્યાના સુમારે તેઓ નિઝર તાલુકાના રાયગઢ ગામની સીમમાં ઉચ્છલ-નિઝર સ્ટેટ હાઈવે પર રાયગઢ બસ સ્ટોપથી આશરે ૧૦૦ મીટર દૂર પહોંચ્યા હતા.

આ સમયે સામેથી પૂરઝડપે આવી રહેલી ટ્રાવેલ્સ બસના ચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતાં કારને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે અલ્ટો કારને ભારે નુકસાન થયું હતું. કારમાં સવાર પંડિત દેવરેને ચહેરા, મોઢા, છાતી અને ડાબા ખભા સહિત શરીરના વિવિધ ભાગે ગંભીર ઈજાઓ થતાં તેમનું સ્થળ પર જ મોત નીપજ્યું હતું. જ્યારે કૃષ્ણા શિરસાઠને માથા, આંખ ઉપરના ભાગે, હોઠ અને ખભા પર ગંભીર ઈજાઓ થતાં તેમનું પણ ઘટનાસ્થળે જ મોત થયું હતું. અકસ્મતમાં ઋષિકેશ બોરસેને માથાના પાછળના ભાગે અને જમણા પગમાં ઈજાઓ પહોંચી હતી. તેમને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. આ બનાવ અંગે લક્ષ્મણ દેવરેએ નિઝર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે ટ્રાવેલ્સ બસના અજાણ્યા ચાલક વિરુદ્ધ ગુનો નોંધી અકસ્માતના કારણો અંગે વધુ તપાસ હાથ ધરી છે.

સુરતમાં લગ્ન પ્રસંગ પતાવી મહારાષ્ટ્ર પરત ફરી રહેલા ત્રણ યુવકોની કારને બસે અડફેટે લીધી; બે યુવકોનાં ઘટનાસ્થળે જ કરુણ મોત

અડાજણમાં ધોરણ-૧૦ના ૧૫ વર્ષીય વિદ્યાર્થીનું આપઘાત, પરિવારમાં શોક

દ્રષ્ટિકોણ-સુરત: સુરતના અડાજણ વિસ્તારમાં રહેતા ધોરણ-૧૦ના ૧૫ વર્ષીય વિદ્યાર્થીએ ગત રાત્રે ઘરે ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતાં પરિવારમાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે. ઘટનાની જાણ થતાં પરિવારજનો તેને તાત્કાલિક ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા, જ્યાં તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો.

પ્રાપ્ત વિગતો અનુસાર, અડાજણની સાર્થક રેસિડેન્સીમાં રહેતા૧૫ વર્ષીય દેવમ ભાવેશભાઈ પટેલ ધોરણ-૧૦માં અભ્યાસ કરતો હતો. ગત રાત્રે તેણે ઘરે પંખા સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઈ લીધો હતો. પરિવારજનોના ધ્યાન પર ઘટના આવતાં તેને તાત્કાલિક સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, પરંતુ ફરજ પરના તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. દેવમના પિતા ટ્રાવેલ્સનો વ્યવસાય કરે છે. કિશોરે કયા કારણોસર આ અંતિમ પગલું ભર્યું તે અંગે હાલ સ્પષ્ટતા થઈ નથી. ઘટનાની જાણ થતાં પોલીસ દ્વારા અકસ્માતે મોતનો ગુનો નોંધી આપઘાત પાછળનાં સંજોગો જાણવા તપાસ હાથ ધરવામાં આવી છે. પરિવારના લાડકવાયા પુત્રના અચાનક મોતથી શોકનો માહોલ છવાઈ ગયો છે.

વાંસદામાં લાખોનો દારૂ ભરેલી કાર અને પાયલોટિંગ બાઈક ઝડપાઈ

દ્રષ્ટિકોણ-વાંસદા: નવસારી જિલ્લાના વાંસદા વિસ્તારમાં દારૂની હેરાફેરી સામે પોલીસની કાર્યવાહી દરમિયાન મોટી વાલઝર નજીક દારૂ ભરેલી કાર અને પાયલોટિંગ માટે ઉપયોગમાં લેવાતી બાઈક મળી આવી હતી. પોલીસને જોઈને ત્રણ આરોપીઓ વાહનો મૂકીને ફરાર થઈ ગયા હતા. પોલીસે બંને વાહનો સહિત કુલ રૂ.૫,૧૨,૨૮૦નો મુદ્દામાલ કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસને દારૂની હેરાફેરી અંગે બાતમી મળતાં મોટી વાલઝર પાસે નાકાબંધી ગોઠવવામાં આવી હતી. દરમિયાન શંકાસ્પદ વાહનો પોલીસને જોઈને ભાગવા લાગતાં પોલીસે પીછો કર્યો હતો. જોકે, ચઢાવ ગામ પાસે વાહનો મૂકીને ત્રણ આરોપીઓ ફરાર થઈ ગયા હતા. પોલીસે સ્થળ પરથી દારૂ ભરેલી કાર અને પાયલોટિંગ બાઈક કબજે કરી હતી. પોલીસે કબજે કરેલા મુદ્દામાલમાં ૧,૧૦૪ નંગ દારૂ અને બિયરની કિંમત રૂ.૨,૫૭,૨૮૦, કારની કિંમત રૂ.૨ લાખ, બાઈકની કિંમત રૂ.૫૦ હજાર તથા મોબાઈલ ફોનની કિંમત રૂ.૫ હજાર મળી કુલ રૂ.૫,૧૨,૨૮૦નો મુદ્દામાલ સામેલ છે. ફરાર કારચાલકની ઓળખ ઓઝર ગામના ઋતીક પટેલ તરીકે કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. કબજે કરાયેલી કારનું રજિસ્ટ્રેશન દાદરા નગર હવેલીનું હોવાનું સામે આવ્યું છે. દારૂનો જથ્થો દાદરા નગર હવેલી અથવા દમણ તરફથી લાવવામાં આવ્યો હોવાની આશંકા છે. દારૂની હેરાફેરીમાં સંડોવાયેલા અન્ય વ્યક્તિઓ અને સપ્લાય રૂટ અંગે મોબાઈલ કોલ ડિટેલ્સ સહિતના આધારો પર તપાસ કરવામાં આવી રહી છે.

૩ આરોપીઓ વાહનો મૂકી ફરાર; ૧,૧૦૪ નંગ દારૂ-બિયર, કાર, બાઈક અને મોબાઈલ કબજે

હિમાલયમાં દિવસ કરતાં રાત વધુ સુંદર હોય છે

જૈન સાધુની હિમાલય યાત્રા -આચાર્ય વિજય શ્રી હાર્દિકરત્નસૂરિજી મ.સા.



સાંજે ૮ કિ.મી. વિહાર કરી રોડ પરના એક બસ સ્ટેન્ડમાં રાત્રિ વિશ્રામ કર્યો. હિમાલયમાં દિવસ કરતાં રાત વધુ સુંદર હોય છે. પહાડ પરથી જોતા દૂર દૂર ડુંગર, નાના ગામડા અને છૂટાછવાયા નાનાં મોટાં ઘરોની ટમટમતી લાઈટો આકાશને ધરતી પર લઈ આવે છે. આકાશના તારાનો ઢગલો થોડી થોડી જગ્યાએ કર્યો હોય તેવું લાગે. જાણે પરીઓના દેશમાં હજારો લાખો તારા વચ્ચે કાળામેશ અનંત આકાશમાં આપણે ઊડતા હોઈએ તેવો આભાસ થાય.બાળમનની કલ્પનાથી સજાવેલ પરીઓનો દેશ આનાથી વધુ સુંદર તો નહીં જ હોય.

આપણે નાના હતા ત્યારે પરી કથા વાંચતા વાંચતા ક્યારે પરીઓના દેશમાં પહોંચી જવાતું તે કંઈ ખબર રહેતી નહીં. પણ આજે તો વાસ્તવમાં સાક્ષાત દિવ્યલોકમાં આગમન અમારા માટે જિંદગીની અમૂલી ક્ષણો છે. ઊંચા ઊંચા હજાર તાડ જેવડા પર્વતો જાણે આભને ટેકા દઈને ઊભા હોય તેમ લાગે છે. વદ પક્ષનો વાદળછાયો ચંદ્ર મંદ મંદ ચાંદની ઢોળી રહ્યો છે, પણ ક્ષીણ ચાંદનીમાં પર્વત કંદરાઓનો તમસ અંશ માત્ર પણ ક્ષીણ થયું ન હોતું. પ્રગાઢ અંધકારમાં ડૂબી જવાનો આનંદ પણ આહલાદ્કારી છે.

કુનેર (પટવારી ચૌકી)

વૈ. વદ ૫, શનિવાર, તા. ૫.૦૫.૨૦૧૮

ગામ તો હજુ ૧ કિ.મી. દૂર છે. તે પહેલા જ એક નાનકડી ટેકરીની ઊંચાઈ પર પટવાર ભવન છે. ઉપર પટવારી રહે અને નીચે અમે. ગામ દૂર છે. નિર્જન વન પ્રદેશમાં કોઈનું આવાગમન નથી. કુદરતી રમકડા જેવા રંગબેરંગી પંખીડા નિશ્ચિંત પણે ધમાચકડી મચાવી રહ્યા છે. ડુંગરનો ઢોળાવ છેક સામે ભાગીરથીમાં ભળી જાય છે. આજ તો દૂધજલ ભાગીરથી દૂરથી જ દેખાઈ, ખરેખર એની ભવ્યતાને ઓવારી જવાય, ધારીને જોઈએ તો જ પાણી દેખાય બાકી તો સફેદ માટીની નદી વહેતી હોય તેવો ભાસ થાય. અહીં જાણવા મળ્યું કે હવે તે રોજ અમારી સાથે ચાલવાની છે. એક રૂપકડી કેડવંકી દેવકન્યાની કલ્પના આ નદી માટે નિરર્થક નથી. સાંજે પણ વિહાર થયો. આજે પાલિતાણાથી રાજુ આવી ગયો છે, એ વિહારયાત્રામાં સાથે જ છે. વડોદરાથી સંજય આવી ચૂકયો હતો. આજથી હિમાલય યાત્રામાં બે સદસ્ય નવા આવ્યા જે યાત્રા પૂરી ન થાય, ત્યાં સુધી અમારી સાથે રહેવાના છે. રાજુ તો છેલ્લે ૧૦ વર્ષથી સાથે જ છે. ભલે કેરળ હોય કે તમિલનાડુ, કર્ણાટક હોય કે ડાંગના જંગલ, મહારાષ્ટ્ર હોય કે આંધ્રપ્રદેશ દરેક ઠેકાણે સાથે જ વિહારમાં રહ્યો છે. અંગે બળિયો ભારે, કામગરો અને ક્યાંય પણ પાછો ન પડે એવો જાણે અલ્લાઉદ્દીનનો જીન હિમાલયમાં સાથે રહી બધી વ્યવસ્થા સંભાળશે. હમણા સુધી તો લાભભાઈ એકલા સાથે હતા રહેવાની વ્યવસ્થા, ભોજન વ્યવસ્થા આદિ અનેક જવાબદારી એમના એકલા ઉપર હતી. આવા અજાણ્યા પ્રદેશમાં હિંમત રાખીને બધી વ્યવસ્થા કરી લેતા રાજુ અને સંજય આવવાથી જવાબદારીનો બોજ હળવો થયો.

સંજય રમૂજી સ્વભાવનો વડોદરાની પાસે સાવલી ગામનો છોકરો છે. અનિલભાઈના સંપર્કથી અહીં વ્યવસ્થા માટે આવ્યો છે. સારો પાકશાસ્ત્રી છે. જરૂર પડ્યે એની સેવા પણ લેવી પડે. હમણા તો લાગે છે એકલા પૌંઆ કે કેળાથી હિમાલયની યાત્રા પૂરી નહીં થઈ શકે. રોટી તો રોટી હૈ ભૈયા. કોઈ સ્થાને વ્યવસ્થા મળે તો ટક્કર-બક્કર બનાવી લે અને બધાનું કામ થઈ જાય.

હિમાલયી પક્ષીઓ રંગરૂપમાં ખરેખર આકર્ષક હોય છે. એક તો સફેદ ચકલી જેવું પક્ષી એની પાછળ લગભગ ૧૦ ઈંચ લાંબી સફેદ પૂંછડી ભારે આકર્ષણ ઊભું કરતી હતી. ખુલ્લા આકાશમાં ઊડે ત્યારે જાણે કોઈક નાનકડી પરી ઊડતી હોય તેવું લાગે. ગુજરાતમાં જેને 'દૂધરાજ' કહે છે. તે કદાચ એ જ હશે. એવો અંદાજ બાંધ્યો.વળી એક બીજું ગુજરાતી 'હરીયા'ની સાઈઝનું પક્ષી નીચેથી લાલ અને ઉપર પાંખો કાળી, દિવાળીના દિવસે નવા કપડા પહેરીને નાનાં બાળકો જેવા રૂઆબથી જાણે લાલ ડ્રેસ ઉપર કાળી કોટી પહેરીને આમ તેમ ઉડાઉડ કરતું હતું. વળી ચકલીથી થોડુંક મોટું પક્ષી નીચેથી કાળુ અને ઉપરથી રાયણ જેવું પીળું પક્ષી શાંતિથી કોઈની રાહ જોઈ રહ્યું હતું. ચીડનાં જંગલમાં આવા કલરફૂલ પંખીડાનો પાર નથી. સાંજે વિહારમાં જુદાજુદા અવાજ કરી ડુંગરની આખી ગાળીને ગજાવતા પક્ષીઓ જોવા મળ્યા. રાત્રિ વિશ્રામ એક ગામમાં કોઈકના ઘરે થયો.

સ્યાંસુ

વૈ. વદ ૬, રવિવાર, તા. ૬.૦૫.૨૦૧૮

આજે ૧૫ કિ.મી. ચાલ્યા, છતાં નથી ચાલ્યા જેવું જ લાગે છે. કારણ કે થાક જ નથી લાગ્યો. સવારે વિહાર પ્રારંભ કર્યો. ભાગીરથીના કિનારે કિનારે જ ચાલવાનું હતું. પણ આ રોડ અને આ શૈલશિખરોએ ભારે કરી. ખબર નહીં આ બન્નેને અંદર અંદર શું સાંઠગાંઠ હશે. રોડ થોડો આગળ વધે અને શિખર તેને ગંગાથી દૂર છેક ડુંગરની ખીણમાં લઈ જાય. બે ડુંગર આજે તો વધુમાં વધુ ૨ અઢી કિ.મી. એકબીજાથી દૂર હતા. ત્યાં જ અમારું ગંતવ્ય સ્થાન હતું. પણ સામે ડુંગર પર જવા માટે અમારે ૧૫ કિ.મી. ચાલવું પડ્યું. આ બધુ પેલી દ્રોણીના કારણે જ. એ તો સાવ નીચે ખીણમાં ચાલે. ખડ ખડ ખડ ખડ. રોડભાઈ તો કાંઈ ખીણમાંથી ઉપર ચઢી શકે નહીં એટલે છેક નદી નીકળતી હોય તે નદીના મૂળ સુધી ડુંગરની દીવાલે દીવાલે રોડ જાય તેની સાથે 'હાય હેલો' કરીને પછી જ સામા ડુંગરે ચઢવાનું. ચાલતા ચાલતા વિચાર્યું રોડ તો સામે ડુંગરે દેખાય જ છે. નીચે ખીણમાં ઊતરીને સામે ચઢી જઈએ તો ૧૦-૧૨ કિ.મી. જે ઓછું થાય તે પણ ખીણમાં નજર કરી તો અધધધધપ ખીણ તો ભઈ! ખૂબ ઊંડી, નીચે જોઈએ તો ટોપી પડી જાય. નીચે ઊતરવાનો રસ્તો જ નહીં. ઓછામાં ઓછી ૬૦૦-૭૦૦ ફૂટ ઊંડી હશે. પછી મનને સમજાવ્યું. આવા રસ્તે હેરાન થવા કરતા બાર મહિનાના રસ્તે જવું વધારે સારું. છેવટે અમે અમારા આજના અસ્થાયી સ્થાને પહોંચી ગયા.

પણ આ શું?

બર્ફીસ્તાનની કામણગારી ગૌરી ભાગીરથી અમારી સામે જ મીઠું મીઠું મલકતી હતી. ઉજ્જવળ દૂધ જેવું પાણી ક્ષીરસાગરને યાદ કરાવી રહ્યું હતું. કિનારે જવા વિચાર્યું અને આ અળખામણો વરસાદ ક્યાંથી ટપકી પડ્યો. અળવીતરા તોફાની બારકસ છોકરાની જેમ થોડો થોડો આવીને બંધ થઈ જાય. બે મિનિટ આવે અને પાછો ધીરે રહીને ખી ખી હસે. આમ ને આમ સાંજ પડી ગઈ. પાંચ વાગ્યા તો'ય વરસાદની મસ્તી ઓછી થઈ નહીં. સાંજે વિહાર કરવો હતો. ભાગીરથી નદી તો જાણે સવારથી જ બોલાવતી હતી.

મેરા રામ તો મેરા હિંદુસ્તાન હૈ

ઉનાળાના ધોમધખતા તાપમાં ટાઢક થઈને અવતરેલા ભગવાન શ્રીરામની જન્મજયંતી ધામધૂમથી ભારતવર્ષમાં ઉજવાઈ. જોકે વાતાવરણમાં થતા અસાધારણ ફેરફારોને કારણે ચૈત્ર મહિનામાં ધોમધખતા તાપની શરૂઆત થઈ છે. ભર ઉનાળે ભગવાન શ્રીરામના અવતરણ દિવસને ભક્તો દ્વારા શ્રદ્ધા અને આસ્થાથી ઉજવવામાં આવ્યો. ચૈત્રી નવરાત્રિની સમાપ્તિ પણ અંબાજી અને પાવાગઢ જેવા શક્તિપીઠોમાં ભક્તોના ઘોડાપૂર સાથે થઈ. ચૈત્રી નોમના દિવસે સ્વામીનારાયણ સંપ્રદાયના સ્થાપક ભગવાન સ્વામીનારાયણનો પણ પ્રાગટ્ય દિવસ હોવાથી વિશ્વભરમાં ફેલાયેલા સ્વામીનારાયણ મંદિરોમાં પણ ભારે ભીડ જોવા મળી. ભારત દેશના પાયામાં અધ્યાત્મ રહેલું છે. અહીં દરેક દેવી-દેવતાઓના અનેક મંદિરો જોવા મળશે અને તેમને શ્રદ્ધાથી પૂજનારા ભક્તો પણ જોવા મળશે. અયોધ્યામાં રામલલાના ભાલ પર સૂર્યતિલકની પણ ભારે ચર્ચા થઈ.

રામાયણ અને મહાભારત આ બે મહાગ્રંથોની ભારતીય સંસ્કૃતિ ઉપર પ્રગાઢ અસર છે. હિંદુ ધર્મના પૂજનીય ગ્રંથોથી ભાગ્યે જ કોઈ ભારતીય અજાણ હશે. ભારતીય સંસ્કૃતિ અનન્ય છે. તમે કોઈ ભગવાનને દાદા, મામા, કાકા બનાવી શકો તેટલી હદે ધર્મ અને જીવન ઓતપ્રોત થઈ ગયું છે. પશ્ચિમની સંસ્કૃતિમાં સૂર્ય એક તારો છે અને ચંદ્ર પૃથ્વીનો ઉપગ્રહ છે, જ્યારે ભારતીય સંસ્કૃતિમાં સૂરજદાદા છે અને ચંદામામા છે! સૂર્યની ઉપાસનાના અને ચંદ્રની ઉપાસનાના પુરાણોક્ત મંત્રો આપણાં શાસ્ત્રોએ આપેલા છે. સવારમાં ઊગતા સૂર્યને પાણી ચઢાવવાનું મહાત્મ્ય છે. અરે, સૂર્ય બળવાન થાય એનાં નંગ પણ આપણે પહેરીએ છીએ અને ચંદ્રને કારણે વિચલિત મનોદશાને સખણી રાખવા ચંદ્રનું નંગ પણ ધારણ કરીએ છીએ! સૌથી વધુ પૂજાતા એવા હનુમાનદાદા અને ગણપતિદાદા પણ આપણા સ્વજન હોય એવું જ આપણે માનીએ છીએ.

ભારતીય માનસમાં તાણાવાણાની જેમ વણાયેલા રામાયણમાં રામનું અયન એટલે કે રામની ગતિ આલેખાઈ છે. સમગ્ર રામાયણને તમે પૂજનીય ગ્રંથ માનીને પૂજા કરો તેને બદલે તેનું અધ્યયન કરો તો શક્ય છે તમારા જીવન પ્રત્યેના દૃષ્ટિકોણમાં ધરમૂળથી પરિવર્તન આવશે. રામ સતત ગતિ કરતા રહ્યા છે. જે કોઈ પરિસ્થિતિ આવી પડી તેનો સહજ અને સહર્ષ સ્વીકાર શ્રીરામ પાસેથી શીખવા જેવો છે. બીજા દિવસે રાજ્યાભિષેક હોય અને આગલા દિવસે વનવાસમાં જવાના આદેશને પણ સહજતાથી શ્રીરામ જ સ્વીકારી શકે. નિઃસ્પૃહ અને નિર્લેપ એવા શ્રીરામ જેટલી સરળતાથી રાજગાદીને છોડી વનવાસમાં જવા તૈયાર થાય એમાં ભગવાન શ્રીરામનું ચરિત્ર ઉપસે છે. આજના સત્તાભૂખ્યા રાજકારણીઓ જે સત્તા માટે છેલ્લી પાટલીએ બેસી જતા હોય છે તેમણે શ્રીરામના ચરિત્રમાંથી શીખ લેવી જોઈએ. રામ મંદિરના નામે તરતા સત્તાભૂખ્યા પથરાઓ શ્રીરામના ચરિત્રમાંથી કશું શીખતા નથી અને ઉલટા લાજવાના બદલે ગાજતા ફરે છે.

જગતના અતિ ઉચ્ચ અને સર્વોત્તમ ગુણોનો સમુચ્ચય એટલે ભગવાન શ્રીરામ. રામચરિત્ર જેટલું પવિત્ર ચરિત્ર જગતમાં ક્વચિત્ જ જોવા મળશે. સમગ્ર રામાયણમાં શ્રીરામનું ચરિત્ર ઉપસે છે. ચરિત્ર ખૂબ ગંભીર બાબત છે. એમાં બનવું પડે છે, પસંદ કરવું પડે છે કે આ નથી કરવું અને આ કરવું છે. જીવનમાં ડગલે ને પગલે શ્રેય અને પ્રેયની પસંદગી આવે છે. તમે કોને પસંદ કરો છો તેના આધારે તમારું ચરિત્ર ઘડાય છે. ઋષિ વાલ્મિકીએ રામાયણ મહાકાવ્યના મહાનાયક તરીકે શ્રીરામનું માનવશ્રેષ્ઠ તરીકે ચરિત્ર ચિત્રણ કર્યું છે. તેનું કારણ રામને ભગવાન બનાવવાનું નહીં, પણ આપત્તિ સહન કરતાં કરતાં, ઠોકર ખાતાં ખાતાં, દુઃખ ભોગવતાં ભોગવતાં દેવત્વને પામેલી વ્યક્તિ એટલે રામ, એ હતું.

સમગ્ર રામાયણમાં શ્રીરામનું વર્તન જ એવું છે કે જે કોઈ રામાયણની કથા સાંભળે તેને રામ આદર્શ માનવરૂપે દેખાશે. રાવણવધ પછી દેવત્વ દેખાડવાને બદલે પણ તેમણે મનુષ્ય હોવાનું જ પસંદ કર્યું છે. રામના દેવત્વનું નિર્માણ ખુદ રામે કર્યું છે. માનવ ઉચ્ચ ધ્યેય અને આદર્શ રાખે. સત્તા લાલસાથી દૂર રહી સહજના કિનારે સતત અયન કરતો રહે તો તેવો માનવ દેવત્વને પામી શકે છે તેની પ્રતીતિ ઋષિ વાલ્મિકીએ કરાવી છે. ખુદ વાલ્મિકી પોતે વાલિયામાંથી વાલ્મિકી બન્યા હતા.

હેલ્ધી રહેવા માટેનો ખૂબ જ સરળ નુસખો સ્માઇલ પ્લીઝ

કૅમેરાની સામે મોઢું પહોળું કરીને ખોટી સ્માઈલ આપતા હો કે પછી મિત્રો સાથે બેસીને ખડખડાટ હસતા હો - આ બન્ને પરિસ્થિતિમાં તમારી હેલ્થને ખીલવે છે તમારી સ્માઈલ. જે ખુદ ચેપી છે છતાં બીમાર માણસને રોગ સામે લડવાની શક્તિ આપે છે અને આ યુગના સૌથી મોટા શત્રુ સ્ટ્રેસ સામે રક્ષણ આપે છે એ સ્માઈલને આજે વર્લ્ડ સ્માઈલ ડેના દિવસે થોડી વધુ પહોળી બનાવીએ

દર વર્ષે ઑક્ટોબર મહિનાના પહેલા શુક્રવારે સમગ્ર દુનિયામાં વર્લ્ડ સ્માઈલ ડે ઊજવવામાં આવે છે. આજની ડિજિટલ દુનિયામાં સ્માઈલ બોલીએ તો આપણી નજર સમક્ષ પીળા રંગનું આંખો ચમકાવતું સ્માઈલી આવી પડે છે જેનું નર્માિણ ૧૯૬૩માં વર્સેસ્ટર, મૅસેચુસેટ્સના હાર્વી બોલ નામના માણસે કરેલું. આપણે જાણીએ છીએ એમ એ સમગ્ર દુનિયામાં આટલાં વર્ષો પછી પણ એટલું જ લોકપ્રિય છે. ૧૯૯૯માં વર્લ્ડ સ્માઈલ ડેની ઉજવણી શરૂ કરવામાં આવી હતી. હાર્વીનું પોતાનું એક સ્માઈલ ફાઉન્ડેશન છે જેનો ઉદ્દેશ દુનિયાને એક સ્માઈલથી વિસ્તૃત કરવાનો છે. આ દિવસની ઉજવણીનું મહાવ એ છે કે દરેક વ્યક્તિ એટલી ઉદાર બને અને પોતાની દરિયાદિલીથી બીજાને સ્માઈલની ભેટ આપે. આજે આપણે સ્માઈલના ફાયદાઓ વિશે વાત કરીશું. જોકે પહેલાં એ જાણી લઈએ કે હાસ્ય અને આપણા શરીર વચ્ચે શું સંબંધ છે અને કેમ એ આપણા માટે ફાયદેમંદ છે.

ઉદ્ભવસ્થાન

આમ તો હાસ્ય એક પ્રકારની લાગણી જ છે. કુદરતમાં ખૂબ ઓછાં પ્રાણીઓ હસી શકે છે. મનુષ્ય સિવાય ભાગ્યે જ કોઈ પ્રાણીને હસવાની શક્તિ કુદરતે બક્ષી છે. જોકે જેમ ફિલ્મી લોકો માને છે એમ લાગણીઓનો સંબંધ હૃદયથી અને વિચારોનો સંબંધ મગજથી છે એ હકીકત નથી. લાગણીઓ પણ મગજમાં જ જન્મે છે અને મગજ જ એના પર કાબૂ ધરાવે છે. તો હાસ્ય મગજના કયા ભાગ સાથે સંબંધિત છે? આ પ્રકનનો જવાબ આપતાં કન્સલ્ટિંગ ન્યુરોલૉજિસ્ટ ડૉ. મનોજ રાજાણી કહે છે, 'મગજના એક ભાગનું નામ છે હાયપોથેલેમસ અને બીજો ભાગ છે જેને કહેવાય છે ટેમ્પોરલ લૉબ. આ બન્ને ભાગ માનવીની લાગણીઓ કે તેનાં ઇમોશન્સનાં ઉદ્ભવસ્થાન છે. જ્યારે કોઈ પણ આનંદદાયક લાગણી આ સ્થાનમાં ઉદ્ભવે છે ત્યારે એ લાગણીની પ્રતિક્રિયારૂપે આપણે હસીએ છીએ.'



શું થાય છે?

આપણે હસીએ ત્યારે એવું શું થાય છે જેથી આપણે એકદમ હળવા થઈ જઈએ છીએ, મજા આવે છે અને જેમ ઘણાં રિસર્ચ કહે છે એમ આપણા રોગ કે દર્દ? દૂર થઈ જાય છે એ સમજાવતાં ડૉ. મનોજ રાજાણી કહે છે, 'જ્યારે આપણે હસીએ છીએ ત્યારે આપણા મગજમાંથી એન્ડોર્ફિન નામના હૉર્મોનનો સ્રાવ થાય છે જે દુખાવાને ઘટાડનાર પેઇનકિલર તરીકે વર્તે છે. વળી એના સ્રાવથી શરીરમાં વેલબીઇંગની એટલે કે હું સ્વસ્થ છું એવી ભાવના જાગે છે. આ એન્ડોર્ફિન ખૂબ ચમત્કારિક હૉર્મોન છે જેના બીજા ઘણા ફાયદાઓ છે. વળી એની સાથે-સાથે ન્યુરો-ટ્રાન્સમીટર્સ જેવાં કે સેરોટોનિન, ડોપામાઇન અને એપિનેફ્રીન વગેરે પણ રિલીઝ થાય છે જે વ્યક્તિની ઇમ્યુન-સિસ્ટમને વધુ સારી બનાવે છે અને મજબૂત કરે છે. આમ વ્યક્તિ રોગ સામે વધુ સારી રીતે લડવા તૈયાર થાય છે.'

નકલી સ્માઇલ?

મુન્નાભાઈના બમન ઈરાનીને કોઈ ભૂલી ન શકે જે સ્ટ્રેસમાં હસવાની પ્રૅક્ટિસ કરતો અને જ્યારે તેનું સ્ટ્રેસ-લેવલ વધી જતું ત્યારે તે ખોટું-ખોટું હસતો. ઘણા લોકોને એવો પ્રકન થતો હોય છે કે નકલી હસો તો ફાયદો થાય ખરો? આ વાતનો જવાબ આપતાં આર્ટ ઑફ લિવિંગ ફાઉન્ડેશનનાં સિનિયર ટીચર સંગીતા જાની કહે છે, 'ગુરુજી શ્રી શ્રી રવિશંકર જ્યારે પણ ધ્યાન કરાવે ત્યારે એ વાત ખાસ કહે છે કે મોઢા પર સ્મિત લાવો. જો સહજ રીતે ન હસી શકો તો કઈ વાંધો નહીં; ખોટું હસો, પણ હસો. એનું કારણ એ છે કે જ્યારે તમે હસો છો ત્યારે મોઢાના બધા જ સ્નાયુઓ રિલૅક્સ થાય છે. સાચી સ્માઈલ જે આત્માથી પ્રગટે એ તો ખૂબ હેલ્ધી છે, પરંતુ જો એ ન આવતી હોય તો પણ હસવું કારણ કે એ પણ ઘણી હેલ્ધી છે. આમ પણ લોકો ખોટું હસતાં-હસતાં સાચું હસવા લાગે છે. આમ જોઈએ તો હસવું એક હેલ્ધી આદત છે જે વિકસાવી શકાય.' સ્માઈલના કેટલાક ફાયદાઓ જાણીએ હોલિસ્ટિક હેલ્થગુરુ મિકી મહેતા પાસેથી

મૂડ ઇમ્પ્રૂવ કરે

ઘણી વખત આપણે ખૂબ દુઃખી હોઈએ કે ચિંતામાં હોઈએ ત્યારે કોઈ જોક સાંભળીએ કે કોઈ કૉમેડી શો જોઈએ અને હસી પડીએ તો તાત્કાલિક જ આપણા મૂડમાં બદલાવ આવે છે. સ્માઈલ તમારા મૂડને તાત્કાલિક સુધારે છે જેને કારણે ઍન્ગ્ઝાયટી અને ડિપ્રેશન જેવી તકલીફોની શરૂઆત જે વ્યક્તિમાં થઈ હોય તેના માટે એ ઘણું મદદગાર સાબિત થાય છે. સ્માઈલની આ ક્વૉલિટીનો ઉપયોગ બધાએ કરવો જોઈએ.

પાલની કાસા મરીના હોટલમાંથી MD-ગાંજા સાથે ઝડપાયેલા યુવકને ૭ વર્ષની કેદની સજા

દ્રષ્ટિકોણ-સુરતઃ સુરત શહેરમાં આવેલા પાલ ગૌરવપથ રોડની કાસા મરીના હોટલના રૂમમાંથી એમડી અને ગાંજા સાથે પકડાયેલા રાંદેર રોડના યુવકને સુરત કોર્ટે કસુરવાર ઠેરવી ૭ વર્ષની સખત સજા અને ૧.૩૦ લાખનો દંડ ફટકાર્યો હતો. જયારે આરોપીએ પોલીસ સમક્ષ આપેલી જુબાની પ્રમાણે ડ્રગ્સ અને ગાંજો આપનાર બે આરોપી સામે પોલીસે પૂરતા પુરાવા રજૂ નહીં કરતા બંનેને પુરાવાના અભાવે કોર્ટે શંકાનો લાભ આપ્યો હતો. તદુપરાંત મુખ્ય આરોપી સાથે રૂમમાંથી મળી આવેલી કાપોદ્રાની મહિલાને પોલીસે સાહેદ તરીકે જોડી હતી. જોકે આ મહિલાએ કોર્ટ સમક્ષ આરોપીને બચાવવા સોગંદ પર ખોટી જુબાની આપતા તે બદલ શિક્ષા કેમ ન કરવી તે માટે કોર્ટે તેણીને કારણદર્શક નોટિસ ફટકારી હતી. એ કેસની વિગત મુજબ ગત તા. ૨૪/૦૬/૨૦૨૪ ના રોજ મોડી રાત્રે સુરત ડી.સી.બી.એ પેટ્રોલિંગ દરમિયાન ચોક્કસ બાતમીના આધારે પાલ ગૌરવપથ રોડ સ્થિત સેવીયોન શોપિંગ પેરેડાઈઝના ચોથા માળે આવેલી કાસા મરીના હોટલના રૂમ નં. ૪૦૪ માં રેઈડ પાડવામાં આવી હતી. રેઈડ દરમિયાન રૂમમાંથી ડ્રગ્સ, ૧૯.૩૦ ની કિંમતનો ૧.૯૩૦ ગ્રામ ગાંજો સહિત કુલ ૩.૨૨ લાખથી વધુનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. સરફરાજ સામે એન્ડીપીએસ હેઠળ ગુનો નોંધી વધુ પૂછપરછ કરી હતી. જેમાં આ ડ્રગ્સનો જથ્થો મુંબઈના અનીસખાન અબ્દુલવાહીદ ખાન પાસેથી વેચાણ હતી. સરકાર તરફે એપીપી દીપેશ દવેએ દલીલો કરી હતી કે આરોપી સરફરાજ પાસેથી મળી આવેલું મેફ્ડ્રોન ડ્રગ્સ અને ગાંજો હોવાનું પુરવાર થયુ છે. આ કેસમાં ફરિયાદપક્ષે આરોપીઓ સામે ૨૦ મૌખિક તેમજ ૬૮ જેટલા દસ્તાવેજી પુરાવાઓ રજૂ કર્યા છે. સરફરાજ તથા અન્ય આરોપીઓ મુખ્ય બચાવ લેવાયો હતો કે, આરોપી હોટલમાં હાજર હતો તે હકિકત પણ નિઃશંકપણે ફરિયાદપક્ષ રેકર્ડ ઉપર લાવી શકી નથી.

હોટલના રજીસ્ટરનો ઉતારો તેમજ સીસીટીવી ફુટેજ પણ પુરવાર થયું નથી. વધુમાં સાહેદ આશા કે જે આરોપી સાથે હોટલમાં હાજર હતી તેવો આક્ષેપ ફરિયાદપક્ષે કર્યો છે તે સાહેદ પણ વિમુખ જાહેર થઈ છે અને ફરીયાદપક્ષને મદદરૂપ પુરાવો આપ્યો નથી. આમ આરોપીઓ તરફે છોડી મૂકવા વિનંતી કરાઈ હતી.

જોકે સરફરાજ તરફે થયેલો બચાવ ટક્યો ન હતો. જેથી સરફરાજને કસૂરવાર ઠેરવી સજા કરી હતી. જયારે અન્ય બે આરોપીઓ અનીસ અને લઈકની સામે પૂરતા પુરાવા પોલીસે રજૂ નહીં કરતા આ બંનેને કોર્ટે શંકાનો લાભ આપ્યો હતો.

૨૮.૭૯૦ ગ્રામ મેફેડ્રોન અને ૧.૯૩૦ ગ્રામ ગાંજા સાથે પકડાયેલા સરફરાજને ૩.૧.૩૦ લાખનો

સરફરાજ ઉર્ફે સલમાન ઉર્ફે ઘડીયાળી યાકુબ પટેલ (રહે. કૃતિકા એપાર્ટમેન્ટ, રામનગર, રાંદેર રોડ, મૂળ રહે. કાવી, તા. જંબુસર, જિ. ભરૂચ) કાપોદ્રાની આશા સાથે મળી આવ્યો હતો.

તેની અંગઝડતી લેતા પેન્ટના ખિસ્સામાંથી ૨,૮૭,૯૦૦ની કિંમતનું ૨૮.૭૯૦ ગ્રામ મેફેડ્રોન અર્થે મંગાવ્યો હોવાનું અને મોહમદ લઈક યુસુફ શેખ મારફતે ડિલિવરી થઈ હોવાનું ખુલતા આ બંનેને પણ આરોપી તરીકે જોડ્યા હતા.

પાલ પોલીસે ત્રણેય આરોપીઓ સામે તપાસ પૂર્ણ કરી ચાર્જશીટ કોર્ટમાં રજૂ કરી હતી. આ ત્રણેય આરોપીઓ સામે સુરત કોર્ટમાં ન્યાયિક કાર્યવાહી ચાલી એકબીજાનાં સંપર્કમાં હોવા અંગેનાં સી.ડી.આર. પણ રજુ કરેલ છે. આરોપીઓ વિરુધ્ધ એન.ડી.પી.એસ. એકટની કલમ-૩૫ અને કલમ-૫૪ મુજબ અનુમાન કરવા જેટલા પુરાવા ફરિયાદપક્ષે રજૂ કરેલ છે.

જેથી તેમને સજા કરવા રજુઆત કરી હતી. બચાવ પક્ષે

લિંબાયતમાં પાંચ વર્ષથી અલગ રહેતાં યુવકનો પત્નીની હત્યાનો પ્રયાસ

ઘરે આવી ઝઘડો કર્યો અને ઉશ્કેરાટમાં પત્નીના ગળાના ભાગે ચપ્પુના ઘા ઝીંકી ફરાર

દ્રષ્ટિકોણ-સુરત, તા. ૨૬

લિંબાયતમાં રહેતી એક પરિણીતાને તેના પતિ દ્વારા ચપ્પુના જીવલેણ ઘા ઝીંકવામાં આવ્યા છે. પાંચ વર્ષથી પતિ અલગ રહેતો હતો, છતાં તેણે પત્નીના ઘરે પહોંચી ઝઘડો કર્યો હતો અને હત્યાની કોશિશ કરી ફરાર થઈ ગયો છે.

બનાવ અંગે કમલાબાઈ ઉર્ફે પૂજા સમાધાન સૂર્યવંશીએ પોલીસમાં એવી ફરિયાદ આપી છે કે તે લિંબાયતમાં પોતાની બહેન પ્રતિભાને ત્યાં રોકાઈ હતી અને ગાંધીનગર જવા માટે સામાન પેક કરી રહી હતી. દરમિયાન મધરાતે પ્રતિભાનો પતિ ગુલાબ ચુડામન પાટીલ (રહે. સંજયનગર લિંબાયત) ત્યાં આવી પહોંચ્યો હતો અને પત્ની પ્રતિભા સાથે ઝઘડો શરૂ કર્યો હતો.

ગુલાબ અને પ્રતિભા વચ્ચે અણબનાવ હોવાથી ગુલાબ પાંચ વર્ષથી અલગ રહેવા જતો રહ્યો હતો. તેણે આવીને પ્રતિભા સાથે ઝઘડો શરુ કરતાં પૂજા તેમને છોડાવવા માટે વચ્ચે પડી હતી. જો કે ગુલાબે ઉશ્કેરાટમાં ચપ્પુ કાઢી પ્રતિભાના ગળાના ભાગે જીવલેણ ઘા મારી ફરાર થઈ ગયો હતો. બનાવ અંગે પૂજાની ફરિયાદના આધારે લિંબાયત પોલીસે ગુલાબ વિરુદ્ધ ખૂનની કોશિશનો ગુનો નોંધી તેની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે.

સુરત જિલ્લા પંચાયત ખાતે તાલુકા વિકાસ અધિકારીઓ સાથે DDOની સમીક્ષા બેઠક



૧૫મા-૧૬મા નાણાપંચ, વતન પ્રેમ યોજના, સક્ષમ ગામ-સમૃદ્ધ ગામ સહિતની વિકાસલક્ષી યોજનાઓની પ્રગતિ ચકાસાઈ

દ્રષ્ટિકોણ-સુરત, તા.૨૬

સુરત જિલ્લા પંચાયત ખાતે જિલ્લા વિકાસ અધિકારીશ્રી દેવેન્દ્રપ્રકાશ મીનાની અધ્યક્ષતામાં જિલ્લાના તમામ તાલુકા વિકાસ અધિકારીઓ સાથે બેઠક યોજાઈ હતી. જેમાં તાલુકાઓમાં ચાલી રહેલી વિકાસલક્ષી કામગીરી, સરકારી યોજનાઓના અમલીકરણ અને વહીવટી કામગીરીની પ્રગતિની સમીક્ષા કરવામાં આવી હતી.

બેઠકમાં ૧૫મા નાણાપંચની પ્રગતિ, ૧૬મું નાણાપંચ, વતન પ્રેમ યોજના, ગ્રામોત્થાન, સક્ષમ ગામ- સમૃદ્ધ ગામ અને અટલ વાડી સહિતના વિકાસલક્ષી મુદ્દાઓ અંગે ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત, ગામતળ તથા પ્લોટલેસ PMAY માટે બિનખેતી જમીન, ગ્રામ પંચાયત અને આંગણવાડી જમીનના પ્રશ્નો, ખાતાકીય તપાસના કેસો તથા તકેદારીના કેસોની સમીક્ષા કરવામાં આવી હતી.

પંચાયત વિભાગ હેઠળ પંચાયત વેરા વસૂલાત, પંચાયત એડવાન્સમેન્ટ ઈન્ડેક્સ, તા. વિકાસ અધિકારી ફંડની વિગતો તેમજ રાષ્ટ્રીય ગ્રામ સ્વરાજ અભિયાનની તાલીમ અને ખર્ચ અંગે ચર્ચા તેમજ ૧૫મા અને ૧૬મા નાણાપંચની કામગીરી, ડિજિટલ કોપ સર્વે, ઓડિટ પેરાની માહિતી, NPSના બાકી કેસો અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીની વિવિધ યોજનાઓની પણ સમીક્ષા કરવામાં આવી હતી.

વધુમાં, આયોજન મંડળની વર્ષ ૨૦૨૪-૨૫, ૨૦૨૫-૨૬ અને ૨૦૨૬-૨૭ની કામગીરી તથા આદિજાતિ વિસ્તારની યોજનાઓ હેઠળ TSP મંડળની કામગીરીની સમીક્ષા અને ક્લીનલિનેસ ટાર્ગેટ યુનિટ ટ્રાન્સફોર્મેશન અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી.

બેઠકમાં સંબંધિત વિભાગોના અધિકારીઓએ વિવિધ વિષયો અંગે જરૂરી વિગતો રજૂ કરી હતી. જિલ્લાના વિકાસકાર્યોને વધુ સુવ્યવસ્થિત રીતે આગળ વધારવા, સરકારી યોજનાઓનો લાભ પાત્ર લાભાર્થીઓ સુધી પહોંચાડવા અને કામગીરીમાં સમયબદ્ધતા જળવાઈ રહે તે અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

ઘરેથી નીકળેલી સગીરા સુરત રેલવે સ્ટેશન પર મળી, ૧૮૧ અભયમે સુરક્ષિત આશ્રય અપાવ્યો

ઉત્તર પ્રદેશની સગીરા વાપીથી ટ્રેનમાં બેસી સુરત આવી પહોંચી હતી; પરિવાર સાથે સંપર્ક કરી કાઉન્સેલિંગ બાદ સખી વન સ્ટોપ સેન્ટરમાં આશ્રય અપાયો



દ્રષ્ટિકોણ-સુરતઃ સુરત શહેરમાં મુશ્કેલીમાં મુકાયેલી સગીરાની વહારે ૧૮૧ અભયમ હેલ્પલાઈનની ટીમ આવી હતી. ઘરેથી કોઈને જાણ કર્યા વિના નીકળી આવેલી ઉત્તર પ્રદેશની સગીરા સુરત રેલવે સ્ટેશન વિસ્તારમાં મળી આવતાં ૧૮૧ અભયમ ટીમે તાત્કાલિક મદદ કરી હતી. ટીમ દ્વારા સગીરાનું કાઉન્સેલિંગ કરી પરિવારજનો સાથે સંપર્ક કરવામાં આવ્યો હતો અને તેની સુરક્ષાને ધ્યાનમાં રાખીને સખી વન સ્ટોપ સેન્ટર ખાતે સુરક્ષિત આશ્રય અપાવવામાં આવ્યો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ, એક ત્રાહિત વ્યક્તિએ ૧૮૧ અભયમ હેલ્પલાઈન પર સંપર્ક કરીને સગીરા મળી આવી હોવાની અને તેને કાઉન્સેલિંગ તથા જરૂરી સહાયની જરૂરિયાત હોવાની જાણ કરી હતી. આ માહિતી મળતાં જ સુરતના ઉમરા સ્થિત ૧૮૧ અભયમ ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. અભયમના કાઉન્સેલરે સગીરા સાથે શાંતિપૂર્ણ વાતચીત કરી કાઉન્સેલિંગ શરૂ કર્યું હતું. આ દરમિયાન સગીરાએ જણાવ્યું હતું કે તે મૂળ ઉત્તર પ્રદેશની રહેવાસી છે અને પરિવારની આર્થિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને છેલ્લા ત્રણ મહિનાથી વાપી ખાતે મોટી બહેન અને દૂરના કાકા સાથે રહેતી હતી.

ત્યાં તે ધાગા કટિંગની કંપનીમાં કામ કરીને પરિવારને આર્થિક મદદ કરતી હતી. સાથે જ બી.એસસી.ના પ્રથમ વર્ષમાં એક્સટર્નલ વિદ્યાર્થી તરીકે અભ્યાસ પણ કરી રહી હતી. વધુ કાઉન્સેલિંગ દરમિયાન સગીરાએ જણાવ્યું હતું કે ઉત્તર પ્રદેશના એક યુવક સાથે તેની ઓળખાણ અને મિત્રતા હતી. બંને વચ્ચે થયેલી બોલાચાલી અને માનસિક ઉદ્વેગના કારણે તે કોઈને જાણ કર્યા વિના ઘરેથી નીકળી ગઈ હતી અને ટ્રેન મારફતે સુરત આવી પહોંચી હતી.

સુરત શહેરની અગાઉથી જાણકારી ન હોવાથી રેલવે સ્ટેશન પર ઉતરી આસપાસના લોકોને પૂછપરછ કરતી હતી. ૧૮૧ અભયમ ટીમે સગીરા પાસેથી તેની મોટી બહેન અને દૂરના કાકાના સંપર્ક નંબર મેળવી પરિવારજનો સાથે ટેલિફોનિક સંપર્ક સાધ્યો હતો. પરિવારને સમગ્ર પરિસ્થિતિની જાણ કરવામાં આવતાં તેમણે હાલ તાત્કાલિક સુરત આવી શકવાની અસમર્થતા દર્શાવી હતી અને સગીરાને સુરક્ષિત આશ્રય અપાવવા વિનંતી કરી હતી. ત્યારબાદ કાઉન્સેલર દ્વારા સગીરાને તેની ઉંમર, શિક્ષણ, ભવિષ્યની કારકિર્દી અને વ્યક્તિગત સુરક્ષાના મહત્વ અંગે સમજણ આપવામાં આવી હતી.

ગુસ્સા કે લાગણીના આવેશમાં પરિવારને જાણ કર્યા વિના ઘરેથી નીકળી જવાથી ઊભી થઈ શકે તેવી મુશ્કેલીઓ અંગે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સુરતમાં તેના કોઈ નજીકના સગાં-સંબંધીઓ ન હોવાથી અને સુરક્ષિત આશ્રયની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને ૧૮૧ અભયમ ટીમે જરૂરી સંકલન કરી સગીરાને સખી વન સ્ટોપ સેન્ટર ખાતે આશ્રય અપાવ્યો હતો.

આમ, અભયમ ટીમની સમયસરની કામગીરીથી મુશ્કેલીમાં મુકાયેલી સગીરાને કાઉન્સેલિંગ, પરિવાર સાથે સંપર્ક અને સુરક્ષિત આશ્રયની સુવિધા મળી હતી.

નિષ્ઠુર ચોર, ૧૦૮ એમ્બ્યુલન્સમાંથી બેટરી ચોરી ગયો

દ્રષ્ટિકોણ-સુરત, તા. ૨૬

પાંડેસરામાં કમ્યુનિટી હોલ પાસે પાર્ક કરેલી ૧૦૮ એમ્બ્યુલન્સમાંથી બેટરી, ઈન્વર્ટર ચોરાયાની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાઈ છે.

પોલીસ સૂત્રો મુજબ મૂળ દાહોદના અને સુરતના ઉધનામાં સર્વોત્તમ રેસ્ટોરન્ટની બાજુમાં સત્યનગરમાં રહેતા પ્રવિણભાઈ ભુરીયા ૧૦૮માં નોકરી કરે છે. તેમણે પોતાની ફરજવાળી ૧૦૮ એમ્બ્યુલન્સ નં. જીજે-૧૮-જીબી-૨૫૫૨, તા.૨૨મીની રાત્રે આઠેક વાગ્યાના અરસામાં પાંડેસરા ગુ.હા. બોર્ડ કમ્યુનિટી હોલ પાસે પાર્ક કરી હતી અને પોતાના ઘરે જતા રહ્યા હતાં.

જો કે બીજા દિવસે તા.૨૩મીની સવારે ૮ વાગ્યે નોકરી મુજબ તેઓ આ ૧૦૮ એમ્બ્યુલન્સ પર પહોંચ્યા અને તેને ચાલુ કરવાની કોશિશ કરી ત્યારે ખબર પડી કે તેમાંથી કોઈ ચોરટો બેટરી અને ઈન્વર્ટર ચોરી ગયો છે. તેમણે પાંડેસરા પોલીસને જાણ કરતાં પોલીસે અજાણ્યા ચોર વિરુદ્ધ ગુનો નોંધ્યો છે.

માંગરોળના વાંકલ બજારમાં મુસાફરોથી ભરેલી રિક્ષામાંથી ધુમાડા નીકળતાં અફડાતફડી



દ્રષ્ટિકોણ-વાંકલ, માંગરોળ તાલુકાના વાંકલ ગામના બજાર વિસ્તારમાં મુસાફરોથી ભરેલી રિક્ષામાંથી અચાનક ધુમાડા નીકળવા લાગતાં અફડાતફડી મચી ગઈ હતી. રિક્ષામાં બેઠેલા મુસાફરોમાં ભયનો માહોલ સર્જાયો હતો.રિક્ષામાંથી ધુમાડો નીકળવાનું પ્રાથમિક કારણ બ્રેક વાયર ચોંટી જવાનું હોવાનું જાણવા મળ્યું હતું. બજાર વિસ્તારમાં ધુમાડો ફેલાતાં સ્થાનિક વેપારીઓ પણ દોડી આવ્યા હતા. જોકે, સદનસીબે રિક્ષામાં આગ લાગી નહોતી અને મોટી દુર્ઘટના ટળી હતી. આગ ન લાગતાં રિક્ષાચાલકે હાશકારો અનુભવ્યો હતો.

દિવાળી વેકેશન બાદ શાળાઓ ફરી ધમધમી, જ્ઞાન ગંગા વિદ્યાલયમાં બાળકોનો કિલકિલાટ ગુંજ્યો

દ્રષ્ટિકોણ-સુરત, તા. ૨૬

દિવાળીના લાંબા વેકેશન બાદ આજથી સુરત શહેરની શાળાઓમાં ફરી શૈક્ષણિક પ્રવૃત્તિઓનો પ્રારંભ થતાં વર્ગખંડો વિદ્યાર્થીઓના કિલકિલાટથી ગુંજી ઉઠ્યા હતા. વેકેશન પૂર્ણ થયા બાદ શાળાએ પહોંચેલા વિદ્યાર્થીઓમાં પ્રથમ દિવસથી જ ભારે ઉત્સાહ અને આનંદ જોવા મળ્યો હતો. ખાસ કરીને વેડ રોડ સ્થિત જ્ઞાન ગંગા વિદ્યાલય ખાતે વિદ્યાર્થીઓના પુનઃમિલનથી શાળાનું વાતાવરણ ઉત્સાહભર્યું બન્યું હતું.



લાંબા સમય બાદ પોતાના સહપાઠીઓ અને શિક્ષકોને મળતાં બાળકોના ચહેરા પર ખુશી છલકાતી જોવા મળી હતી. દિવાળી વેકેશન દરમિયાન પરિવાર સાથે કરેલી ઉજવણી, પ્રવાસ, ફટાકડા અને અન્ય મોજમસ્તીના અનુભવો વિદ્યાર્થીઓ એકબીજા સાથે વહેંચતા જોવા મળ્યા હતા. શાળા છૂટ્યા બાદ પણ બાળકોના હસતા-રમતા ટોળાં અને મિત્રોની સાથે આનંદભેર ઘરે પરત ફરતા દૃશ્યો જોવા મળ્યા હતા.

વેકેશન બાદ ફરી નિયમિત શૈક્ષણિક દિનચર્યા શરૂ થતાં વાલીઓમાં પણ રાહતનો માહોલ જોવા મળ્યો હતો.

બાળકોને શાળાએ મૂકવા અને લેવા માટે વાલીઓની અવરજવર શરૂ થઈ હતી. આમ, દિવાળી વેકેશન બાદ શાળાઓમાં ફરી શિક્ષણ, મિત્રતા અને બાળપણના આનંદથી ભરપૂર માહોલ જોવા મળ્યો હતો.

નવી સિવિલમાં ૧૨ બેડના અત્યાધુનિક બ્રેઈન સ્ટ્રોક ICUનો શુભારંભ

દ્રષ્ટિકોણ-સુરત, તા.૨૬

બ્રેઈન સ્ટ્રોક (લકવો), ખેંચ/વાય, માનસીક ચિંતા, શ્વાસની તકલીફો જેવી ગંભીર બીમારીમાં દર્દીઓને તાત્કાલિક અને સચોટ સારવાર મળી રહે તે હેતુથી નવી સિવિલ હોસ્પિટલ ખાતે અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ ૧૨ બેડની સુવિધાઓ સાથે નવા 'બ્રેઈન સ્ટ્રોક આઈ.સી.યુ..' (Brain Strkoe ICU) નો શુભારંભ કરવામાં આવ્યો હતો.



આ આઈ.સી.યુ. શરૂ થવાથી સુરત અને દક્ષિણ ગુજરાતના દર્દીઓને હવે કટોકટીના સમયે વધુ ઝડપી અને નિષ્ણાત સારવાર ઉપલબ્ધ બનશે. બ્રેઈન સ્ટ્રોક, ખેંચ/વાય જેવી તકલીફોની સારવારમાં દરેક મિનિટ ખૂબ જ કીમતી હોય છે, જેને તબીબી ભાષામાં 'ગોલ્ડન અવર' (Golden Hour) કહેવામાં આવે છે. જો સ્ટ્રોક આવ્યાના પ્રથમ ૪ થી ૫ કલાકમાં દર્દીને યોગ્ય સારવાર મળી જાય, તો કાયમી ખોડખાંપણ કે જીવનું જોખમ ટાળી શકાય છે.

આ બાબતને ધ્યાનમાં રાખીને નવા બ્રેઈન સ્ટ્રોક યુનિટ ની રચના કરવામાં આવી છે. બ્રેઈન સ્ટ્રોકના કેસોમાં ઝડપી નિદાન અને ત્વરિત સારવાર જ દર્દીનો જીવ બચાવી શકે છે. નવી સિવિલ હોસ્પિટલ,સુરતના તબીબી અધિક્ષકશ્રી ડો.પારુલ વડગામા ના માર્ગદર્શન હેઠળ ન્યુરોસર્જરી વિભાગના ડો.મેહુલ મોદી, ન્યુરોલોજી વિભાગના ડો.હરેશ પારેખ, ઈ.આર.એમ.ઓ. ડો.ભરત પટેલ, કિડની બિલ્ડીંગના નોડલ ઓફીસરશ્રી ડો. ભરત ચાવડા અને નર્સીંગ સુપ્રીટેન્ડેન્ટ ભાવીની પટેલ તેમજ છેલ્લા ૨ વર્ષથી ન્યુરોસર્જરી અને ન્યુરોલોજી વિભાગમાં કાર્યરત રેસીડેન્ટ ડોકટરોના સહયોગથી આ નવું ૧૨ બેડનું ડેડિકેટેડ સ્ટ્રોક યુનિટ/ આઈ.સી.યુ. આધુનિક ટેકનોલોજી અને નિષ્ણાત ટીમના સમન્વય સાથે શહેરના લોકોને વિશ્વસ્તરીય ન્યુરો-ક્રિટિકલ કેર પૂરી પાડવા માટે કટિબદ્ધ છે.

નવસારીમાં ત્રણ અકસ્માત, ચીખલીમાં બાઈક ડિવાઈડર સાથે અથડાતાં યુવકનું મોત

નવસારીઃ નવસારી જિલ્લામાં અલગ-અલગ સ્થળોએ માર્ગ અકસ્માતની ત્રણ ઘટનાઓ સામે આવી છે. ચીખલીના નોગામા પાસે બાઈક ડિવાઈડર સાથે અથડાતાં યુવકનું સારવાર દરમિયાન મોત થયું છે. જયારે નવસારીના નાની ચોવીસી ગ્રીડ રોડ પર રસ્તો ઓળંગતી મહિલાને બાઈકચાલકે ટક્કર મારી ઈજાગ્રસ્ત કરી સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. બીજી તરફ ગણદેવી-નવસારી રોડ પર કારને ઈકો કારની ટક્કર મારતાં નુકસાન થયું હતું. ત્રણેય બનાવોમાં સંબંધિત પોલીસ મથકોમાં ફરિયાદો નોંધાતા તપાસ હાથ ધરવામાં આવી છે.ચીખલીના નોગામા પાસે ૨૪ નવેમ્બરની રાત્રે આશરે ૧૦:૪૫ વાગ્યે હિતેશ હળપતિ બાઈક ચલાવી રહ્યા હતા ત્યારે બાઈક ડિવાઈડર સાથે અથડાઈ હતી. અકસ્માતમાં બાઈક પર સવાર તેજસ હળપપતિને માથા સહિત શરીરના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી, જ્યારે બાઈકચાલક હિતેશને પણ ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્તોને પ્રથમ ખારેલ અને નવસારી ખાતે સારવાર માટે લઈ જવાયા બાદ વધુ સારવાર માટે સુરત સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જોકે, ૨૫ નવેમ્બરની સવારે ૯:૩૦ વાગ્યે તબીબોએ તેજસને મૃત જાહેર કર્યો હતો. આ બનાવ અંગે છના હળપતિની ફરિયાદના આધારે ચીખલી પોલીસે તપાસ શરૂ કરી છે.

બીજી ઘટના નવસારીના નાની ચોવીસી ગ્રીડ રોડ પર બની હતી. ૩ નવેમ્બરની રાત્રે ૯થી ૯:૩૦ વાગ્યાના અરસામાં અમીષાબેન રસ્તો ઓળંગી રહ્યા હતા ત્યારે બાઈકચાલકે તેમને ટક્કર મારી હતી. અકસ્માતમાં અમીષાબેનને માથાના ભાગે ઈજા થઈ હતી. ટક્કર માર્યા બાદ બાઈકચાલક સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. આ મામલે ભદ્રેશ ટેલરની ફરિયાદના આધારે નવસારી રૂરલ પોલીસે ગુનો નોંધી ફરાર બાઈકચાલકની શોધખોળ હાથ ધરી છે.

ત્રીજી ઘટના ગણદેવી-નવસારી રોડ પર બની હતી. સુહાસ પટેલ કારમાં યુ-ટર્ન લઈ રહ્યા હતા.



પિતાને ટ્રેનમાં બેસાડવા આવેલા યુવકના ખિસ્સામાંથી મોબાઈલ તફડાવ્યો હતો

ઉધના રેલવે સ્ટેશન પર મોબાઈલ ચોરી કરનારને ૭ વર્ષની સખત કેદની સજા

એક આરોપી પાસેથી મોબાઈલની રિકવરી થતાં ગુનો સાબિત, બીજા આરોપીને પુરાવાના અભાવે શંકાનો લાભ

દ્રષ્ટિકોણ-સુરત : સુરત શહેરમાં આવેલા ઉધના રેલવે સ્ટેશન ખાતે પિતાને ટ્રેનમાં બેસાડવા આવેલા યુવકના ખિસ્સામાંથી મોબાઈલ ખેંચીને ભાગવા જતા પોલીસના હાથે પકડાયેલા એક ચોરને સુરત કોર્ટે કસુરવાર ઠેરવી ૭ વર્ષની સખત કેદની સજા કરી હતી, જ્યારે બીજા આરોપી સામે ફરિયાદ પક્ષે પૂરતા પુરાવા રજૂ નહીં કરતા તેને શંકાનો લાભ મળ્યો હતો.

આ કેસની વિગત મુજબ ભટાર નજીક અંબાનગરમાં રહેતો યુપીવાસી સંતોષ અયોધ્યાપ્રસાદ ગુમા ગત.તા. ૧૧ ડિસેમ્બર, ૨૦૧૯ની રાત્રે ઉધના રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર ૩ પર ઉદ્યોગકર્મી એક્સપ્રેસ ટ્રેનમાં પિતાને બેસાડવા ગયો હતો. આ દરમિયાન સંતોષ ગુમાના ખિસ્સામાંથી ભીડનો લાભ લઈ બે શખ્સોએ એકબીજાની મદદગારી કરી મોબાઈલ ફોન ખેંચી લીધો હતો. ભાગતા બંને આરોપીઓને પોલીસે ઝડપી પાડી યોગેશ સુંપડુ બધાણે(રહે. જય સંતોષીનગર લિંબાયત)પાસેથી મોબાઈલ કબજે કર્યો હતો, જ્યારે બીજા આરોપી રિયાઝ જાકીર અન્સારી(રહે પતરાની ચાલી આઝાદ ચોક લિંબાયત) પાસેથી કોઈ મુદ્દામાલ મળ્યો ન હતો. બન્ને આરોપીઓ વિરુદ્ધ પોલીસે મોબાઈલ ચોરીનો ગુનો તેઓની વિરુદ્ધ કોર્ટમાં ચાર્જશીટ કરી હતી.

સરકાર તરફે એપીપી નિલેશ ગોળવાલાએ ૭ મૌખિક અને ૪ દસ્તાવેજી પુરાવા રજૂ કરી ફરિયાદપક્ષે બંને આરોપીઓ વિરુદ્ધનો ગુનો નિઃશંકપણે સાબિત કરેલો છે. આ સંજોગોમાં આરોપીઓને તકસીરવાન ઠરાવી કાયદેસરની સજા કરવા વિનંતી કરી હતી. બચાવપક્ષે દલીલો કરી હતી કે બન્ને આરોપીઓ સામેના આક્ષેપો માત્ર પોલીસ સાહિદોની જુબાની અને શંકાના આધારે થઈ શકે નહીં તેથી આરોપીઓને છોડી મૂકવા વિનંતી કરી હતી.જોકે બચાવપક્ષનો બચાવ ટક્યો ન હતો.

કોર્ટે નોંધ્યું કે યોગેશ વિરુદ્ધ તાત્કાલિક રિકવરી અને પોલીસ સાક્ષીઓની સુસંગત જુબાનીથી ગુનો સાબિત થાય છે. કોર્ટે યોગેશને આ ગુનામાં કસુરવાર ઠેરવી સાત વર્ષની સખત કેદ અને રૂ. ૫,૦૦૦નો દંડ ફટકાર્યો હતો. જ્યારે રિયાઝ વિરુદ્ધ સ્પષ્ટ પુરાવાના અભાવે તેને શંકાનો લાભ આપી નિર્દોષ છોડી મૂકવાનો હુકમ કરાયો હતો.

ઉપલેટામાં સંવિધાન દિવસની ઉજવણી, બાબાસાહેબની પ્રતિમાની સફાઈ કરી સ્વચ્છતાનો સંદેશ આપ્યો

ભાજપ અનુસૂચિત જાતિ મોરચા દ્વારા બસ સ્ટેન્ડ ચોક ખાતે સેવાકીય કાર્યક્રમ યોજાયો; બંધારણના મૂલ્યો અને સામાજિક ન્યાયનો સંકલ્પ કરાયો



દ્રષ્ટિકોણ-ઉપલેટા, તા. ૨૬

ભારતીય સંવિધાન દિવસ નિમિત્તે ઉપલેટા બસ સ્ટેન્ડ ચોક ખાતે ભારતીય જનતા પાર્ટીના અનુસૂચિત જાતિ મોરચા દ્વારા સેવાકીય અને પ્રેરણાદાયી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બંધારણના ઘડવૈયા અને ભારત રત્ન ડો. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાની સાફ-સફાઈ કરી સ્વચ્છતાનો સંદેશ આપવામાં આવ્યો હતો.

૨૬ નવેમ્બરના સંવિધાન દિવસની ઉજવણીના ભાગરૂપે કાર્યકરોએ બાબાસાહેબની પ્રતિમાની સ્વચ્છતા કરી તેમના રાષ્ટ્રનિર્માણ અને બંધારણ ઘડતરમાં આપેલા અમૂલ્ય યોગદાનને યાદ કર્યું હતું. સાથે જ બંધારણના મૂલ્યો, સમાનતા, સામાજિક ન્યાય અને સ્વચ્છતાનો સંદેશ લોકો સુધી પહોંચાડવાનો પ્રયાસ કરાયો હતો.

આ કાર્યક્રમમાં બાલુભાઈ વિંઝુડા, ધર્મેશભાઈ ભાષા, ભોલુ ઢાકેચા સહિત મોટી સંખ્યામાં કાર્યકરો અને યુવાનો ઉપસ્થિત રહ્યા હતા. સૌએ ઉત્સાહપૂર્વક સ્વચ્છતાની આ સેવાકીય પ્રવૃત્તિમાં ભાગ લીધો હતો. સંવિધાન દિવસ નિમિત્તે યોજાયેલા આ કાર્યક્રમમાં બાબાસાહેબ પ્રત્યે આદરભાવ વ્યક્ત કરવાની સાથે બંધારણના આદર્શો અને મૂલ્યોને જીવનમાં ઉતારવાનો સંકલ્પ કરવામાં આવ્યો હતો.

બેફામ મોંઘવારી અને બજારમાં વેચાતી ભેળસેળયુક્ત ચીજવસ્તુઓ સામે ઉપલેટા AAP મેદાનમાં

જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવ નિયંત્રણ, બજારોમાં નિયમિત તપાસ અને ભેળસેળખોરો સામે કડક કાર્યવાહીની માંગ સાથે મામલતદારને આવેદનપત્ર પાઠવ્યું



દ્રષ્ટિકોણ-ઉપલેટા: દિવસે ને દિવસે બેફામ વધી રહેલી મોંઘવારી અને બજારમાં વેચાતી નકલી તેમજ ભેળસેળયુક્ત ચીજવસ્તુઓના કારણે સામાન્ય જનતા અને મધ્યમ વર્ગના પરિવારોની મુશ્કેલીઓમાં સતત વધારો થઈ રહ્યો છે. જીવનજરૂરિયાતની વસ્તુઓના આસમાને પહોંચેલા ભાવથી સામાન્ય માણસનું ઘરનું બજેટ ખોરવાઈ ગયું છે. ત્યારે મોંઘવારી પર નિયંત્રણ લાવવા અને ભેળસેળયુક્ત વસ્તુઓના વેચાણ સામે કડક કાર્યવાહી કરવાની માંગ સાથે ઉપલેટા આમ આદમી પાર્ટી દ્વારા મામલતદારશ્રીને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું.

આવેદનપત્રમાં જણાવ્યા મુજબ ખેતીમાં ઉપયોગમાં લેવાતા ખાતર, બિયારણ અને દવાઓના ભાવમાં સતત થઈ રહેલા વધારાને કારણે ખેડૂતો આર્થિક મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. એક તરફ ખેતીનો ખર્ચ સતત વધી રહ્યો છે, તો બીજી તરફ કમોસમી માવઠાના વરસાદને કારણે ખેડૂતોના પાકને ભારે નુકસાન થયું છે. મહેનત અને ખર્ચ બાદ હાથમાં આવેલો પાક કુદરતી આફતના કારણે બરબાદ થતાં ખેડૂતોની હાલત કફોડી બની છે.

ખેડૂતોને એક તરફ કુદરતી આફત અને બીજી તરફ મોંઘા ખેતી ખર્ચની બેવડી માર સહન કરવી પડી રહી છે. બીજી તરફ દૂધ, રાંધણગેસના બાટલા સહિતની જીવનજરૂરિયાતની વસ્તુઓના ભાવમાં વધારાના કારણે મધ્યમ વર્ગ અને ગરીબ પરિવારો માટે પરિવારનું ગુજરાન ચલાવવું પણ મુશ્કેલ બની રહ્યું છે. બજારોમાં નકલી અને ભેળસેળયુક્ત ખાદ્યપદાર્થોનું વેચાણ થતું હોવાની ચિંતાને ધ્યાનમાં રાખીને બજારોમાં નિયમિત તપાસ કરવામાં આવે અને લોકોના આરોગ્ય સાથે ચેડાં કરનાર ભેળસેળખોરો સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠાવવામાં આવી હતી.ઉપલેટા આમ આદમી પાર્ટી દ્વારા તંત્ર સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી કે જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓના ભાવ પર યોગ્ય નિયંત્રણ લાવવામાં આવે, બજારોમાં નિયમિત તપાસ હાથ ધરવામાં આવે, નકલી અને ભેળસેળયુક્ત વસ્તુઓનું વેચાણ અટકાવવામાં આવે તેમજ ખેડૂતોને મોંઘા ખાતર, બિયારણ અને દવાઓના ભાવમાંથી રાહત મળે તે માટે તાત્કાલિક અસરકારક પગલાં લેવામાં આવે.

સામાન્ય જનતા, મધ્યમ વર્ગ અને ખેડૂતોને મોંઘવારીના બોજમાંથી રાહત મળે તથા લોકોને શુદ્ધ અને ગુણવત્તાયુક્ત ચીજવસ્તુઓ વાજબી ભાવે મળી રહે તે માટે તંત્ર તાત્કાલિક યોગ્ય કાર્યવાહી કરે તેવી માંગ સાથે આ આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ઉપલેટા આમ આદમી પાર્ટીના પ્રમુખ અમુભાઈ ગજેરા, મંત્રી દિલીપભાઈ પંડ્યા સહિત પાર્ટીના મોટી સંખ્યામાં ભાઈઓ, બહેનો અને યુવા કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

અંકલેશ્વરમાં શાળાઓ ફરી ધમધમી, બાળકોના કિલ્લોલથી વર્ગખંડો ગુંજી ઉઠ્યા



દ્રષ્ટિકોણ-અંકલેશ્વર: દિવાળી વેકેશન પૂર્ણ થતાં ગુરુવારથી અંકલેશ્વરની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં બીજા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થયો હતો. લાંબી રજાઓ બાદ શાળાઓ ફરી શરૂ થતાં સૂના પડેલા વર્ગખંડો વિદ્યાર્થીઓના કિલ્લોલ અને હાસ્યથી ગુંજી ઉઠ્યા હતા. શાળાઓમાં શૈક્ષણિક કાર્ય પણ ફરી ધમધમતું બન્યું હતું.

વેકેશન દરમિયાન રજાની મજા માણ્યા બાદ પ્રથમ દિવસે શાળાએ પહોંચેલા વિદ્યાર્થીઓમાં મિશ્ર પ્રતિભાવો જોવા મળ્યા હતા. નાના ભૂલકાઓમાં શાળાએ જવાનો ગમો-અણગમો જોવા મળ્યો હતો, જ્યારે મોટા વિદ્યાર્થીઓમાં મિત્રો સાથે ફરી મળવાનો અને નવા સત્રનો ઉત્સાહ છલકાતો હતો. શાળાઓમાં વિદ્યાર્થીઓની હાજરી સાથે શિક્ષણ કાર્યનો માહોલ ફરી જીવંત બન્યો હતો. બીજી તરફ, શહેરના માર્ગો પર સ્કૂલ બસો, વાન અને રિક્ષાઓ સાથે વિદ્યાર્થીઓની અવરજવર વધતાં શાળા સમય દરમિયાન ટ્રાફિકની ચહલપહલ પણ પુનઃ જોવા મળી હતી. આમ, દિવાળી વેકેશન બાદ અંકલેશ્વરની શાળાઓમાં ફરી શૈક્ષણિક પ્રવૃત્તિઓનો ધમધમાટ શરૂ થયો હતો.

વીમાના ૭૦ લાખની તકરારમાં મહારાષ્ટ્રના શ્રમિક પરિવારની સામૂહિક હત્યા થઈ હતી

દ્રષ્ટિકોણ-બારડોલી : બારડોલીના સેજવાડ ગામની સીમમાં નહેરમાં ફેંકી મહારાષ્ટ્રના શ્રમિક પરિવારના સભ્યોની સામૂહિક હત્યાના ચકચારી મામલે પોલીસે દયાનંદ ઉર્ફે ખાંડીયાની ધરપકડ કરી છે. પૂછપરછ બાદ આરોપીને કોર્ટમાં રજૂ કરી રિમાન્ડ મેળવવામાં આવ્યા છે. પ્રાથમિક તપાસમાં સમગ્ર હત્યાકાંડ મૃતક કવિતાબાઈના પૂર્વ પતિ સંજય પાટીલના અકસ્માત મોતના વીમાના રૂ. ૭૦ લાખના વિવાદ સાથે જોડાયેલો હોવાનું સામે આવ્યું છે.મહારાષ્ટ્રના મંત્રી ગિરીશ મહાજન અને પોલીસ અધિકારી વચ્ચેની વાતચીત પણ સામે આવી છે. બારડોલી પોલીસે મંત્રીને આપેલી વિગતો મુજબ, સંજય પાટીલના શંકાસ્પદ મોત અને રૂ. ૭૦ લાખના વીમા સંબંધિત નાણાકીય તકરાર અંગે મહારાષ્ટ્રના સ્થાનિક પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો. આ કેસમાં મુખ્ય સૂત્રધારનો ભાઈ છેલ્લા સાતથી આઠ મહિનાથી જેલમાં હોવાનું પણ જાણવા મળ્યું છે. બારડોલી ગ્રામ્ય પોલીસે તપાસમાં જલગાંવ પોલીસની પણ મદદ લીધી હતી.

વીમાની રકમના વિવાદનો અંત ન આવતાં મુખ્ય સૂત્રધાર દયાનંદે બંટી અને આભા સાથે મળી કવિતા પાટીલના પરિવારનું અપહરણ કરી હત્યા કરવાનો પ્લાન ઘડ્યો હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. પરિવારની નજીકનો હોવાથી દયાનંદને પણ આ કાવતરામાં સામેલ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ મહારાષ્ટ્રના પરિવારને સેજવાડ ગામની સીમમાં લાવી તમામ સભ્યોને નહેરમાં ફેંકી દેવામાં આવ્યા હતા.

આ હત્યાકાંડમાં ૪૫ વર્ષીય કવિતા, તેનો બીજો પતિ નીતિન, બે વર્ષનો પુત્ર પ્રથમેશ, ૧૬ વર્ષીય હરીશ પાટીલ, ૧૩ વર્ષીય કરણ પાટીલ અને નવ વર્ષની સ્વીટીનો સમાવેશ થાય છે. અગાઉ પોલીસને કવિતા, નીતિન અને સ્વીટીના મૃતદેહ મળ્યા હતા. હવે બે વર્ષના પ્રથમેશનો મૃતદેહ પણ મળી આવ્યો છે. ૧૩ વર્ષીય કરણનો બચાવ થયો હતો, જ્યારે ૧૬ વર્ષીય હરીશનો મૃતદેહ હજુ સુધી મળ્યો નથી.

પાલમાંથી ૩૮ હજારના મેફેડ્રોન સાથે એક ઝબ્બે, એક વોન્ટેડ

દ્રષ્ટિકોણ-સુરત, તા. ૨૬

ડ્રગ્ઝના દૂષણ અને નશાખોરીને ડામવા માટે શહેર પોલીસ વધુ સતર્ક બની છે. એન્ટી નાર્કોટિક્સ વિંગ દ્વારા પાલમાંથી ૩૮ હજારના મેફેડ્રોન સાથે એક યુવકને ઝડપી પાડવામાં આવ્યો છે, જ્યારે તેના સપ્લાયરને વોન્ટેડ જાહેર કરાયો છે. બીજી તરફ હજીરા પોલીસે પણ ગામમાંથી ૯ હજારના ગાંજા સાથે એક આરોપીને દબોચી સંલગ્ન કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ સુરત શહેર સેક્ટર-૨, એન્ટી નાર્કોટિક્સ વિંગમાં પોલીસ સબ ઈન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવતા કે. આર. સોલંકીએ પાલ પોલીસ મથકે એક ફરિયાદ નોંધાવી છે. જે મુજબ પાલનપુર રોડ સંત તુકારામ સોસાયટી વિભાગ-૨માં રહેતો ધ્રુવ સોનુભાઈ કપુર (ઉ.વ. ૨૨ ધંધો છૂટક મજૂરીકામ)ને ૧૨.૬૬૦ ગ્રામ મેફેડ્રોનના જથ્થા સાથે દબોચી લેવામાં આવ્યો છે. આ મેફેડ્રોન તે અમરોલી કોસાડ આવાસના બાબા નામના સપ્લાયર પાસેથી વેચાણ માટે લાવ્યો હતો. જેથી આ બાબાને પણ વોન્ટેડ કરાયો છે. પાલ પોલીસે રુ. ૩૮ હજારનું મેફેડ્રોન ઉપરાંત મોબાઈલ, પર્સ, રોકડ અને મોપેડ મળી કુલ રુ. ૧,૦૫,૩૮૦ની મત્તા જપ્ત કરવામાં આવી છે. પોલીસે બાબાને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

અન્ય કિસ્સામાં હજીરા પોલીસે હજીરાગામ બાગવાળી શેરીના એક મકાનમાંથી રુ. ૯૦૫૦ની કિંમતના ૦.૧૮૧ કિલોગ્રામ ગાંજા સાથે રવિકિશનકુમાર ચંદનકુમારસિંહ રાજપૂત (ઉ.વ. ૨૧ મૂળ વતન બિહાર)ને ઝડપી પાડ્યો છે. રવિકિશનકુમારે ગાંજાનો આ જથ્થો હાલ હજીરા ગામમાં જ રહેતા બાબુ લૌચા પાસેથી વેચાણ માટે લીધો હતો. આમ પોલીસે રવિકિશનકુમારની ગાંજા સહિત ૧૦ હજારથી વધુના મુદ્દામાલ સાથે ધરપકડ કરી, ગાંજો સપ્લાય કરનારા બાબુને વોન્ટેડ જાહેર કર્યો છે.

વ્યારા બસ સ્ટેશનમાં ૧૦ પ્લેટફોર્મ સહિત મુસાફરો માટે આધુનિક સુવિધાઓ ઊભી કરાશે

તાપી જિલ્લામાં રૂ. ૧૮ કરોડથી વધુના ખર્ચે બે અત્યાધુનિક બસ સ્ટેશન બનશે

વ્યારા અને ઉચ્છલ બસ સ્ટેશનનું મંત્રી નરેશભાઈ પટેલ અને ડૉ. જયરામભાઈ ગામીતના હસ્તે ખાતમુહૂર્ત



દ્રષ્ટિકોણ-વ્યારા, તા. ૨૬

તાપી જિલ્લાના નાગરિકોને વધુ સારી અને આધુનિક પરિવહન સુવિધા પૂરી પાડવાના હેતુથી વ્યારા અને ઉચ્છલ ખાતે રૂ. ૧૮ કરોડથી વધુના ખર્ચે બે અત્યાધુનિક બસ સ્ટેશનનું નિર્માણ કરવામાં આવશે. આ બંને બસ સ્ટેશનનું સંયુક્ત ખાતમુહૂર્ત વ્યારા બસ સ્ટેશન ખાતે આદિજાતિ વિકાસ અને તાપી જિલ્લાના પ્રભારી મંત્રી નરેશભાઈ પટેલ તથા રાજ્યકક્ષાના રમતગમત અને પ્રવાસન મંત્રી ડૉ. જયરામભાઈ ગામીતના હસ્તે શાસ્ત્રોક્ત પૂજા-વિધિ સાથે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મંત્રી નરેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓ, નોકરિયાત વર્ગ અને સામાન્ય નાગરિકોને શ્રેષ્ઠ પરિવહન સુવિધા પૂરી પાડવા સરકાર સંકલ્પબદ્ધ છે. વ્યારા અને ઉચ્છલ ખાતે નિર્માણ પામનારા બંને બસ સ્ટેશન ગુજરાતની શ્રેષ્ઠ ડિઝાઈન ધરાવતા બસ સ્ટેશનો પૈકીના હશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, વ્યારા બસ સ્ટેશન પરથી હાલમાં દરરોજ ૪૦૦થી વધુ બસ ટ્રીપનું સંચાલન થાય છે.

વ્યારા ખાતે ૭,૧૨૪ ચોરસ મીટર જમીન વિસ્તારમાં અંદાજે રૂ. ૮.૬૫ કરોડના ખર્ચે આર.સી.સી. ફ્રેમ સ્ટ્રક્ચર ધરાવતું નવું બસ સ્ટેશન બનાવવામાં આવશે. જેમાં ૧૦ પ્લેટફોર્મ, વિશાળ વેઇટિંગ હોલ, વીઆઈપી રેસ્ટરૂમ, મહિલાઓ માટે અલગ રેસ્ટરૂમ, બેબી ફીડિંગ રૂમ, કેન્ટીન, આર.ઓ. વોટર રૂમ, પાર્સલ રૂમ અને વિવિધ સ્ટોલ સહિતની સુવિધાઓ ઉપલબ્ધ કરાશે. નવા બસ સ્ટેશનમાં દિવ્યાંગ મુસાફરોની સુવિધા માટે ખાસ શૌચાલય, સ્લોપિંગ રેમ્પ, વ્હીલચેર, ટેક્ટાઈલ ટાઈલ્સ, બ્રેઈલ લિપિમાં સાઈનેજીસ અને ગ્રેબ બાર જેવી સુવિધાઓ ઊભી કરાશે.

પ્રથમ માળે ડ્રાઈવર-કંડક્ટર માટે લોકર, શૌચાલય અને અલગ રેસ્ટરૂમ તેમજ લાઈન ચેકિંગ સ્ટાફ માટે પણ જરૂરી સુવિધાઓનું નિર્માણ કરવામાં આવશે. ખાતમુહૂર્ત પ્રસંગે બંને મંત્રીઓએ નવા બસ સ્ટેશનોની બાંધકામ ડિઝાઈન અને આર્કિટેક્ચરલ સ્ટ્રક્ચરનું નિરીક્ષણ કરી તેમાં ઉપલબ્ધ થનારી સુવિધાઓ અંગે માહિતી મેળવી હતી. કાર્યક્રમમાં જિલ્લા સંગઠન પ્રમુખ સુરજભાઈ વસાવા, વિભાગીય નિયામક પંકજભાઈ ગુર્જર, વિભાગીય પરિવહન અધિકારી વિનુભાઈ ચૌધરી, એસ.ટી. નિગમના કર્મચારીઓ, મુસાફરો અને નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

પ્રેસનોટ/ જાહેરાત માટે સંપર્ક કરો
96876 77873
90160 19491

Clasified વર્ગીકૃત જાહેરાત

















સમસ્યા નહીં ઉકેલાય તો ઉગ્ર આંદોલનની લાભાર્થીઓની ચીમકી



AI સાંકેતિક તસવીર

વરાછામાં મીની બજાર સ્વિમિંગ પૂલની હાલત એક જ વર્ષમાં ખખડી, લાભાર્થીઓમાં રોષ

દ્રષ્ટિકોણ-સુરત, તા.૨૬

સુરત શહેરમાં નાગરિકોને સુવિધા પૂરી પાડવાના દાવા કરતી સુરત મહાનગરપાલિકાના સ્વિમિંગ પૂલની જાળવણી સામે ગંભીર સવાલો ઊભા થયા છે. વરાછા મીની બજાર ખાતે મહાનગરપાલિકા સંચાલિત સ્વિમિંગ પૂલની હાલત મરામત કરાવ્યાના માત્ર એક જ વર્ષમાં કથળી જતાં અહીં તરવા આવતા લાભાર્થીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. વારંવાર રજૂઆત કરવા છતાં મનપા તંત્ર દ્વારા સમસ્યાનો કાયમી ઉકેલ લાવવામાં આવતો ન હોવાથી સભ્યોમાં નારાજગી વધી રહી છે.

લાભાર્થીઓના જણાવ્યા અનુસાર, સ્વિમિંગ પૂલમાં પાણીની ગુણવત્તા લાંબા સમયથી ખરાબ છે. શરૂઆતમાં મહાનગરપાલિકાના જવાબદાર તંત્ર દ્વારા મોટરમાં ખામી હોવાનું કારણ આગળ ધરવામાં આવ્યું હતું. ત્યારબાદ મોટર બદલવાની કામગીરી પણ કરવામાં આવી હતી, પરંતુ મોટર બદલ્યા પછી પણ પાણીની સ્થિતિમાં કોઈ ખાસ સુધારો થયો નથી. પાણી ખરાબ રહેતું હોવાથી સ્વિમિંગ પૂલમાં નિયમિત તરવા આવતા સભ્યોના આરોગ્ય સામે જોખમ ઊભું થયું છે.

મોટર બદલ્યા બાદ પણ પાણીની ગુણવત્તા ન સુધારતા ચામડીના રોગ થવાની દહેશતથી સભ્યોમાં ફફડાટ

ખાસ કરીને દૂષિત પાણીના સંપર્કમાં આવવાથી ચામડીના રોગો થવાની દહેશત સભ્યોને સતાવી રહી છે. સ્વિમિંગ પૂલ જેવી જાહેર સુવિધામાં પાણીની સ્વચ્છતા અને ગુણવત્તા જાળવવાની જવાબદારી મહાનગરપાલિકાની હોવા છતાં આટલી ગંભીર સમસ્યા યથાવત્ રહેતાં તંત્રની કામગીરી સામે સવાલો ઊઠી રહ્યા છે. લાભાર્થીઓની માંગ છે કે મનપા તંત્ર તાત્કાલિક સ્વિમિંગ પૂલના પાણીની ગુણવત્તાની તપાસ કરાવે, જરૂરી ટ્રીટમેન્ટ કરે અને નિયમિત જાળવણીની વ્યવસ્થા સુનિશ્ચિત કરે. જો આગામી સમયમાં સમસ્યાનો ઉકેલ નહીં આવે તો લાભાર્થીઓએ ઉગ્ર આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી છે.

લાંબી રજાઓ બાદ શાળાઓ ફરી બાળકોના કલરવથી ગુંજી ઉઠી



દ્રષ્ટિકોણ-સુરત, લાંબી રજાઓ પૂર્ણ થતાં શૈક્ષણિક સત્ર ૨૦૨૬-૨૭ના બીજા સત્રનો આજથી પ્રારંભ થયો છે. રજાઓ બાદ શાળાઓ ફરી શરૂ થતાં વિદ્યાર્થીઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. લાંબા સમય બાદ શાળાએ પહોંચેલા બાળકોએ પોતાના મિત્રો સાથે મુલાકાત કરી આનંદ વ્યક્ત કર્યો હતો.શાળાઓમાં બાળકોની કિલકારીઓ અને હાસ્યથી વર્ગખંડો તથા શાળાનાં પ્રાંગણ ફરી ગુંજી ઊઠ્યાં હતાં. શિક્ષકો અને વિદ્યાર્થીઓમાં નવા સત્રને લઈને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. લાંબી રજાઓ બાદ શાળાઓમાં ફરી ચહલપહલ શરૂ થતાં શિક્ષણનું વાતાવરણ જીવંત બન્યું હતું.

૨૦ વર્ષમાં મનપાને રૂ.૭૫ લાખની આવક થવાની શક્યતા

રાંદેર એક્વેરિયમનું PPP મોડલથી આધુનિકીકરણ કરાશે

દ્રષ્ટિકોણ-સુરત, તા.૨૬

સુરતના રાંદેર વિસ્તારમાં આવેલા જગદીશચંદ્ર બોઝ એક્વેરિયમને નવાં રંગરૂપમાં તૈયાર કરવા માટે સુરત મહાનગરપાલિકા દ્વારા કવાયત હાથ ધરવામાં આવી છે. એક્વેરિયમના રીનોવેશન, આધુનિકીકરણ, સંચાલન અને મરામતની કામગીરી હવે પબ્લિક-પ્રાઈવેટ પાર્ટનરશિપ (PPP) મોડલ હેઠળ સોંપવાની દરખાસ્ત મ્યુનિસિપલ કમિશનર દ્વારા સ્થાયી સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવી છે. બીજા પ્રયાસે મળેલા બે ટેન્ડરમાંથી માત્ર એક જ ટેકનિકલી યોગ્ય ઠરતાં ઓનિરોસ હોસ્પિટાલિટીની ઓફર પસંદ કરવામાં આવી છે.

૧૫ વર્ષ માટે ઓનિરોસ હોસ્પિટાલિટીની એકમાત્ર ટેકનિકલી યોગ્ય ઓફર, મનપા કમિશનરે સ્થાયી સમિતિ સમક્ષ મૂકી દરખાસ્ત

મહાનગરપાલિકાએ પ્રથમ વખત ટેન્ડર પ્રક્રિયા હાથ ધરી ત્યારે માત્ર એક જ ટેન્ડર મળ્યું હતું, જેના કારણે પ્રક્રિયા રદ કરવામાં આવી હતી. ત્યારબાદ બીજા પ્રયાસે બે ટેન્ડર મળ્યાં હતાં. જોકે, ક્વોલિફિકેશન અને ટેકનિકલ ચકાસણીમાં માત્ર ઓનિરોસ હોસ્પિટાલિટી જ યોગ્ય ઠરી હતી. એજન્સીએ ૧૫ વર્ષના કોન્સેશન માટે કુલ રૂ.૫૨ લાખ વત્તા લાગુ ટેક્સ ચૂકવવાની ઓફર આપી છે. ઓફર મુજબ પ્રથમ વર્ષે રૂ.૨.૬૧ લાખ, બીજા વર્ષથી પાંચમા વર્ષ સુધી વાર્ષિક રૂ.૩.૦૧ લાખ, છઠ્ઠાથી દસમા વર્ષ સુધી રૂ.૩.૪૭ લાખ અને ૧૧થી ૧૫મા વર્ષ સુધી વાર્ષિક રૂ.૪ લાખ ચૂકવવાના રહેશે.

આ ઉપરાંત વધુ પાંચ વર્ષનો સમયગાળો લંબાવવામાં આવે તો વાર્ષિક રૂ.૪.૬૦ લાખ લેખે વધારાના રૂ.૨૩ લાખ મળી કુલ ૨૦ વર્ષમાં મનપાને રૂ.૭૫ લાખની આવક થશે. કરાર મુજબ હુકમ મળ્યાના ૧૨ મહિનામાં રીનોવેશન પૂર્ણ કરવાનું રહેશે. જો કામગીરી સમયસર પૂર્ણ નહીં થાય તો ૧૩મા મહિનાથી પ્રીમિયમ ચૂકવવાનું રહેશે. હવે સ્થાયી સમિતિની મંજૂરી બાદ એક્વેરિયમના આધુનિકીકરણનો માર્ગ મોકળો થશે.

પગમાં સાતથી વધુ બચકાં ભરતાં નવી સિવિલ હોસ્પિટલ ખસેડાયા

રખડતા શ્વાનનો આતંક યથાવત્, હવે મનપાના સફાઈ કર્મચારી પર હુમલો

દ્રષ્ટિકોણ-સુરત : સુરત શહેરમાં રખડતા શ્વાનનો આતંક યથાવત્ રહેતા હવે મહાનગરપાલિકાના કર્મચારીઓ પણ તેનો ભોગ બની રહ્યા છે. પાંડેસરા વિસ્તારમાં આવેલા તિરુપતિ નગરમાં સફાઈ કામગીરી કરી રહેલા મનપાના વર્ગ-૪ના કર્મચારી પર રખડતા શ્વાને અચાનક હિંસક હુમલો કર્યો હતો. ૨૮ વર્ષીય કર્મચારી ધીરજ બોરસેના પગના ભાગે શ્વાને સાતથી વધુ ગંભીર બચકાં ભરતાં તેઓ લોહીલુહાણ થઈ



પાંડેસરાના તિરુપતિ નગરમાં સફાઈ કામગીરી દરમિયાન ૨૮ વર્ષીય ધીરજ બોરસે પર શ્વાનનો હિંસક હુમલો

ગયા હતા. ઈજાગ્રસ્ત કર્મચારીને તાત્કાલિક સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

પ્રાપ્ત વિગતો મુજબ, પાંડેસરાના તિરુપતિ નગર વિસ્તારમાં ધીરજ બોરસે સફાઈ કામગીરી કરી રહ્યા હતા. આ દરમિયાન રખડતા શ્વાને તેમના પર હુમલો કરી પગના ભાગે વારંવાર બચકાં ભર્યા હતા. અચાનક થયેલા હુમલાને કારણે કર્મચારીને ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઘટનાને પગલે આસપાસના વિસ્તારમાં પણ ભયનો માહોલ સર્જાયો હતો. સુરતના પાંડેસરા, ઉધના, સચિન અને લિંબાયત સહિતના વિસ્તારોમાં રખડતા શ્વાનનો ત્રાસ વધતો હોવાની ફરિયાદો સામે આવી રહી છે. રસ્તા પર અવરજવર કરતા રાહદારીઓ, બાળકો અને વાહનચાલકોમાં શ્વાનના હુમલાનો ભય જોવા મળી રહ્યો છે. હવે મનપાના સફાઈ કર્મચારી પર જ હુમલો થતાં રખડતા શ્વાનની સમસ્યા ફરી ચર્ચામાં આવી છે.

એક તરફ મહાનગરપાલિકા દ્વારા રખડતા શ્વાનના ખસીકરણ અને રસીકરણ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવતો હોવાના દાવા છે, ત્યારે બીજી તરફ હુમલાની ઘટનાઓ સામે આવતાં આ કામગીરીની અસરકારકતા અને પરિણામો અંગે સવાલો ઊભા થઈ રહ્યા છે. શહેરમાં રખડતા શ્વાનની સંખ્યા નિયંત્રણમાં લેવા અને નાગરિકો સહિત ફિલ્ડમાં કામ કરતા મનપાના કર્મચારીઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા તંત્ર દ્વારા કેવાં પગલાં લેવામાં આવશે તે જોવું રહ્યું.

પ્રેસનોટ/જાહેરાત માટે સંપર્ક કરો

96876 77873 /90160 19491







This Newspaper Drashtikone Janvani is published by Denishkumar Kishorbhai Patel Published at - C-6, Second floor, Ganesh colony, Baroda Prestige, Varachha Main Road, Surat - 395006 (Gujarat) on behalf of Patel Ketankumar Hasmukhlal and printed by Radheshyam Raghuvir Yadav at Yash Trading, Plot No. A-1/47, Bhagvati Ind. Estate, Bhestan, Surat, Gujarat-394210. Editor - Gajera Divya.